પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૪-૧૦-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૫૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# વિશ્વની સૌથી મોટી અરામકો કંપની પર હુથીઓનો હુમલો

## અરામકો કંપનીના વહિવટી સંકુલમાં મિસાઈલ ઝીકાયા બાદ આગ : સાઉદી દ્વારા યમનમાં હુથી ઠેકાણા પર ભીષણ હવાઈ હુમલા

**દુબઈ,તા.૧૪**

મધ્યપુર્વમાં અમેરિકા-ઈરાન વચ્ચેનુ યુદ્ધ હવે યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ તથા સાઉદી અરેબીયા વચ્ચે ફોકસ થઈ ગયુ હોય તેમ આજે વધુ એક જબરદસ્ત પ્રહાર થયો હતો.

હુથી વિદ્રોહીઓએ વધુ એક વખત વિશ્વની સૌથી મોટી તેલકંપની અરામકોને નિશાન બનાવી હતી. મિસાઈલ ઝીકતા સંકુલમાં આગ ફાટી નિકળી હતી. બીજી તરફ સાઉદી ગઠબંધન દ્વારા યમનના પાટનગર સતામાં હુથી વિદ્રોહીઓ પર હવાઈ હુમલા કર્યા હતા. ત્યારબાદ રિયાધ અને પુર્વીય પ્રાંતમાં મિસાઈલ એલર્ટ જારી થયા હતા. નવા ઘટનાક્રમથી મધ્યપુર્વનુ સંકટ વધુ ગંભીર બનવાના ભણકારા છે.

સાઉદી અરેબિયા અને યમનના ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓ વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ખતરનાક તબક્કામાં પહોંચી ગયો છે. મોડી રાત્રે સાઉદી અરેબિયાના પૂર્વીય શહેર ધહરાન માં આવેલી વિશ્વની સૌથી મોટી ઓઈલ કંપની 'સાઉદી અરામકો' ના વહીવટી સંકુલ ને બેલિસ્ટિક મિસાઈલથી નિશાન બનાવવામાં આવ્યું હતું.

સાઉદી સરકારી સમાચાર એજન્સી અને ઊર્જા મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મિસાઈલ હુમલા બાદ અરામકોના મુખ્ય ભવનમાં આગ ફાટી નીકળી હતી. આ હુમલામાં કંપનીની ઓફિસ બિલ્ડિંગના ઉપરના ત્રણ માળ ક્ષતિગ્રસ્ત થયા છે. જોકે, આ હુમલામાં



કોઈ જાનહાનિ થઈ નથી.

અરામકોનું આ સંકુલ કંપનીના મુખ્ય ઓપરેશનલ હબ તરીકે કામ કરે છે. અરામકોના ઓઈલ કૂવા, પાઈપલાઈન, રિફાઈનરીઓ અને એક્સપોર્ટ ટર્મિનલ્સ સાઉદી અરેબિયાની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર છે, જેના પર થયેલો આ હુમલો અત્યંત ગંભીર માનવામાં આવી રહ્યો છે.

અનુસંધાન પાના ૭ પર

# લખનઉમાં ૧૫ દિવસથી પાંચ લાખ લોકો પુરગ્રસ્ત

**લખનઉ,તા.૧૪**

લખનઉમાં ૧૫ દિવસથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ૫ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. સૌથી વધુ મુશ્કેલી ફૈઝુલ્લાગંજમાં છે. અહીં ૫૦થી ૬૦ હજારથી વધુ ઘરો અડધાથી વધુ પાણીમાં ડૂબેલા છે. કેટલાક વિસ્તારોમાં પાણીનું સ્તર ઘટ્યું છે, પરંતુ લોકોની મુશ્કેલીઓ ઓછી થઈ નથી. રસ્તાઓ પર નાવો ચાલી રહી છે.

રાજસ્થાનમાં આજે એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે, જેના પ્રભાવથી ૧૬ ઓક્ટોબર સુધી રાજ્યના ઉત્તર-પૂર્વી જિલ્લાઓમાં આંધી-વરસાદ સાથે ક્યાંક-ક્યાંક કરા પડી શકે છે. હવામાન વિભાગે ૧૪ ઓક્ટોબરે ૫ જિલ્લાઓ માટે યલો અલર્ટ જાહેર કર્યું છે.

વળી, હવામાન વિભાગે હિમાચલના મેદાની વિસ્તારોમાં વરસાદ, જ્યારે લાહૌલ-સ્પીતિ, કિન્નૌર અને ચંબાની ઊંચી શિખરો પર બરફવર્ષા થવાની આગાહી કરી છે.

ઉત્તરાખંડના ૯ જિલ્લાઓમાં આજે વરસાદની શક્યતા છે. તેમાં દેહરાદૂન, ઉત્તરકાશી, ચમોલી, રુદ્રપ્રયાગ, બાગેશ્વર, નૈનીતાલ અને પિથોરાગઢનો સમાવેશ થાય છે. ૩,૫૦૦ મીટર અથવા તેનાથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા થઈ શકે છે. હિમાચલ પ્રદેશમાં આગામી ચાર દિવસ હવામાન ખરાબ રહેશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે રાજ્યના ઊંચા પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા, જ્યારે મેદાની અને મધ્યમ ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

## હિમાચલના પહાડી વિસ્તારોમાં બરફનો વરસાદ

# ૭ વર્ષમાં કાર લોનના દરમાં ૪૯ ટકાનો વધારો થયો

## ભારતમાં છેલ્લા છ મહિનામાં વાહન લોનમાં ધરખમ વધારો

**નવી દિલ્હી,તા.૧૪**

ભારતમાં છેલ્લાં સાત વર્ષમાં કાર લોનની સરેરાશ રકમ ૪૯ ટકા વધી છે, અને સાથે જ લોન લેનારા લોકો તેને ચૂકવવામાં વધુ સમય પણ લઈ રહ્યાં છે. ટ્રાન્સયુનિયન સિબિલના મંગળવારે જાહેર થયેલાં એક અહેવાલ મુજબ, ૨૦૧૯ના સમાન સમયગાળાની સરખામણીમાં ૨૦૨૬ના પ્રથમ છ માસમાં પેસેન્જર વાહનોની લોનની સરેરાશ રકમ ૪૯ ટકા વધીને ૮.૨ લાખ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે લોન ચૂકવવાની સરેરાશ મુદત પાંચ મહિના વધીને ૬૨ મહિના થઈ ગઈ છે.

૧૩ ઓક્ટોબરે જારી કરાયેલાં 'શિફ્ટિંગ ગિયર્સ ૨૦૨૬ - ક્રેડિટ ડ્રાઈવ્સ ટુડેઝ મોબિલિટી' અહેવાલ અનુસાર, ૨૦૧૯ના પ્રથમ છ મહિના અને ૨૦૨૬ના પ્રથમ છ મહિના વચ્ચે ભારતમાં વાહન લોનમાં મોટા ફેરફારો આવ્યાં છે.

આમાં વધુ રકમની કાર લોન, લોન ચૂકવવાની લાંબી મુદત અને લોન લેવાની બદલાતી પદ્ધતિઓ સામેલ છે. હવે ટુ-વ્હીલર લોન મુખ્યત્વે એવા લોકો નથી લઈ રહ્યાં જેઓ પ્રથમવાર ઔપચારિક લોન પ્રણાલી (ફોર્મલ ક્રેડિટ સિસ્ટમ)માં જોડાઈ રહ્યાં છે. ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં, ટુ-વ્હીલર લોન લેનારાઓમાં પ્રથમવાર લોન

અનુસંધાન પાના ૭ પર

# પ્રથમ વખત કોકરોચ જનતા પાર્ટીના બે નેતાઓની ન્યાયીક કસ્ટડી મંજૂર

## સૌરવ દાસ, આશુતોષ રાંકાને જંતર મંતરમાં દેખાવો બદલ જેલ

**નવી દિલ્હી,તા.૧૪**

દિલ્હીમાં ચુંટણીપંચ સામેના આંદોલનમાં વિપક્ષની સાથે કોકરોચ જનતા પાર્ટીના આંદોલનમાં સરકારે હવે કોકરોચ સામેની કાર્યવાહી વધુ આકરી કરતા આ સંગઠનના અગાઉ અટકાયત કરાવવા પ્રવકતા આસુતોષ રાંકા તથા સહ સંયોજક સૌરવ દાસની વિધિવત ધરપકડ થયા બાદ તેઓને પાંચ દિવસની ન્યાયીક કસ્ટડીમાં મોકલી અપાયા છે.

તેઓએ છેલ્લા બે દિવસમાં કોકરોચના અન્ય કાર્યકર્તાઓની સાથે જંતર મંતર પર દેખાવોની કોશીશ કરી હતી તથા તિરંગો લહેરાવ્યો હતો. બાદમાં તેઓની ધરપકડ થઈ હતી. કોકરોચ આંદોલનમાં આ પ્રકારે બે વરિષ્ઠ નેતાઓને જેલમાં મોકલાયા હોવાની પ્રથમ ઘટના છે.

આ તમામ સામે પ્રિવેન્ટીવ એકશન હેઠળ પગલા લેવાયા છે. જેમાં સરકારી કામમાં વિલન અને પ્રતિબંધીત ક્ષેત્રમાં બળજબરીથી ઘુસણખોરી વિ. આરોપ લગાવાયા હતા. તેમને મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરાયા તે પછી પાંચ દિવસની જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી અપાયા છે.



આમ હવે સરકાર આંદોલનકારીઓ પર તુટી પડવા માંગે છે તે નિશ્ચિત છે અને ખાસ કરીને કોકરોચ જનતા પાર્ટીના આંદોલનને આગળ વધવા દેશે નહી. અગાઉ પણ કોકરોચ નેતાઓની અટકાયત થઈ હતી પણ તેઓને થોડા જ સમયમાં મુક્ત પણ કરી દેવાયા હતા.

# બ્રિટનમાં હિન્દુઓ સામેના 'હેટ ક્રાઈમ'માં ૧૫ ટકાનો વધારો

## હિન્દુ ઉપરાંત અન્ય ધર્મના લોકો પણ નફરતનો શિકાર બન્યા

**લંડન તા.૧૪**

બ્રિટનમાં રહેતા હિન્દુ સમુદાય વિરુદ્ધના હેટ ક્રાઈમમાં રેકોર્ડ વધારો નોંધાયો છે. બ્રિટિશ સરકારના ગૃહ વિભાગ દ્વારારી તાજેતરના આંકડા મુજબ, ઇંગ્લેન્ડ અને વેલ્સમાં હિન્દુઓને નિશાન બનાવીને કરવામાં આવતા ધાર્મિક હેટ ક્રાઈમના કેસોમાં છેલ્લા એક વર્ષમાં ૧૫% નો ઉછાળો આવ્યો છે.

માર્ચ ૨૦૨૫ થી આ વર્ષના માર્ચ મહિના વચ્ચે પોલીસે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં કુલ ૧,૪૬,૮૨૫ હેટ ક્રાઈમ નોંધ્યા છે. રિપોર્ટ અનુસાર, અહીં માત્ર હિન્દુઓ જ નહીં, પરંતુ ખ્રિસ્તી (૨૪%), મુસ્લિમ (૧૫%), યહૂદી (૧૦%) અને શિખ (૩%) સમુદાયો પણ સતત નફરતી હુમલાનો શિકાર બની રહ્યા છે.

હિન્દુ કાઉન્સિલ યુકેના મેનેજિંગ ડિરેક્ટર અનિલ ભનોતના જણાવ્યા અનુસાર, હિન્દુઓના કિસ્સામાં વાસ્તવિક સ્થિતિ તદ્દન અલગ છે અને તેઓ ગંભીર શારીરિક હુમલાઓમાં વધારાનો સામનો કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, આ સરકારી આંકડા વાસ્તવિક ચિત્ર રજૂ કરતા નથી, કારણ કે જો અપરાધ શારીરિક હુમલો ન હોય, તો ઘણા હિન્દુઓ હજુ પણ

અનુસંધાન પાના ૭ પર

# દિવાળી પહેલા કેન્દ્રીય મંત્રી મંડળમાં મોટા ફેરફારો કરાશે

## દિલ્હી અને દેશમાં આંદોલનની હવાનો માહોલ બદલવા અનેક નિર્ણયો કરાશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

મોદી સરકારમાં ફેરફાર અંગે લાંબા સમયથી ચાલી રહેલી અટકળો વચ્ચે ગઈકાલે માહિતી પ્રસારણ તથા સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રી એલ.પુરૂગને મોદી મંત્રીમંડળ તથા રાજયસભામાંથી જ રાજીનામુ આપીને ફરી એક વખત કેબીનેટ વિસ્તરણની ચર્ચાને વેગ આપ્યુ છે.

અગાઉ અનેક મંત્રીઓએ કેબીનેટ છોડી છે તથા અનેક મંત્રીઓને ભાજપે સંગઠન જવાબદારી સોંપી છે. તેઓ હાલ હજું કેબીનેટમાં છે જેઓને પણ હવે આ જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવશે તે ચર્ચા પુરૂગને જે રીતે પોતાના રાજીનામા પત્રમાં હવે તેઓ રાજયમાં જવાબદારી સંભાળવા જઈ રહ્યા હોવાનો સંકેત આપ્યો અને તેની સાથે રાજયસભા પણ છોડી તે સૂચક છે તેમની રાજયસભાની ટર્મ તો છેક ૨૦૩૦માં પુરી થનાર છે. મહત્વનું એ છે કે તેઓ મધ્યપ્રદેશમાંથી ચુંટાયેલા છે.

આથી મધ્યપ્રદેશમાં રાજયસભાની બેઠક ખાલી થશે. આમ ભાજપ મોવડીમંડળ મધ્યપ્રદેશમાંથી કોઈને દિલ્હી લઈ આવવા માંગે છે તેવા સંકેત છે. તામિલનાડુમાં હાલ ચુંટણી પણ નથી તે સમયે પુરૂગનની રાજયમાં વાપસી એ કેટલી મહત્વની છે તે પણ પ્રશ્ન છે અને તેથી આ બેઠક ખાલી કરાવવામાં આવી હોય તેવું માની શકાય છે. જો કે પુરૂગન કોલેજ કાળથી વિદ્યાર્થી પરિષદ- સંઘ-ભાજપ સફર કરી છે.

તામિલનાડુમાં ભાજપને ૨૦૨૦ માટે પણ કોઈ મજબત ચહેરાની તલાશ છે. હાલના પ્રદેશ પ્રમુખ વિ. અન્નાડીએમકે સાથે જોડાયેલા હતા. આમ પક્ષ સંઘ-સંસ્કારના પહેરાને રાજયમાં મુકવા માંગતા હોવાનું માની શકાય છે અને

અનુસંધાન પાના ૭ પર

# એર ઈન્ડિયાની ફ્લાઈટનું જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ

## અમદાવાદ એરપોર્ટને હાઈજેક એલર્ટના સિગ્નલ મળતા વિમાન જયપુર ડાયવર્ટ

**નવી દિલ્હી,તા.૧૪**

ફ્રેન્કફર્ટથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-૨૦૩૦નું બુધવારે સવારે જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. માહિતી મુજબ, પાઈલટે અમદાવાદ એર ટ્રાફિક કંટ્રોલ (ATC)ને હાઈજેકનો સિગ્નલ મોકલ્યો હતો.

આ માહિતી જયપુર ATC સાથે શેર કરવામાં આવી હતી. આશરે ૪૫ મિનિટ બાદ વિમાનને જયપુરમાં ઉતારવામાં આવ્યું. લેન્ડિંગ બાદ સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ તપાસ માટે વિમાનની અંદર પહોંચ્યા. હાલમાં તપાસના પરિણામોની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ફ્લાઈટરડાર૨૪ મુજબ, વિમાને ૧૩ ઑક્ટોબરની રાત્રે ૯:૪૫ વાગ્યે ફ્રેન્કફર્ટથી ઉડાન ભરી હતી. તેને ૧૪ ઑક્ટોબરની સવારે ૧૦:૪૦ વાગ્યે દિલ્હી પહોંચવાનું હતું, પરંતુ તેને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું.૩૦ સપ્ટેમ્બરે ઈઝરાયલ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાંથી પણ હાઈજેક સિગ્નલ કોડ ૭૫૦૦ મોકલવામાં આવ્યો હતો. આ વિમાનને પાઈલટે હાઈજેક કરીને ક્રેશ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય કો-પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરે આવું થતું અટકાવ્યું હતું.

# મુંબઈની ઈમારતમાં આગમાં બે મહિલાનાં મોત

**મુંબઈ,તા.૧૪**

વસઈ-વિરાર વિસ્તારમાં ઈમ્પિરિયલ ટાવરની હાઈરાઈઝ બિલ્ડીગમાં ૮ થી ૧૦મા માળમાં મંગળવારે રાત્રે ભયાનક આગ ભભૂકી ઉઠી હતી. શોર્ટ સરકીટથી આગ લાગ્યાની આશંકા છે. આગના આ બનાવમાં બે મહિલાના મોત થયા છે. જયારે ૧૫ લોકોને સુરક્ષિત બચાવાયા હતા.આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આ આગની ઘટના લિંક રોડ પર આવેલી ઈમારતમાં બની હતી. વસઈ-વિરાર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર પૃથ્વીરાજ બી.પી.એ જણાવ્યુ હતુ કે ઘટનાની માહિતી રાત્રે લગભગ ૧૧-૩૦ વાગ્યે મળી હતી.ત્યારબાદ ફાયરબ્રિગેડ, પોલીસ અને પ્રશાસનિક ટીમે બચાવકાર્ય શરૂ થયુ હતુ. આગના આ બનાવમાં ૧૫ લોકોને સુરક્ષિત બચાવાયા હતા, જયારે અન્ય ખુદ જ નીચે ઉતરી ગયા હતા.આગ એટલી તો તેજ હતી કે અનેક લોકો જીવ બચાવવા માટે ઈમારતના બહારના ભાગ પર લટકી ગયા હતા. તેમનો ક્રેનની મદદથી બચાવ થયો હતો.

# યુરોપના અનેક દેશોમાં આંદોલનની લહેર

## જેન-ઝીના આંદોલનથી ફ્રાન્સ, બેલ્જીયમ, આયર્લેન્ડ, સ્પેન જેવા દેશોમાં સરકારો ભીસમાં

**નવી દિલ્હી તા.૧૪**

ભારતમાં નીટ પેપરલીક પછી એક પછી એક મુદાઓ પરના આંદોલનથી સરકાર ભીસમાં છે ત્યારે વિશ્વસ્તરે ખાસ કરીને યુરોપીયન દેશોમાં આંદોલનની નવી લહેર શરૂ થઈ છે.

ફ્રાન્સ, બેલ્જીયમ, સ્પેન, આયર્લેન્ડ સહિતના અનેક દેશો 'જેન-ઝી'ના આંદોલનની લહેરનો સામનો કરી રહ્યા છે. મોંઘા-નબળા શિક્ષણ સહિતના મુદાઓ પર આ આંદોલનો છે તેમાં ફ્રાન્સ જેવા દેશોમાં તો સતાપલ્ટો થવાના પણ એંધાણ છે.

ફ્રાન્સથી લઈને બેલ્જિયમ, આયર્લેન્ડથી સ્પેન સુધી - યુરોપના યુવાનો પોતાની હતાશા વ્યક્ત કરવા સતત રસ્તા પર આવી રહ્યા છે. ફ્રાન્સમાં, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વર્ગખંડોમાં અતિશય ભીડ, શિક્ષકોની અછત અને નિષ્ફળ શિક્ષણ પ્રણાલી સામે વિરોધ નોંધાવતા સેંકડો શાળાઓના દરવાજા બંધ કરી દીધા છે.

બેલ્જિયમમાં, વિદ્યાર્થીઓ શિક્ષણ સુધારાઓ અને બજેટ કાપનો વિરોધ કરી રહ્યા છે, જ્યારે આયર્લેન્ડમાં હજારો યુવાનોએ કોલેજ, પરિવહન અને રવાના વધતા ખર્ચ સામે કૂચ કાઢી હતી.

સ્પેનની સ્થિતિ અલગ છે. ત્યાંનું આવાસ માટે આંદોલન વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરાયેલું નથી, પરંતુ યુવાનો જ આ કટોકટીનો સૌથી વધુ ભોગ બની રહ્યા છે, જે સ્વતંત્ર રીતે પુખ્ત જીવન જીવવું દિવસેને દિવસે મુશ્કેલ બનાવી રહ્યું છે. આ તમામ અલગ-અલગ આંદોલનો છે, છતાં તે મળીને એક એવી પેઢીગત ચિંતાને ઉજાગર કરે છે જે કોઈ એક નીતિ કે નિયમ કરતાં પણ વધુ ઊંડી છે.

ગુસ્સા પાછળનું મુખ્ય કારણ શું છે તેનું સૌથી સ્પષ્ટ ચિત્ર ફ્રાન્સ આપે છે. સપ્ટેમ્બર મહિનામાં ખાસ કરીને વંચિત વિસ્તારોમાં શિક્ષકોની અછત અને શાળાઓની નબળી સ્થિતિને કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા.

લગભગ ૫૯૦ જેટલી હાઈસ્કૂલો આનાથી પ્રભાવિત થઈ હતી. વિદ્યાર્થીઓ વર્ગખંડોમાં અતિશય ભીડ, જર્જરીત ઈમારતો, શિક્ષકોની ગેરહાજરી અને થકવી નાખતી શાળાકીય દિનચર્યાથી નારાજ છે.

બેલ્જીયમમાં વિરોધ પ્રદર્શનોનો પાયો પણ આવો જ છે,

અનુસંધાન પાના ૭ પર


## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ વંદન



**સ્વ.કાન્તાબેન બાબુભાઈ રાયકા**

**સ્વ.તા. ૧૪.૧૦.૨૦૨૨**

જીંદગી મળવી એ નસીબ છે, મૃત્યુએ જીવનનું સત્ય છે,
મૃત્યુ પછી સૌના જીવનમાં જીવતા રહેવું એ જીંદગીમાં કરેલા કર્મનું પરિણામ છે,
મરણ કરતાં સ્મરણ બળવાન છે, અમારા માટે આપનું સ્મરણ એક વરદાન છે,
આપના આર્શીવાદ અમારા પર સદાયે વરસતા રહે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

લિ.

બાબુભાઈ કરસનભાઈ રાયકા (એડવોકેટ એન્ડ નોટરી)
(પૂર્વ પ્રમુખ, સુરત શહેર કોંગ્રેસ, પૂર્વ તેના વિપક્ષ સુરત મનપા)
ઋષિન બાબુભાઈ રાયકા (પુત્ર-એડવોકેટ) અદિતિ ઋષિન રાયકા (પુત્રવધુ-એડવોકટ)
અમિષા શૈલેષકુમાર દેસાઈ (પુત્રી) શૈલેષ અમરતભાઈ દેસાઈ (જમાઈ)
તેજલ અતિનકુમાર દેસાઈ (પુત્રી) અતિન બાબુભાઈ દેસાઈ (જમાઈ)
શાઈના, ફીઓના, ફામ્યા, અબિર, સમાઈરા

# નોંધણી પ્રભાગના કર્મચારીઓ દ્વારા હવે આંદોલનની ચીમકી

**ત્રણ વર્ષથી પ્રશ્નો પડતર હોવાનો આક્ષેપ; મુખ્યમંત્રીશ્રીના હસ્તક્ષેપની માગ**



સુરત, તા.૧૪

ગુજરાત રાજયના મહેસૂલ વિભાગ હેઠળના નોંધણી પ્રભાગના કર્મચારીઓના લાંબા સમયથી પડતર સેવા વિષયક અને વહીવટી પ્રશ્નોનો ઉકેલ નહી આવતાં કર્મચારી મંડળે નારાજગી વ્યક્ત કરી છે. મહેસૂલ વિભાગ અને નોંધણી સર નિરીક્ષકની વડી કચેરી સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર નિરાકરણ નહી આવતાં હવે મંડળે મુખ્યમંત્રીશ્રીના સીધા હસ્તક્ષેપની માગ કરી છે.

મંડળના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ વર્ષથી વધુ સમયથી પડતર પ્રશ્નો અંગે રજૂઆતો કરવામાં આવી છે. અધિકારીઓ સાથે રૂબરૂ બેઠક માટે સમય માગવા છતાં યોગ્ય પ્રતિસાદ મળ્યો ન હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં ઓડિટ ફકરાની નોટિસો અને ચાર્જશીટ બંધ કરવી, ટાઇટલ સંબંધિત પરિપત્રો રદ કરવા, ગરવી ૨.૦ પોર્ટલમાં સુધારા, સબ રજિસ્ટ્રાર ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ની કેડર મર્જ કરવી, વિનંતી બદલીની અરજીઓનો નિકાલ, બિનજરૂરી રજિસ્ટરો રદ કરવા તથા કાયદાકીય પ્રશ્નોમાં સ્પષ્ટ માર્ગદર્શન આપવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આધારકાર્ડ સંબંધિત પરિપત્ર, ટોકન સ્લોટ, વળતર રજા અને જીહ્વ રિટર્નનાં ખર્ચનાં બિલો સહિતના મુદ્દાઓનો ઉકેલ લાવવાની માગ કરાઈ છે. મંડળે જણાવ્યું છે કે આ પ્રશ્નો કર્મચારીઓ ઉપરાંત દસ્તાવેજ નોંધણી માટે આવતા નાગરિકો, ખેડૂતો, બિલ્ડરો અને વકીલોને પણ અસર કરે છે. વારંવારની રજૂઆતો છતાં ઉકેલ નહીં આવતાં કર્મચારીઓમાં અસંતોષ વધ્યો છે. મંડળે સરકારને પડતર માંગણીઓનો તાત્કાલિક અને સમયબદ્ધ નિકાલ કરવાની માગ સાથે ચીમકી આપી છે કે હકારાત્મક નિર્ણય નહી લેવાય તો આગામી સમયમાં આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કરવામાં આવશે.

# જીવન ભારતી કિશોરભવન પ્રાથમિક વિભાગ શિક્ષકોને પ્રકૃતિમિત્ર એવોર્ડ

સુરત, તા.૧૪

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણા અને આશીર્વાદથી તેમજ આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ તાઃ ૧૧/૧૦/'૨૬ રવિવારના રોજ શ્રી ક્રિશનચંદ ટેકચંદ પરિવાર - ખેડબ્રહ્મા અને રિહેન એજ્યુ. મહેતા વિદ્યાલય, તેમજ પ્રકૃતિ મિત્ર ગ્રુપ ગુજરાત આયોજિત પ્રકૃતિમિત્ર એવોર્ડ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં જીવનભારતી કિશોરભવન શ્રેણી ૧ થી ૮ માં શિક્ષિકાશ્રી પ્રકૃતિબેન પારેખ અને શ્રી ડિમ્પલબેન પ્રજાપતિને રાજાભાઈ ચાવલા (કે.ટી. પરિવાર) ના હસ્તે પ્રકૃતિમિત્ર એવોર્ડ, સચ્ચે સાધક કે લિયે અંતરંગ વાર્તા નું પુસ્તક, દોહર આપી સન્માનિત કરવામાં આવ્યા. જે બદલ શાળાના આચાર્યશ્રી ભામિનીબેન રાવલ, આચાર્યશ્રી ડૉ. પરેશભાઈ પરમાર, નિરીક્ષકશ્રી રાજેશભાઈ પારેખ તથા સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



# પૂર્ણેશભાઈ મોદીએ બિહાર વિકાસ પરિષદ દુર્ગા પૂજામાં દર્શન કર્યા

**દુર્ગા પૂજા મહોત્સવમાં ઉમટતી જનમેદની**



સુરત, તા.૧૪

સુરત. બિહાર વિકાસ પરિષદ, સુરત દ્વારા આયોજિત મા દુર્ગા પૂજા મહોત્સવ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ અભિજિત મુહૂર્ત (વહેલી સવારે) દરમિયાન કળશ (માટીના ઘડા) ની ધાર્મિક પૂજા અને વૈદિક મંત્રોચ્ચાર સાથે શરૂ થયો હતો. આ ધાર્મિક ઉત્સવ ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી સિંધી સમાજ વાડી, વિજય ગાર્મેન્ટ્સ પાછળ, રામનગર, રાંદેર, સુરત ખાતે ચાલુ રહેશે.

ઉત્સવના ભાગ રૂપે, મા દુર્ગાની આરતી, પૂજા અને પ્રસાદનું વિતરણ દરરોજ સવારે ૧૦:૦૦ વાગ્યે અને રાત્રે ૮:૩૦ વાગ્યે યોજાઈ રહ્યું છે. શહેરના પ્રતિષ્ઠિત મહેમાનો દૈનિક સાંજની આરતીમાં હાજરી આપી રહ્યા છે, પ્રાર્થના કરી રહ્યા છે અને મા દુર્ગાના આશીર્વાદ મેળવી રહ્યા છે. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાયેલ સાંજની આરતી અને પૂજા સમારોહ દરમિયાન, ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર શ્રી પૂર્ણેશ મોદી, શ્રીમતી અલ્પાબેન જીતેશભાઈ મહેતા, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષના નેતા શ્રી દિગ્વિજય સિંહ બ્રાર અને અન્ય કાઉન્સિલરોએ માતાજીના દર્શન કર્યા. બધા જ પ્રતિષ્ઠિત મહેમાનોની હાજરીથી ઉત્સવની ભવ્યતામાં વધારો થયો અને ઉપસ્થિત ભક્તોમાં વિશેષ ઉત્સાહ પેદા થયો. આ પ્રસંગે, મહેમાનોએ મા દુર્ગાના દર્શન કર્યા અને આરતી અને પૂજામાં ભાગ લીધો. મા દુર્ગા પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિથી ભરેલા વાતાવરણમાં, ભક્તોએ માતા દેવીના આશીર્વાદ મેળવ્યા.

ઉત્સવ દરમિયાન ભક્તિમય ભજન સંધ્યા અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમો ભક્તોને ધાર્મિક શ્રદ્ધા, ભક્તિ અને ભારતીય સાંસ્કૃતિક પરંપરાઓ સાથે જોડાવાની તક પૂરી પાડે છે. બિહાર વિકાસ પરિષદ, સુરત, સુરતના તમામ રહેવાસીઓ, ભક્તો અને ધાર્મિક નાગરિકોને માતા દુર્ગાના આશીર્વાદ મેળવવા અને આ ધાર્મિક કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવા માટે મોટી સંખ્યામાં ઉત્સવમાં હાજરી આપવા વિનંતી કરે છે.

# નિરાધારોનો આશરો અને સંવેદનાનું સરનામું એટલે માનવ પરિવાર ટ્રસ્ટ

**૮૦૦થી વધુ નિરાધારોને અપાયેલો આશરો**

સુરત, તા.૧૪

રસ્તા પર રઝળતા નિરાધારોની સેવા, સંભાળ, સારવાર અને પુનર્વસનની પ્રેરક ફરજ નિભાવતું માનવ પરિવાર ટ્રસ્ટ ઉપેક્ષિતો માટે આશાનું નવું કિરણઃ માનવ પરિવાર ટ્રસ્ટનું દિવ્યાંગ-નિરાધાર સેવાનું મોડેલ હાલ ૮૦૦થી વધુ નિરાધાર ભાઈ-બહેનો હાલમાં સંસ્થા ખાતે આશ્રય મેળવી રહ્યા છે.

સમાજમાં જ્યારે કોઈ વ્યક્તિ માનસિક અસ્વસ્થતા કે સંજોગોવશાત નિરાધાર બનીને શેરીઓ, ચાર રસ્તા, ચોક, બસ કે રેલ્વે સ્ટેશનો પર ભટકવા મજબૂર બને છે, ત્યારે મોટાભાગે લોકો તેમની ઉપેક્ષા કરતા હોય છે, તેનાથી દૂરી બનાવી લે છે. પરંતુ ભાવનગર જિલ્લાના પાલિતાણા ખાતે કાર્યરત 'માનવ પરિવાર ટ્રસ્ટ' આવા ઉપેક્ષિત, તરછોડાયેલા અને નિરાધાર વ્યક્તિઓ માટે વાત્સલ્ય અને ગૌરવપૂર્ણ જીવન આપતું એક ઉમદા સરનામું બની ગયું છે.

તા.૨૬ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ સ્થપાયેલી આ સંસ્થાએ સેવા, સમર્પણ અને કરુણાના ત્રિવેણી સંગમ દ્વારા હજારો નિરાધારોને નવું જીવન આપ્યું છે. રસ્તા પર રઝળતા નિરાધારોની સેવા, સંભાળ, સારવાર અને પુનર્વસનની પ્રેરક ફરજ નિભાવતું માનવ પરિવાર ટ્રસ્ટ માનવતાની મિસાલ બનીને કાર્યરત છે. આ ભગીરથ કાર્ય પાછળ એક અત્યંત સંવેદનશીલ અને વ્યક્તિગત અનુભવ રહેલો છે. ૨૦૧૮ પહેલાં સંસ્થાના સ્થાપક શ્રી રાજેશભાઈ વઘાસિયા પોતે માનસિક બીમારીના કઠિન તબક્કામાંથી પસાર થયા હતા. પરિવારની હુંફ અને યોગ્ય તબીબી સારવારના બળે તેઓ સ્વસ્થ થયા, પરંતુ આ અનુભવે તેમના મનમા એક ગંભીર પ્રશ્ન જગાડ્યોઃ "જેમની પાસે પરિવાર કે આર્થિક સહારા જેવું કોઇ નથી, તેવા રસ્તે રઝળતા માનસિક દિવ્યાંગોનું

# ગેસ કટરથી એસબીઆઈના એટીએમને નિશાન બનાવાયું

**બુહારીમાં એટીએમ તોડવાનો પ્રયાસ**

વાલોડ, તા.૧૪

બુહારી, તાપીઃ તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બુહારી ગામે ચોરીના ઈરાદે SBIના ATM મશીનને નિશાન બનાવવાની ઘટના સામે આવી છે. બલ્લુકાકા કોમ્પ્લેક્સની દુકાન નંબર ૧૮માં આવેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ના ATM મશીનને ગેસ કટર વડે તોડી રોકડ રકમ ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવતાં વિસ્તારમાં ચકચાર મચી છે.

પ્રાપ્ત ફરિયાદની વિગતો અનુસાર, તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૩:૩૦થી ૪:૧૫ વાગ્યાની વચ્ચે મોઢા પર સફેદ રંગનો રૂમાલ બાંધેલો એક અજાણ્યો શખ્સ છ્ર્સ કેબિનમાં પ્રવેશ્યો હતો. હિટાચી કંપની દ્વારા ઈન્સ્ટોલ કરવામાં આવેલા છ્ર્સ મશીનને ગેસ કટરની મદદથી તોડી નુકસાન પહોંચાડ્યું હતું અને અંદર રહેલી રોકડ રકમ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ શખ્સ સ્થળ પરથી નાસી છૂટ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ મામલે ફરિયાદી પ્રદીપ અમરશીભાઈ મકવાણાની ફરિયાદના આધારે વાલોડ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૮૨૪૦૦૨૨૬૧૬૬૩/૨૦૨૬ મુજબ ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ની કલમ ૩૦૩(૨), ૩૨૪(૨), ૩૩૪(૧) અને ૬૨ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ATM મશીનને નુકસાન પહોંચાડી રોકડ રકમ ચોરી કરવાનો પ્રયાસ કરનાર અજાણ્યા શખ્સની ઓળખ અને ઘટનાની હકીકત જાણવા પોલીસ તપાસમાં આગળ શું વિગતો સામે આવે છે તે જોવું રહ્યું.

# સુરત ખાતે સનાતન ફાઉન્ડેશન દ્વારા 'સિનિયર સિટીઝન ક્લબ'નો પ્રારંભ

**દર ૧૫ દિવસે વડીલોના ઘરે ડોક્ટર અને પોલીસની 'સી ટીમ' મુલાકાત લેશે**



સુરત, તા.૧૪

સમાજના મુખ્ય પ્રવાહમાંથી છૂટા પડી ગયેલા નિરાધાર વડીલો અને ગંગાસ્વરૂપ (વિધવા) મહિલાઓની સેવા, સ્વાસ્થ્ય અને સુરક્ષાની જવાબદારી લેવા માટે સુરતમાં સનાતન ફાઉન્ડેશન દ્વારા ૧ ઓક્ટોબર (આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ) ના રોજથી એક ખાસ 'સિનિયર સિટીઝન ક્લબ' વ્હોટ્સએપ ગ્રુપનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જે એકલતા અનુભવતા વડીલો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ ક્લબનો મુખ્ય હેતુ સમાજમાં એકલવાયું અને નિરાધાર જીવન જીવતા વૃદ્ધોને યોગ્ય સન્માન, માનસિક હૂંફ અને સુરક્ષા પૂરી પાડવાનો છે. આ અંગે વિગતો આપતા સંસ્થાના અગ્રણી શ્રી પ્રવીણ ભાલાળાએ જણાવ્યું હતું કે, "આ વ્હોટ્સએપ ગ્રુપ સંપૂર્ણપણે એકલવાયું જીવન જીવતા વડીલોની માનસિક હૂંફ, સંભાળ અને સ્વાસ્થ્ય સંબંધી કાળજી રાખવાના પવિત્ર ઉદ્દેશ્ય સાથે બનાવવામાં આવ્યું છે. જે વૃદ્ધોને કોઈ સંતાન ન હોય અથવા સંતાનો તેમને છોડીને ચાલ્યા ગયા હોય અને તેઓ એકલા કે પોતાના જીવનસાથી સાથે જીવતા હોય, તેવા વડીલો માટે આ ક્લબ કાર્ય કરશે. સંસ્થા દ્વારા દરેક વડીલના ઘરે દર પંદર દિવસે એક ડૉક્ટર અને પોલીસની 'સી ટીમ' મોકલવામાં આવશે. આ ઉપરાંત અમારી ટીમના સભ્યોને વિસ્તાર વાઈઝ જવાબદારી સોંપવામાં આવશે, જેઓ વડીલોની મુલાકાત લઈને તેમનો ખાલીપો ભરવાનું કામ કરશે. દર વર્ષે ૧ ઓક્ટોબર એટલે કે 'આંતરરાષ્ટ્રીય સિનિયર સિટીઝન દિવસ' નિમિત્તે તમામ વડીલોને એકત્રિત કરી સામાજિક કાર્યક્રમો યોજાશે અને જરૂર જણાય ત્યાં વડીલોને પરસ્પર સાથે રહેવાની વ્યવસ્થા પણ કરી આપવામાં આવશે." કેતન સાવલિયાએ ઉમેર્યું હતું કે, "આજકાલ એકલવાયું જીવન જીવતા વડીલો સરળતાથી ઓનલાઈન છેતરપિંડીનો શિકાર બની જતા હોય છે. તેઓ સાયબર ફ્રોડ કે બ્લેકમેલિંગનો ભોગ ન બને તે માટે ક્લબની એક વિશેષ ટેકનિકલ ટીમ સતત કાર્યરત રહેશે. એડવોકેટ સોનલ શર્માએ પણ કહ્યું કે જો કોઈ વડીલ કાનૂની વિવાદનો સામનો કરી રહ્યા હશે, તો સંસ્થા તરફથી તેમને વિનામૂલ્યે માર્ગદર્શન અને વકીલની સેવા આપવામાં આવશે સનાતન ફાઉન્ડેશન નાગરિકોને અપીલ કરે છે કે જો આપની આસપાસ આવા કોઈ નીસહાય, નિરાધાર કે એકલવાયુ જીવન જીવતા વડીલોની નોંધણી કરાવવા કે વધુ વિગતો માટે સંસ્થાના હેલ્પલાઇન નંબર ૯૨૮૯૨ ૯૧૮૯૧ પર સંપર્ક કરી શકાશે.



## નવરાત્રીમાં રામલીલાનું મંચન

# શ્રીરામે શિવધનુષ તોડતાં જ વરસ્યાં પુષ્પો

**પરશુરામ-લક્ષ્મણ સંવાદે દર્શકોને કર્યા ભાવવિભોર**

સુરત, તા.૧૪

વેસુના રામલીલા મેદાનમાં શ્રી આદર્શ રામલીલા ટ્રસ્ટના ઉપક્રમે આયોજિત રામલીલા મહોત્સવમાં મંગળવારે ધનુષ યજ્ઞની સુંદર લીલાનું મંચન કરવામાં આવ્યું હતું. શ્રીરામે શિવધનુષ તોડ્યું અને ત્યારબાદ પરશુરામ-લક્ષ્મણ વચ્ચે થયેલા સંવાદના પ્રસંગે ઉપસ્થિત દર્શકો ભાવવિભોર થયા હતા. સીતાજીના સ્વયંવરમાં અનેક રાજ્યોના રાજા અને રાજકુમારો ઉપસ્થિત રહ્યા હતા, પરંતુ કોઈ પણ શિવધનુષને હલાવી શક્યું નહોતું. રાજા જનક પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ ન થતાં દુઃખી થયા હતા. ત્યારબાદ વિશ્વામિત્રની આજ્ઞાથી ભગવાન શ્રીરામે શિવધનુષ ઉપાડીને તેના બે ટુકડા કરી નાખ્યા હતા. ધનુષ તૂટતાં જ સમગ્ર સભામાં આનંદ છવાઈ ગયો હતો અને પુષ્પવર્ષા વચ્ચે માતા સીતાએ શ્રીરામના ગળામાં વરમાળા પહેરાવી હતી. ધનુષ તૂટવાનો અવાજ સાંભળીને ઋષિ પરશુરામ રાજમહેલમાં પહોંચ્યા હતા. તેમના ક્રોધને જોઈને ઉપસ્થિત રાજાઓમાં ગભરાટ ફેલાયો હતો. પરશુરામે ધનુષ તોડનારને સામે આવવા પડકાર ફેંક્યો હતો. આ દરમિયાન લક્ષ્મણ અને પરશુરામ વચ્ચે ઉગ્ર સંવાદ થયો હતો. ત્યારબાદ શ્રીરામે વિનમ્રતાપૂર્વક પરશુરામને અપરાધ માફ કરવા વિનંતી કરી હતી અને ધનુષ જૂનું હોવાથી સ્પર્શ થતાં જ તૂટી ગયું હોવાનું જણાવ્યું હતું. પરશુરામે ભગવાન શ્રીરામને ભગવાન વિષ્ણુનું ધનુષ આપીને તેની પ્રત્યંચા ચઢાવવા કહ્યું હતું. શ્રીરામે સહજતાથી ધનુષ પર પ્રત્યંચા ચઢાવતાં પરશુરામની શંકા દૂર થઈ હતી. ત્યારબાદ રાજા જનકે નગર અને લગ્નમંડપને શણગારવાનો આદેશ આપ્યો હતો. ધનુષ યજ્ઞ અને પરશુરામ-લક્ષ્મણ સંવાદ રામલીલાના સૌથી આકર્ષક પ્રસંગોમાંના એક હોવાથી આ લીલાને નિહાળવા માટે મોડી રાત સુધી મોટી સંખ્યામાં દર્શકો રામલીલા મેદાનમાં ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યારા નગર પાલિકામાં 'પ્રમુખ પતિ'ની દખલગીરીનો ગંભીર આક્ષેપ કરાયો

**ગેરહાજર કર્મચારીના પૂરા પગારના પત્રક પર સહી કરાવવા દબાણ કરાયું**

વ્યારા, તા.૧૪

વ્યારા નગરપાલિકાના વહીવટી તંત્રમાં કથિત સત્તાકીય હસ્તક્ષેપ અને કર્મચારી પર દબાણના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. નગરપાલિકાના બાગ વિભાગના ક્લાર્ક કાર્તિક દેસાઈએ ચીફ ઓફિસરને કરેલા લેખિત ખુલાસાને પગલે પાલિકાની કાર્યપદ્ધતિ, કર્મચારીઓની સ્વતંત્રતા અને સત્તાના કથિત દુરુપયોગ અંગે સવાલો ઊભા થયા છે. ખાસ કરીને નગરપાલિકા પ્રમુખના પતિ પ્રિતુલભાઈ શાહ દ્વારા વહીવટી કામગીરીમાં દખલગીરી કરવામાં આવતી હોવાના આક્ષેપે સમગ્ર મામલાને ગરમાવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વ્યારા નગરપાલિકાના બાગ વિભાગમાં ૧૧ માસના કરાર આધારિત વોચમેન તરીકે ફરજ બજાવતા મયુરભાઈ રાઠોડ સપ્ટેમ્બર મહિનામાં ૧૪ દિવસ ગેરહાજર રહ્યા હોવાની વિગતો સામે આવી છે. આ સંજોગોમાં ગેરહાજરીના દિવસોનો પગાર બાદ કરીને સુધારેલું પગારપત્રક તૈયાર કરવાનું હતું. જોકે, આક્ષેપ મુજબ, એક કર્મચારી આખા મહિનાનો પૂરો પગાર દર્શાવતું પત્રક લઈને ક્લાર્ક કાર્તિક દેસાઈ પાસે સહી કરાવવા પહોંચ્યા હતા. ક્લાર્કે પગારપત્રકમાં રહેલી કથિત વિસંગતતા સામે વાંધો ઉઠાવી સહી કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યારે તેમને જણાવવામાં આવ્યું હોવાનું કહેવાય છે કે નગરપાલિકા પ્રમુખના પતિ પ્રિતુલભાઈ શાહે પત્રક પર સહી કરાવવા સૂચના આપી છે. 'સહી નહીં કરો તો નોકરીમાંથી કાઢી મૂકીશું' — લેખિત ખુલાસામાં ગંભીર આક્ષેપ

આ મામલે સૌથી ગંભીર બાબત એ છે કે ક્લાર્ક કાર્તિક દેસાઈના લેખિત ખુલાસા મુજબ, કચેરીની લોબીમાં પ્રિતુલભાઈ શાહે તેમને

અનુસંધાન પાના ૭ પર

# નિઝર વિધાનસભા વિસ્તારમાં વિકાસકાર્યોનું નિરીક્ષણ

**ઉચ્છલમાં ખેડૂતો સાથે સંવાદ**

નિઝર, તા.૧૪

રાજયકક્ષાના નાણાંમંત્રી કમલેશ પટેલ અને રમતગમત મંત્રી ડૉ. જયરામ ગામીતે વિકાસપ્રકલ્પોની કામગીરીની સમીક્ષા કરી; ખેડૂતોને બિયારણ કીટનું વિતરણ કરાયું.

તાપી જિલ્લાના પ્રવાસ દરમિયાન રાજ્યકક્ષાના નાણાંમંત્રી કમલેશ પટેલ અને રાજ્યકક્ષાના રમતગમત મંત્રી ડૉ. જયરામ ગામીતે નિઝર વિધાનસભા વિસ્તારના ઉચ્છલ તાલુકામાં વિવિધ વિકાસપ્રકલ્પોની મુલાકાત લઈ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી અને ઉચ્છલના કિસાન સુવિધા કેન્દ્ર ખાતે ખેડૂતો સાથે સંવાદ યોજી લાભાર્થીઓને બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રવાસ દરમિયાન નારણપુર ગામે પ્રગતિ હેઠળના મેજર બ્રિજની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડપાડાનેસુ ખાતે આદર્શ નિવાસી શાળાના બાંધકામ સ્થળની મુલાકાત લઈ પ્રકલ્પની પ્રગતિ અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવવામાં આવી હતી. બંને વિકાસકાર્યો નિર્ધારિત ગુણવત્તાના

અનુસંધાન પાના ૭ પર



# નવરાત્રિમાં મહિલાઓની સુરક્ષા માટે સજ્જ ડાંગ ની ૧૮૧ અભયમ ટીમ

**પોલીસ પરેડ ગરાઉન્ડ આહવા ખાતે ગરબામાં જાગૃતિ કાર્યક્રમ**

વઘઈ, તા.૧૪

ડાંગ જિલ્લામાં આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે તાઃ ૧૩ઃ નવરાત્રિના પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ સુરક્ષિત વાતાવરણમાં ગરબાનો આનંદ માણી શકે અને કોઈપણ મુશ્કેલ પરિસ્થિતિમાં સમયસર સહાય મેળવી શકે તે હેતુથી ગુજરાત સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા વિવિધ ગરબા સ્થળોએ વિશેષ જાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

આ કામગીરી અંતર્ગત આહવાના પોલીસ પરેડ ગરાઉન્ડ ખાતે યોજાયેલા ગરબા કાર્યક્રમની ૧૮૧ અભયમની ટીમ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ દરમિયાન મહિલાઓ, યુવતીઓ અને ખેલૈયાઓ સાથે સીધો સંવાદ સાધી મહિલા સુરક્ષા, વ્યક્તિગત સલામતી તથા મુશ્કેલીના સમયે મદદ મેળવવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

૧૮૧ અભયમની ટીમ દ્વારા મહિલાઓ અને યુવતીઓને ગરબા દરમિયાન છેડતી, અયોગ્ય સ્પર્શ, અશોભનીય ટિપ્પણી, અપશબ્દો, પીછો કરવો, ધમકી આપવી કે અન્ય કોઈપણ પ્રકારની હેરાનગતિ જેવી પરિસ્થિતિઓથી સાવચેત રહેવા સમજાવવામાં આવે છે. આવી કોઈ ઘટના બને તો ગભરાયા વિના પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપવા, નજીકના સુરક્ષાકર્મી અથવા પોલીસની મદદ લેવા તથા જરૂરિયાત મુજબ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. નવરાત્રિ દરમિયાન ગરબાના કાર્યક્રમો મોડી રાત સુધી ચાલતા હોવાથી મહિલાઓને વિશ્વાસુ વ્યક્તિઓ સાથે આવવા-જવા,

અનુસંધાન પાના ૭ પર

# શામગહાન ગામે શુભમ નેત્રસેવા ટ્રસ્ટ દ્વારા નેત્ર તપાસ શિબિર

**શિબિરમાં ૮૦ દર્દીઓને ચશ્માનું વિતરણ**

વઘઈ, તા.૧૪

ડાંગ જિલ્લામાં શામગહાન ખાતે તા. ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગામની પ્રાથમિક શાળા ખાતે નેત્ર તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ અને વિદ્યાર્થીઓને આંખોની તપાસ સહિતની આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ શિબિરનું આયોજન સાઈટ સેવિંગ એકેડેમી ઓફ ઈન્ડિયા (SSAI-અમેરિકા) તથા સ્વ. ચંદ્રબેન પ્રવીણભાઈ વખારિયાના જન્મદિવસ નિમિત્તે તેમના સંતાનો જિગ્નેશભાઈ આશીષભાઈ શાહ, તુષાર પ્રવીણભાઈ વખારિયા અને કેતનભાઈ પ્રવીણભાઈ વમારિયાના સહયોગથી કરવામાં આવ્યું હતું. શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે ગૃહમાતા ગીતાબેન તથા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અક્ષાણી ચરીવાલા, ડૉ. સ્નેહલ ચૌધરી અને હોસ્પિટલના કર્મચારીઓ સહિત કાજલ પટેલ, પરશોત્તમ પવાર, જ્યોતિષ પટેલ, કુંદન ગમીત અને નિધી ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. આ શિબિરમાં કુલ ૨૧૮ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાં શાળાના ૭૨ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. તપાસ દરમિયાન ૩૧ મોતિયાના દર્દીઓને નિઃશુલ્ક ઓપરેશન કરી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત, ૮૦ દર્દીઓને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે ૩૭ દર્દીઓને કુલ ૫૭ દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોમાં આંખોની સારવારની સુવિધા સરળતાથી ઉપલબ્ધ બને અને જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર સારવાર મળી રહે તેવા હેતુથી યોજાયેલી આ શિબિરથી સ્થાનિક લોકોને લાભ મળ્યો હતો. આ અંગે શુભમ નેત્રસેવા ટ્રસ્ટના પ્રમુખ ડૉ. રોહનભાઈ ચરીવાલા દ્વારા ગરીબોને મફત સેવા બજાવી રહ્યા છે.






યશ્વી નવરાત્રી મહોત્સવનો ધામ-ધૂમ પૂર્વક આરંભ થયો છે. ગઈ કાલે રાત્રે સુરત શહેરના વિવિધ ગરબા મહોત્સવોમાં ઉમટી પડેલા ખેલૈયાઓએ બીજા દિવસે પણ મોડી રાત સુધી રાસ ગરબાની રંગત માણી હતી. (તસ્વીર પ્રદીપ ગોહિલ)

# પીએમ-સેતુ યોજના હેઠળ સુરતની પાંચ સરકારી આઈટીઆઈના આધુનિકીકરણ માટે એએમ/એનએસ ઇન્ડિયાએ ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા

સુરત - હજીરા, ઑક્ટોબર ૧૨, ૨૦૨૬: આર્સેલરમિત્તલ અને નિપ્પોન સ્ટીલના સંયુક્ત સાહસ એએમ/એનએસ ઈન્ડિયાએ પ્રધાનમંત્રી કૌશલ્ય અને રોજગારક્ષમતા પરિવર્તન યોજના (પીએમ-સેતુ) હેઠળ સુરત ક્લસ્ટરની પાંચ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ)ના આધુનિકીકરણ માટે ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે હિસ્સેદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ કરાર દ્વારા એએમ/એનએસ ઈન્ડિયા, કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર વચ્ચે મંજૂર રોકાણ યોજનાના અમલીકરણ માટેની ભાગીદારીને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. આગામી તબક્કામાં આઈટીઆઈના આધુનિકીકરણ અને સંચાલન માટે વિશેષ હેતુ કંપની (એસપીવી)ની રચના કરવામાં આવશે. તેમાં એએમ/એનએસ ઈન્ડિયાની ૫૧ ટકા ભાગીદારી રહેશે, જ્યારે કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની ભાગીદારી ૨૪.૫ ટકા લેખે રહેશે.

આ કરાર સુરત ક્લસ્ટર માટે મંજૂર કરાયેલી વ્યૂહાત્મક રોકાણ યોજનાને તાલીમ સુવિધાઓ, અભ્યાસક્રમો અને શિક્ષણ પદ્ધતિમાં સુધારા દ્વારા અમલમાં મૂકવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. આ યોજનામાં સંસ્થાઓના આધુનિકીકરણ અને તેના માટે કરવામાં આવનારા રોકાણની વિગતો નક્કી કરવામાં આવી છે.

રૂ. ૨૪૦ કરોડના મંજૂર રોકાણ સાથેનો આ પ્રોજેક્ટ પાંચેય આઈટીઆઈમાં અભ્યાસ કરતા યુવાનોની રોજગારક્ષમતા વધારવાનો ઉદ્દેશ ધરાવે છે. આધુનિક તાલીમ સુવિધાઓ, અદ્યતન અભ્યાસક્રમો અને વ્યવહારુ તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને ઉત્પાદન ક્ષેત્ર તથા આ વિસ્તારના સંબંધિત ઉદ્યોગોમાં રોજગાર મેળવવા માટે જરૂરી કૌશલ્યો વિકસાવવામાં મદદ મળશે.

કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાતના જણાવ્યાનુસાર, "ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ આપણા યુવાનો માટે રોજગારીની નવી તકો ઊભી કરતો રહે તે જરૂરી છે. એએમ/એનએસ ઈન્ડિયા સાથેની આ ભાગીદારી સુરત ક્લસ્ટરની પાંચ સરકારી આઈટીઆઈમાં તાલીમને વધુ મજબૂત બનાવશે અને વિદ્યાર્થીઓને ઉદ્યોગોની જરૂરિયાત મુજબનાં કૌશલ્યો પ્રાપ્ત કરવામાં મદદ કરશે. ટેકનિકલ શિક્ષણને ઉદ્યોગો સાથે વધુ નજીકથી જોડીને અમારો ઉદ્દેશ યુવાનોની રોજગારક્ષમતા વધારવાનો અને રાજ્યના ઔદ્યોગિક વિકાસનો લાભ સ્થાનિક યુવાનો સુધી પહોંચાડવાનો છે."

શ્રી આશુતોષ તેલાંગ, ડિરેક્ટર અને વાઈસ પ્રેસિડન્ટ – હ્યુમન રિસોર્સિઝ અને એડમિનિસ્ટ્રેશન, એએમ/એનએસ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, "પ્રદેશના યુવાનોની રોજગારક્ષમતા વધારવી એ એએમ/એનએસ ઈન્ડિયાનો મુખ્ય ઉદ્દેશ છે. આ ભાગીદારી હેઠળ અમે અમારા ઉત્પાદન ક્ષેત્રના અનુભવ અને ન્યૂ એજ મેકર્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (નેમટેક)ની ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રની નિપુણતાને સુરત ક્લસ્ટરની પાંચ સરકારી આઈટીઆઈ સુધી પહોંચાડીશું. વધુ સારી સુવિધાઓ, વ્યવહારુ તાલીમ અને પ્રશિક્ષકોની તાલીમને મજબૂત બનાવવાથી વિદ્યાર્થીઓ ઉદ્યોગોની જરૂરિયાત મુજબનાં કૌશલ્યો વિકસાવી શકશે. આનાથી તેઓ ઉત્પાદન ક્ષેત્ર અને સંબંધિત ઉદ્યોગોમાં રોજગાર માટે તૈયાર થશે તેમજ સ્થાનિક સ્તરે કુશળ માનવબળની ઉપલબ્ધતા પણ વધશે."

એએમ/એનએસ ઈન્ડિયા તેના શૈક્ષણિક અને ટેકનિકલ ભાગીદાર ન્યૂ એજ મેકર્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (નેમટેક) સાથે મળીને આ પ્રોજેક્ટનો અમલ કરશે. આ અંતર્ગત તાલીમ સુવિધાઓનું આધુનિકીકરણ, વર્તમાન અભ્યાસક્રમોમાં સુધારા, નવા વ્યવસાયલક્ષી તાલીમ અભ્યાસક્રમો શરૂ કરવા અને પ્રશિક્ષકોની તાલીમને વધુ મજબૂત બનાવવા જેવા કાર્યો કરવામાં આવશે.

આ સુધારાઓના પરિણામે વિદ્યાર્થીઓને કાર્યસ્થળ પર ઉપયોગમાં લેવાતાં સાધનો અને પદ્ધતિઓ સાથે તાલીમ મેળવવાની વધુ તકો મળશે. વ્યવહારુ તાલીમ દ્વારા તેઓ વર્ગખંડમાં મેળવેલા જ્ઞાનનો વાસ્તવિક પરિસ્થિતિઓમાં ઉપયોગ કરી શકશે અને ટેકનિકલ કામગીરી કરવામાં આત્મવિશ્વાસ કેળવી શકશે. પ્રશિક્ષકોને પણ તેમનું ટેકનિકલ જ્ઞાન અને શિક્ષણ



કૌશલ્ય વધારવા માટે તાલીમ આપવામાં આવશે.

આ પ્રોજેક્ટ હેઠળ પાંચ સરકારી આઈટીઆઈનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં સરકારી આઈટીઆઈ, સુરત; સરકારી આઈટીઆઈ, હજીરા; સરકારી આઈટીઆઈ, બારડોલી; સરકારી મહિલા આઈટીઆઈ, સચિન અને સરકારી મહિલા આઈટીઆઈ, સુરતનો સમાવેશ થાય છે. સરકારી આઈટીઆઈ, સુરત મુખ્ય તાલીમ કેન્દ્ર તરીકે કાર્ય કરશે અને સંયુક્ત સુવિધાઓ તથા સંસાધનો દ્વારા અન્ય ચાર સંસ્થાઓને સહયોગ આપશે.

તાલીમને ઉદ્યોગોની જરૂરિયાતો સાથે વધુ સુસંગત બનાવવાથી વિદ્યાર્થીઓને રોજગાર માટે તૈયાર કરવામાં મદદ મળશે અને નોકરીદાતાઓને જરૂરી કૌશલ્ય ધરાવતા ઉમેદવારો મળી શકશે. આ આધુનિકીકરણથી બંને મહિલા આઈટીઆઈમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને પણ લાભ થશે અને તેમને ટેકનિકલ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે વધુ સારી રીતે તૈયાર થવામાં મદદ મળશે. ગુજરાતમાં થયેલો આ કરાર પીએમ-સેતુ યોજના હેઠળ એએમ/એનએસ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા બે અલગ-અલગ હિસ્સેદારી કરારોમાંથી એક છે. બીજો કરાર આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ક્લસ્ટરની ચાર સરકારી આઈટીઆઈના આધુનિકીકરણ માટે કરવામાં આવ્યો છે. બંને પ્રોજેક્ટ હેઠળ કુલ નવ આઈટીઆઈનો સમાવેશ થાય છે, જેમાં કુલ રૂ. ૪૪૦ કરોડનું રોકાણ મંજૂર કરવામાં આવ્યું છે. પીએમ-સેતુ ભારત સરકારની એક પહેલ છે, જેના માટે કુલ રૂ. ૬૦,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાનો ઉદ્દેશ ઉદ્યોગોની ભાગીદારીથી દેશની ૧,૦૦૦ સરકારી આઈટીઆઈનું આધુનિકીકરણ કરવાનો અને પાંચ રાષ્ટ્રીય કૌશલ્ય તાલીમ સંસ્થાઓને મજબૂત બનાવવાનો છે, જેથી યુવાનોને રોજગાર માટે જરૂરી વ્યવહારુ કૌશલ્યો પ્રાપ્ત કરવામાં મદદ મળી શકે.

# અદાણી એન્ટરપ્રાઈઝ અને જેબિલે ૫૦:૫૦ ડેટા સેન્ટર હાર્ડવેર ક્ષેત્રમાં સંયુક્ત સાહસ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા

નવી દિલ્હી, ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬: ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા સેન્ટર માટે જરુરી સાધનોના ઉત્પાદન અને એસેમ્બલી માટે સૂચિત ૫૦:૫૦ સંયુક્ત સાહસની રૂપરેખા નક્કી કરતા એક બિન-બંધનકર્તા સમજૂતી કરાર પર અદાણી જુથની મુખ્ય કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસ લિ. અને વૈશ્વિક એન્જિનિયરિંગ, સપ્લાય ચેઈન અને મેન્યુફેક્ચરિંગ કંપની જેબિલ ઈન્કએ હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતી કરાર આખરી કરારોના અમલીકરણ, જરૂરી મંજૂરીઓ મેળવવા અને સામાન્ય શરતોની આપૂર્તિને આધીન રહેશે.

અગાઉ જૂન ૨૦૨૬માં અદાણી ગ્રુપ અને જેબિલ દ્વારા ભારતમાં છૈં અને ડેટા સેન્ટર માળખું અને મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવા માટે વ્યૂહાત્મક જોડાણ કરવાના ઈરાદાની જાહેરાત બાદ આ સમજૂતી



કરાર કરવામાં આવ્યો છે.

અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ કહ્યું હતું કે છૈં ક્રાંતિ માટે માત્ર અલ્ગોરિધમ્સમાં નવીનતાઓથી વિશેષ કરવા માટે ઊર્જા, હાઈપરસ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અદ્યતન કમ્પ્યુટિંગ અને ચોકસાઈપૂર્ણ ઉત્પાદન ભેગા મળી 'ઈન્ટેલિજન્સ ઈકોનોમી'ને વેગ આપે. તેવા એક સંપૂર્ણ નવા ઔદ્યોગિક માળખાની જરૂર પડશે. તેમણે જણાવ્યું હતું કે અદાણી જુથનો દ્રષ્ટિકોણ છૈં માળખાને ઊર્જા પૂરી પાડવા અને તેનું સંચાલન કરવાથી લઈને કમ્પ્યુટિંગની આગામી પેઢીને આકાર આપતી મહત્વપૂર્ણ સિસ્ટમ્સના ઇજનેરી અને ઉત્પાદન સુધીની પ્રગતિને આવરી લેતી છૈં વેલ્યુ ચેઈનમાં આગળ વધવાનો છે.

શ્રી અદાણીએ જેબિલ સાથેનમ સૂચિત સંયુક્ત સાહસને આ ભવિષ્યના એક વ્યૂહાત્મક પગલું ગણાવતા કહ્યું હતું કે તે વૈશ્વિક છૈં અર્થતંત્રનો ભૌતિક પાયો ઘડવામાં મદદ કરવા માટે જેબિલની વિશ્વ-સ્તરીય એન્જિનિયરિંગ અને ઉત્પાદન ક્ષમતાઓને અદાણીની ઊર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટર્સ ક્ષેત્રની સંકલિત શક્તિઓ સાથે જોડે છે.

જાબિલ ઈન્ક.ના મુખ્ય કારોબારી અધિકારી શ્રી માઈક દસ્તુરે જણાવ્યું હતું કે ભારતમાં સ્કેલ કરેલ છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેન્યુફેક્ચરિંગ પ્લેટફોર્મનું નિર્માણ કરવાના અમારા સહિયારા પ્રયાસોમાં આ કરાર પર હસ્તાક્ષર એ આગળનું પગલું છે. તેઓ માને છે કે સ્થાનિક અને વૈશ્વિક છૈં ઈન્ફ્રાસ્ટ્રક્ચર એમ બન્નેની માંગ માટે એક એવું બજાર નિર્માણ થશે જે ઉત્તરોત્તર મહત્વનું બનશે. તેમણે ઉમેર્યું હતું કે જાબિલની ૬૦ વર્ષની ઈજનેરી અને ઉત્પાદન કુશળતાને અદાણીની નોંધપાત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉર્જા ક્ષમતાઓ સાથે સાંકળીને અમે અમારા રેક-લેવલ ડેટા સેન્ટર સોલ્યુશન્સને ભારત અને વિશ્વભરમાં વધુ હાઈપરસ્કેલર્સ સુધી પહોંચાડી શકીએ છીએ.

સૂચિત સંયુક્ત સાહસ ડેટા સેન્ટરોમાં ઉપયોગમાં લેવાતા છૈં રેક્સ, સર્વર્સ, સ્ટોરેજ અને નેટવર્કિંગ સાધનોનું ઉત્પાદન અને એસેમ્બલ કરશે. રેક્સમાં છૈં એપ્લિકેશન્સ અને અન્ય ડિજિટલ સેવાઓ માટે ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગ સિસ્ટમ્સ હશે. તેના પોર્ટફોલિયોમાં પાવર ડિસ્ટ્રિબ્યુશન યુનિટ્સ, લિક્વિડ-કૂલિંગ સિસ્ટમ્સ અને ટ્રાન્સફોર્મર્સ સહિત આ સિસ્ટમોને પાવર અને કૂલિંગ કરવા માટે જરૂરી ઉપકરણોનો પણ સમાવેશ થશે.

આ સાહસમાં મલ્ટી-ગીગાવોટ છૈં રેક મેન્યુફેક્ચરિંગ અપેક્ષિત ક્ષમતા અનેક ગીગાવોટની સંયુક્ત પાવર ક્ષમતા સાથે કમ્પ્યુટિંગ સિસ્ટમ્સને આધાર આપે છે. તે ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ સેવાઓ પણ પૂરી પાડશે.

૨૦૩૦ સુધીમાં ભારતના ડેટા સેન્ટરની ક્ષમતા ૫-૮ ગીગાવોટ સુધી પહોંચવાનો અંદાજ છે, જે છૈં અપનાવવા, ક્લાઉડ વિસ્તરણ અને ડેટા સ્થાનિકીકરણ દ્વારા સંચાલિત છે. આ સાહસ સ્થાનિક માંગને પહોંચી વળવા અને નિકાસને ટેકો આપવા માટે ભારતમાં ઉત્પાદનનો આધાર પૂરો પાડશે. કંપનીઓ આગામી સાત વર્ષમાં છૈં કમ્પ્યુટિંગમાં રોકાણ દ્વારા સંચાલિત વૈશ્વિક બજારની ૩ ટ્રિલિયન ડોલરથી વધુ હોવાનો અંદાજ છે.

ડિજિટલ પર્સનલ ડેટા સંરક્ષણ કાનૂન ૨૦૨૩ હેઠળ વ્યક્તિગત ડેટા સુરક્ષા માટે માળખું પૂરું પાડતી કાનૂની સુરક્ષા ૨૦૪૭ સુધી ડેટા સેન્ટરો માટે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ટેક્સ હોલિડે દ્વારા પૂરક, સ્થાનિક ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણને ટેકો આપશે તેવી અપેક્ષા છે. ૨૦૩૫ સુધીમાં અદાણી જુથની ૫ ગીગાવોટ ગ્રીન-એનર્જી-સંચાલિત, હાઈપરસ્કેલ છૈં-સજ્જ ડેટા સેન્ટર વિકસાવવાની ૧૦૦ બિલિયન ડોલરની પ્રતિબદ્ધતા સાથે આ સાહસ સુસંગત છે. સૂચિત સાહસ માળખાગત સુવિધાઓ, ઊર્જા, લોજિસ્ટિક્સ અને ડેટા સેન્ટરોમાં અદાણીની હાજરી હાર્ડવેર ઉત્પાદન ઉમેરશે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ૩૬ બિલિયન ડોલરની આવક નોંધાવનાર જાબિલ માટે આ સાહસ ભારતના ડેટા સેન્ટર માર્કેટમાં તેની ઇજનેરી અને ઉત્પાદન હાજરીનો વિસ્તાર કરશે. કંપનીએ મહત્વપૂર્ણ પાવર અને એનર્જી મેનેજમેન્ટ સંબંધી ઉપાયો પૂરા પાડતી, અને ઉચ્ચ-પ્રદર્શન કમ્પ્યુટિંગ સિસ્ટમ્સ માટે લિક્વિડ-કૂલિંગ સોલ્યુશન્સમાં નિષ્ણાત હેનલી એનર્જી ગ્રુપ માઈક્રોસ ટેક્નોલોજીસના સંપાદન દ્વારા તેની ડેટા સેન્ટર ક્ષમતાઓ પણ વિસ્તારી છે.

# માનસનું દર્શન કલ્યાણકારી છેઃ પૂ મોરારિબાપુ સ્વસ્તિક યાત્રા કથા ચતુર્થ દિવસે હમ્પીમા યોજાયો

(તખુભાઈ સાંડસુર દ્વારા)

દક્ષિણ ભારતના કન્યાકુમારીથી કેદારનાથ સુધીની પૂ મોરારીબાપુની નિશ્રામાં ભારત સ્વસ્તિક કથાના ચોથા દિવસે આજે તા ૧૪/૧૦/૨૬ના કર્ણાટકના હમ્પી ખાતે ગાન થયું.

હમ્પી શહેર પુરાતત્વ અને ધાર્મિકતાનું દક્ષિણ ભારતનો કેન્દ્રબિંદુ તરીકે પણ ઓળખવું રહ્યું. રામ ચરિત માનસની સમગ્ર ગાથા આ વિસ્તારમાંથી પ્રસાર અને પ્રસારિત થઈ છે. હનુમાનજી અને રઘુરાયનું મિલન આ સ્થળે થયું છે. એટલું જ નહીં પંપા સરોવર લોકમાતા શબરીને મળવાનો અવસર પણ આ જ ક્ષેત્રમાં થયો છે. એટલે રામચરિત માનસના આ ક્ષેત્રનું મહત્વ અધિક માનવામાં આવે છે.

ભગવાન શિવના ખૂબ જ ઐતિહાસિક અને પૌરાણિક એવા વિરુપક્ષા શિવમંદિરના પ્રાંગણમાં આજે ચોથા દિવસની કથાનું આયોજન થયું હતું. કથાના મંગલ




વચનોમાં પૂ મોરારિબાપુએ કહ્યું કે આ ભૂમિનો સંબંધ ચાર યુગ સાથે છે. હનુમાનજી મહારાજની આ ભૂમિ છે. હનુમાનજીના કારણે આ ચાર યુગનો પ્રભાવ અહીં દેખાય છે. લોકમાતા શબરીજીની પણ આ ભૂમિ છે. તેથી તેને પાવનકારી તરીકે ઓળખતા રહ્યા છે. વર્ષો પહેલા અહીં આ હોસ્પેટ શહેરમાં કથાનો અવસર પણ પ્રાપ્ત થયો છે. પોથી લઈને આપણે સાથીયો પુરવા નીકળ્યાં છીએ. આ સ્વસ્તિકને આપણે ત્રિભુવનનીય સ્વસ્તિક તરીકે ઓળખીએ. બીજા કેનવાસના સાથિયા પુરાય પણ આ સાથીયાનો રંગ અલગ છે. સ્વસ્તિકના ૧૨ પ્રકારના દર્શનથી કલ્યાણ થાય છે. તેથી સ્વસ્તિકનું દર્શન મંગલકારી છે. આ દર્શનને આપણે દ્વાદશી દર્શન તરીકે ઓળખીએ છીએ. જેમાં માનસ દર્શન, વેદ દર્શન, શાસ્ત્ર દર્શન, ગૌમાતા દર્શન, આચાર્ય દર્શન, પરસ્પર દર્શન, સમાધી દર્શન વગેરેને ઓળખી શકીએ.

બાપુએ આજની કથામાં ગોપાલન પર અધિક મહત્વ આપીને દેશ-દુનિયામાં થઈ રહેલા ગોપાલનના કાર્યની સરાહના કરી હતી. સમગ્ર જગતને ગોપાલનથી વેદ-ઉપનિષદ તરફ જવા અનુરોધ કર્યો હતો. આજની કથામાં કાશી વિશ્વનાથના અગ્રણી પ્રતિનિધિ જગતગુરુ પૂ. સતુઆ બાબાજી પૂ. ગોપાલ બાબા અને અન્ય સંત ગણ પણ પોતાની ઉપસ્થિતિ હતાં.

ટ્રેન દ્વારા યોજાઈ રહેલી રામકથા વિવિધ સ્થળોએ પર પહોંચે છે. એ ધાર્મિક ઐતિહાસિક સ્થાન પર કથાનું ગાન થાય છે. સાંજે બધાં જ શ્રદ્ધાળુઓ ફરી પાછા ટ્રેનમાં નવા ગંતવ્ય સ્થાન તરફ નીકળે છે. ચરૈવૈતિ ચરૈવૈતિના મંગલકારી મંત્રને સાર્થક કરીને ચાલતી આ યાત્રા વિવિધ પડાવો પર પોતાના શુભ સંકલ્પો અને સંદેશાઓ છોડતી જાય છે.

તૃતીય દિવસની કથામાં શૃંગેરીપીઠના શંકરાચાર્ય શ્રી ભારતીતીર્થ મહાસ્વામીના પુ. મોરારિબાપુએ મુલાકાત કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# ટીટોઈમાં ત્રીજા નોરતે ગાયત્રી અને આંહોજ માતાજી મંદિરે ગરબાની રમઝટ

## બંને પરિસરમાં ઊંચી સર્ચ લાઈટો સાથેની ફરતી માંડવીઓ બની આકર્ષણનું કેન્દ્ર; મુંબઈ સ્થાયી થયેલા વતનીઓ પણ ગરબે ઘૂમવા માદરે વતન પહોંચ્યા



**મોડાસા તા.૧૪** શક્તિની આરાધનાના મહાપર્વ નવરાત્રિના ત્રીજા દિવસે ટીટોઈ ગામે ભક્તિ અને ઉત્સાહનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. ગામમાં આવેલા વેદમાતા ગાયત્રી મંદિર તેમજ ઐતિહાસિક આંહોજ માતાજી મંદિરે શ્રદ્ધાળુઓએ ઉમંગભેર ગરબાની રમઝટ બોલાવી હતી. બંને મંદિરોના પરિસરમાં ઊંચી સર્ચ લાઈટો સાથે સજાવેલી ફરતી માંડવીઓએ ભારે આકર્ષણ જમાવ્યું છે. માતાજીના દર્શન કરવા અને ગરબે ઘૂમવા માટે ટીટોઈ સહિત આસપાસના પંથકમાંથી મોટી સંખ્યામાં ખેલૈયાઓ અને ભક્તો ઉમટી રહ્યા છે. ટીટોઈમાં વર્ષો પહેલાં માતાજીના ભક્ત સ્વ. ચીમનભાઈ ઠાકર તથા ગ્રામજનોના સહયોગથી વેદમાતા ગાયત્રીની પૂર્ણ કદની દેદીપ્યમાન પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પવિત્ર



ધામ ખાતે માતાજીના સાનિધ્યમાં ફરતી માંડવી શણગારી દર વર્ષે પરંપરાગત રીતે ગરબા મહોત્સવ યોજાય છે. બીજી તરફ, અતિ પ્રાચીન અને જ્યાં ભક્તોની આસ્થાનું કેન્દ્ર તેવા આંહોજ માતાજી મંદિરે પણ વર્ષોથી ચાંદીની આકર્ષક માંડવી અને ઊંચી ફરતી સર્ચ લાઈટોના અજવાળે ભક્તિમય વાતાવરણમાં ગરબા યોજાય છે. આંહોજ માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ દીપકભાઈ અને તેમની સેવાભાવી ટીમ સમગ્ર નવરાત્રિ દરમિયાન વ્યવસ્થા જાળવવા ખડેપગે સેવા આપી રહી છે. નોંધનીય છે કે, ધંધા-રોજગાર અર્થે મુંબઈ સ્થાયી થયેલા ટીટોઈના વતનીઓ નવરાત્રિ પર્વની ઉજવણી કરવા ખાસ માદરે વતન ટીટોઈ પહોંચે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવસો વીતવાની સાથે ગરબાનો રંગ સોળે કળાએ જામી રહ્યો છે.

# મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (MIAL) તરફથી મીડિયા નિવેદન

મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના જીત અદાણી અને અરુણ બંસલે આજે મુંબઈ એરપોર્ટના એરપોર્ટ ઓપરેટર્સ કમિટી (AOC) સાથે બેઠક યોજી હતી. તેમણે એરલાઈન સમુદાયને વિઘ્નો ઓછા કરવા અને ઐતિહાસિક સ્લોટ ફાળવણીનું સંપૂર્ણ સન્માન કરવાની ખાતરી આપી છે. તેમણે વિન્ટર શેડ્યૂલ માટે કોઈપણ સ્લોટમાં ફેરફાર નહીં કરવાની પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આ બેઠક દરમિયાન મહત્વના મુદ્દાઓની ચર્ચા થઈ હતી અને પગલાં લેવામાં આવ્યા છેઃ

- જૂના થઈ ચૂકેલા ટર્મિનલ-૧ (T1) ના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પુનર્વિકાસના અમલીકરણ માટેની યોજના ઘડવા આગામી ૨ અઠવાડિયા સુધી જોઈન્ટ વર્કિંગ ગ્રુપ) કામ કરશે.

- ઉનાળાના સમયપત્રક (સમર શેડ્યૂલ)થી પુનર્વિકાસ અને ટ્રાફિક સંતુલનને સમર્થન આપવા માટે એરલાઈન્સ દ્વારા પ્રતિબદ્ધતા આપવામાં આવી છે.

★ NMIA (નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ) પર કોઈપણ ઓપરેશન્સ ખસેડવા ઈચ્છતી એરલાઈન્સને સંપૂર્ણ સહયોગની ખાતરી આપવામાં આવી છે.

★ બંને ટીમો ૨૮ ઓક્ટોબરે પુનઃ બેઠક યોજવા અને તે સમય સુધી દરેક એરલાઈન્સની નેટવર્ક અને સ્લોટ ટીમો સાથે સંકલન કરવા સંમત થઈ છે.

મુંબઈના નાગરિકો ને મળવા જોઈએ તેવા ઉચ્ચ ધોરણો મુજબ મુંબઈ એરપોર્ટના વિકાસ પ્રત્યે નવી સકારાત્મક પ્રતિબદ્ધતા અને બંને પક્ષોના આભાર વ્યક્ત સાથે આ બેઠક સંપન્ન થઈ હતી."

★ પ્રવક્તા, મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (MIAL)

તંત્રી લેખ...-

બુધવાર, તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૬

# સ્વાગત યોગ્ય જીએસટી સુધારા

જીએસટી કાઉન્સિલની સતત બીજી બેઠકમાં એવા નિર્ણયો લેવાયા છે, જેને વેપારીઓએ આવકાર્યા છે. દેશના આડકતરા કરમાળખાંમાં સૌથી મોટો સુધારો એટલે જીએસટી છે, પણ વિરોધી પક્ષોએ તેના વિશે પણ દુપ્રચાર કરવામાં કોઈ કસર રાખી નથી. ગયાં વર્ષે જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં જીએસટી ટેક્સ સ્લેબમાંની વિસંગતિઓ દૂર કરી પાંચ અને ૧૮ ટકા એમ સ્લેબનું માળખું રજૂ કરાયું હતું. આ વખતની બેઠકમાં લેવાયેલા નિર્ણયો નાણાપ્રધાન નિર્મલા સીતારામનના શબ્દોમાં કહીએ તો નેક્સ્ટ-જેન જીએસટી છે, જે વેપારીઓ તથા કરદાતાઓ બન્નેને મદદરૂપ થશે. વેપારીઓએ રજૂ કરેલી સમસ્યાઓ અને તેમને સહેવી પડતી મુશ્કેલીઓનો પડઘો નવા સુધારાઓમાં ઝીલાયો છે. આનાથી એ તો વધુ એકવાર સ્પષ્ટ થયું કે, સરકારને માત્ર કર ઊઘરાવવામાં નહીં આ પ્રક્રિયામાં સંકળાયેલા ભાગધારકોની સહુલિયતમાં પણ રસ છે. નોંધણીમાં સમસ્યા તથા રિફન્ડ મેળવવા માટેની માથાકૂટ તથા ફરિયાદોની ઉકેલમાં થતી સતામણી જેવા મુદ્દાઓ વેપારીઓએ રજૂ કર્યા હતા, જેમાં સુધારા કરાયા છે. જીએસટીની રજિસ્ટ્રેશન પ્રક્રિયા આ પહેલાં જરા જટિલ અને અટપટી હતી, જેમાં ફેરફાર કરી તેને સરળ બનાવાઈ છે. ટેક્સ રિફન્ડ પણ ઝડપી બનાવવાનો નિર્ણય લેવાયો છે. આના માટેનો એક્નોલેઝમેન્ટનો ગાળો ૧૫ દિવસથી ઘટાડીને ૧૦ દિવસ કરાયો છે અને સ્વીકૃતિ મળ્યાના ત્રણ દિવસની અંદર જ ૯૦ ટકા જેટલા રિફન્ડને મંજૂરી આપી દેવાશે. રિફન્ડમાં થતો વિલંબ અનેક નાના વેપારીઓ માટે સમસ્યાનું કારણ હતું. વળી, ઈનપુટ ટેક્સ ક્રેડિટ ક્લેમ કરવાનું વર્તુળ વધુ વ્યાપક કરાયું છે અને કર્મચારીઓ માટેના સ્વાસ્થ્ય તથા જીવન વીમાનો સમાવેશ કરાયો છે. માલની હેરફેર સારી રીતે થાય એ માટે પણ ફેરફાર કરાયા છે, જેમાં માલની તપાસણી કે જપ્તી કાં તો મોકલનાર રાજ્ય અથવા જ્યાં જે માલ જઈ રહ્યો છે એ રાજ્યના અધિકારી જ કરી શકશે. સૌથી મોટી રાહત જીએસટી અધિકારીઓ પાસે ધરપકડની સત્તા હતી, તે પાછી ખેંચી લેવાથી થવાની છે. વેપારીઓ સામે ખટલો ચલાવવા માટેની મર્યાદા એક કરોડથી વધારીને પાંચ કરોડ રૂપિયા કરાઈ છે તથા સામાન્ય પેનલ્ટી ૨૫ હજારથી ઘટાડીને રૂપિયા ૧૦ હજાર કરી દેવાઈ છે. ૧૦ હજારથી ઓછી રકમના મામલામાં નોટિસ નહીં મોકલવામાં આવે અને અત્યારે જે પણ છે તે પાછી ખેંચી લેવાશે. લઘુ ઉદ્યોગોને પણ મોટી રાહત મળી છે, અત્યાર સુધી દેશનાં વિવિધ રાજ્યોમાં કામગીરી ધરાવતા વેપારીઓ માટે સંબંધિત દરેક રાજ્યમાં કાર્યાલય હોય એવી પૂર્વશરત હતી, જે હવે દૂર કરાઈ છે. જીએસટીનો આશય જ એક દેશ, એક બજારનો હતો, પણ કેટલીક મર્યાદાઓને કારણે તેમાં અડચણો આવતી હતી. કાઉન્સિલે આથી આવશ્યક સુધારા કર્યા છે અને તેનું વેપારીઓએ પણ સ્વાગત કર્યું છે. ગયાં વર્ષે જીએસટી ટેક્સ સ્લેબના સરણીકરણ બાદ પગારદાર વર્ગે તહેવારોના દિવસોમાં ધૂમ ખરીદી કરી હતી અને ઉદ્યોગ-ધંધાઓએ પણ જીએસટી કપાતનો લાભ નાગરિકોને પાસ-ઓન કર્યો હતો, જેના પગલે અર્થતંત્રને પણ વેગ મળ્યો હતો. આ વખતે પણ સુધારાઓનો પ્રવાહ જારી રહ્યો છે અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે વેપારીઓને મળેલો આ સધિયારો સકારાત્મકતા લાવશે એમાં શંકા નથી.

# બંગાળની પેટા ચૂંટણી : મમતાને દાઝ્યા ઉપર ડામ

રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ વિપક્ષી નેતાઓનું પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળીને 'વોટચોરી'ની ફરિયાદ સાથે આવેદનપત્ર આપી રહ્યું હતું, ત્યારે બંગાળ અને તામિલનાડુ વિધાનસભાઓની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીનાં પરિણામ આવી રહ્યાં હતાં. બન્ને રાજ્યમાં શાસકપક્ષે બેઠકો જીતી છે. તામિલનાડુનાં પરિણામમાં આશ્ચર્ય નથી, જ્યારે બંગાળમાં - મુસ્લિમોની બહુમતીવાળા વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટીને જે બહુમતી મળી છે તે જોતાં વોટચોરીની ફરિયાદનો છેદ ઊડી જાય છે! મમતા બેનરજી માટે આ પરિણામ દાઝ્યા ઉપર ડામ જેવાં છે. પશ્ચિમ બંગાળમાં રાજકીય દષ્ટિએ મહત્ત્વના નંદીગ્રામ વિધાનસભાની પેટા ચૂંટણી મમતા બેનરજી માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતી, પણ અહીં ભાજપની ઉમેદવાર હસીરાણી રથે કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનને ૧,૨૨,૭૫૩ મતથી સજ્જડ પરાજય આપ્યો. મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારીના પર્સનલ સહાયક ચંદ્રનાથ રથનાં માતા હસીરાણીનો વિજય એ દષ્ટિએ પણ મહત્ત્વનો કે કોંગ્રેસના ઉમેદવારને માત્ર ૪૧,૬૭૪ મત જ મળ્યા અને ડાબેરીઓ, આઈએસએફ તથા ડેમોક્રેટિક તૃણમૂલ કોંગ્રેસ તથા અન્ય તમામ ઉમેદવારોની ડિપોઝિટ પણ જપ્ત થઈ ગઈ. મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તાર રેજીનગરમાં પણ ભાજપના શંકરરાવ સરકારની જીત થઈ હતી. આમ જનતા ઉન્નયન પાર્ટીના પ્રમુખ હુમાયુ કબીર હજી પાંચ મહિના પહેલાં જ આ બેઠક પરથી ૫૯ હજાર કરતાં વધુ મતથી જીત્યા હતા, પણ પેટા ચૂંટણીમાં તેમના પુત્ર ગુલામ નબી આઝાદ ૭૫,૮૧૬ મતથી હારનો સામનો કર્યો. હુમાયુ રેજીનગર ઉપરાંત નૌદાથી જીત્યા હતા આથી તેમણે રેજીનગરની બેઠક ખાલી કરી હતી. અહીં પણ ભાજપના ઉમેદવારને એક લાખથી વધુ મત મળ્યા હતા. આ સાથે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપની બેઠકોનો આંકડો ૨૦૯ થયો છે. કોંગ્રેસ તથા અન્ય વિરોધી પક્ષોએ હાર પછી ચૂંટણી પ્રચારમાં અડચણ અને મતદાનમાં ગેરરીતિના આક્ષેપો કર્યા છે. આસામના નાગાવ લોકસભા મતદાર સંઘમાં ભાજપનો સાત વર્ષ બાદ વિજય થયો એઆઈયુડીએફના પ્રમુખ અને આસામમાં મોટું માથું ગણાતા બદરુદ્દીન અજમલનો ૧.૪૨ લાખ મતોથી પરાજય હેમંતા બિસવા સર્મા માટે વ્યક્તિગત સ્તરે મોટી જીત ગણાય. મુસ્લિમો ભાજપની તરફેણમાં મતદાન નથી કરતા એ વાતનો છેદ બંગાળ અને આસામની આ જીતોથી ઊડયો છે. નાગાવમાં તો કોંગ્રેસની ઉમેદવાર શિબોમની બોરાને ૧.૨૯ લાખ મત મળ્યા હતા અને વિજેતા અને ભૂતપૂર્વ સરકારી અમલદાર દેબાશિષ શર્માની તરફેણમાં ૭.૧૪ લાખ વોટ પડયા હતા. લોકસભામાં આસામની ૧૪ બેઠકમાંથી હવે ૧૦ ભાજપ પાસે છે, બાકીની ચારમાંથી એક તો ભાજપના સાથી પક્ષ આસોમ ગણ પરિષદ પાસે છે, તો એક યુનાઈટેડ પીપલ્સ પાર્ટી લિબરલ અને બે પર કોંગ્રેસ છે. આસામ કોંગ્રેસના વડા ગૌરવ ગોગોઈએ આ પરાજય માટે ચૂંટણીપંચની ભૂમિકા પર સવાલ ઉપાડયા છે. વાસ્તવિકતા એ છે કે, વિરોધી પક્ષોના મતો વહેંચાઈ જવાને કારણે તથા લઘુમતી બાહુલ્ય વિસ્તારોમાં મતદાનની બદલાયેલી પેટર્નને કારણે ભાજપને લાભ થયો છે. વધુ એકવાર વિપક્ષી એકતાનો દાવો પોકળ સાબિત થયો છે અને ભાજપ સામે એકજૂટ થઈ લડવાની તેમની નબળાઈ અને આપસના મતાંતરોને કારણે ચૂંટણી પરિણામ તેમની ધારણા મુજબનાં આવ્યાં નથી. ભાજપે ક્યાંક ગઢ સાચવવા ઉપરાંત વિરોધીઓના કિલ્લા ફતેહ કર્યા છે.

### પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે કુલ ૨૬૪૦ કિલોમિટરની બોર્ડર છે

# ખૈબર પખ્તુનખ્વાં : પાકિસ્તાનના હાથમાંથી સરકી રહ્યું છે

### પાકિસ્તાનની સરકારે ખૈબર પખ્તુનખ્વાંમાં ઇમરજન્સી ડિક્લેર કરીને ઇમરાન ખાનની પાર્ટીની સરકારને બરખાસ્ત કરી નાખતા હોબાળા સર્જાયો છે

પાકિસ્તાનનું આતંકવાદી સંગઠન તહેરિક-એ-તાલિબાન ખૈબર પખ્તુનખ્વાંમાં હુમલાઓ કરતું રહે છે. આ પ્રદેશના અનેક સ્થળો આતંકવાદીઓના કબજામાં છે. પાકિસ્તાનની સેના પણ કેટલાંક વિસ્તારોમાં પગ મૂકી શકતી નથી. સ્થિતિ વધુ વણસે એવી શક્યતાઓ વર્તાઇ રહી છે

પાકિસ્તાનના બલૂચિસ્તાન, પાકિસ્તાન ઓક્યુપાઇડ કાશ્મીર, ખૈબર પખ્તુનખ્વાં સહિત અનેક વિસ્તારોમાં અત્યારે ભયંકર ઉહાપોહ છે. પાકિસ્તાન વિશે એવી આગાહીઓ થઇ રહી છે કે, ગમે ત્યારે પાકિસ્તાનના ચારથી પાંચ ટૂકડા થઇ જવાના છે. પહેલા ક્યો વિસ્તાર અલગ પડશે એની ચર્ચાઓ થઇ રહી છે. આ દરમિયાનમાં પાકિસ્તાનની સરકારે ખૈબર પખ્તુનખ્વાંમાં ઈમરજન્સી ડિકલેર કરીને આ પ્રદેશની સરકારને ભંગ કરી નાખી છે. ખૈબર પખ્તુનખ્વામાં ઈમરાન ખાનની પાકિસ્તાન તહેરિક-એ-ઈન્સાફ પાર્ટીની સરકાર હતી. પાકિસ્તાને ત્યાંની સરકાર તો ખતમ કરી નાખી છે, સાથોસાથ ઈમરાનની પાર્ટીના નેતાઓને પણ જેલમાં પૂરી દીધા છે. ઈમરાનના સમર્થકો રોડ પર ઉતરી આવ્યા છે.

લોકોને કાબુમાં કરવા પાકિસ્તાનની સેનાએ ગોળીબાર કર્યો છે. ખૈબર પખ્તુનખ્વાંમાં અત્યારે અંજપો છે. ખૈબર પખ્તુનખ્વામાં પાકિસ્તાનના આતંકવાદી સંગઠન તહેરિક-એ-તાલિબાને માથું ઊંચક્યું છે. આ આતંકી સંગઠને એવું એલાન કર્યું છે કે, અમે ધીમે ધીમે આખા પાકિસ્તાન પર કબજો જમાવીને દેશમાં શરિયા કાનૂન લાગુ કરવાના છીએ. પાકિસ્તાનની સરકાર આતંકવાદી ઘટનાઓને ડામવામાં નિષ્ફળ રહી છે. તેણે દોષનો ટોપલો સ્થાનિક સરકાર પર નાખ્યો છે. સ્થાનિક સરકાર ત્યાંની સ્થિતિ સંભાળી શકતી નથી એવું કહીને બરખાસ્ત કરી દેવાઇ છે. આ વિશે જાણકારો એવું કહે છે કે, હવે તો સ્થિતિ વધુ વણસવાની છે. આતંકવાદીઓ તો હતા જ, લોકો પણ હવે પાકિસ્તાનની સરકાર સામે મેદાને પડ્યા છે.

**ખૈબર પખ્તનુખ્વાંમાં સ્ફોટક સ્થિતિ**

પાકિસ્તાન મુખ્યત્ત્વે ચાર પ્રાંત અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં વહેંચાયેલું છે. તેમાં પંજાબ, બલૂચિસ્તાન, સિંધ, ખૈબર પખ્તુનખ્વાં અને કેન્દ્રશાસિત પ્રદેશ ઈસ્લામાબાદ કેપિટલ ટેરિટરીનો સમાવેશ થાય છે. ખૈબર પખ્તુનખ્વાં પાકિસ્તાનના ઉત્તર પશ્ચિમ ભાગમાં આવેલો એક મહત્ત્વનો પ્રાંત છે. કુદરતે અહીં પ્રાકૃતિક સૌંદર્ય વેરવામાં કંઇ બાકી નથી રાખ્યું. સ્વાત વેલી, ચિત્રાલ, કાગાન જેવા સુંદર સ્થળો અહીં આવેલા છે. બરફાચ્છાદિત પર્વતો, નદીઓ અને લીલોતરી આ સ્થળને સ્વર્ગ જેવું બનાવે છે. આ પ્રાંતને પાકિસ્તાનના સ્વિટ્ઝર્લેન્ડ તરીકે પણ ઓળખવામાં આવે છે. પેશાવર આ પ્રાંતનું સૌથી મોટું શહેર અને વહીવટી મથક છે. અગાઉ આ વિસ્તારને નોર્થ વેસ્ટ ફ્રન્ટિયર પ્રોવિન્સ તરીકે ઓળખવામાં આવતો હતો.

આ પ્રોવિન્સમાં ખૈબર, કુર્રમ, બાજોર સહિતના વિસ્તારોમાં આદિવાસીઓ અને કબીલાનો વસવાટ હતો. પાકિસ્તાનની સરકારે ૨૦૧૮માં ફાટા એટલે કે ફેડરલી એડમિનિસ્ટર્ડ ટ્રાયબલ એરિયાઝને ખૈબર પખ્તુનખ્વાંમાં ભેળવી દીધા હતા. ફાટાના વિલીનીકરણ બાદ ખૈબર પખ્તુનખ્વાંનો કુલ વિસ્તાર ૧,૦૧,૭૪૧ ચોરસ કિલોમિટરનો થયો હતો. વિસ્તારની દ્રષ્ટિએ તે પાકિસ્તાનનો ચોથા નંબરનો સૌથી મોટો પ્રાંત છે. ચાર કરોડ નવ લાખ જેટલા લોકો આ વિસ્તારમાં વસી રહ્યા છે. વસતિની દ્રષ્ટિએ એ પાકિસ્તાનનો ત્રીજો સૌથી મોટો પ્રાંત છે. અહીંની બહુમતિ વસતિ પખ્તુન પઠાણોની છે. પશ્તો ભાષા બોલતા આ સમુદાયના લોકો મહેમાનગતિ અને બહાદૂરી માટે આખી દુનિયામાં જાણીતા છે.

**અફઘાનિસ્તાન સાથે બોર્ડર જોડાયેલી છે**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે કુલ ૨૬૪૦ કિલોમિટરની બોર્ડર છે. ડુરંડ લાઈન તરીકે ઓળખાતી આ બોર્ડરનો સૌથી મોટો હિસ્સો એટલે કે ૧૩૪૩ કિલોમિટરની બોર્ડર ખૈબર પખ્તુનખ્વાં સાથે જોડાયેલી છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે અત્યારે સંઘર્ષની સ્થિતિ છે. પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં એર સ્ટ્રાઈક કરી એ પછી બંને વચ્ચે તણાવ ચરમસીમાએ છે. આવા સંજોગોમાં ખૈબર પખ્તુનખ્વાંમાં ટેન્શન પેદા થયું છે. પાકિસ્તાનમાં સૌથી વધુ આતંકી હુમલાઓ કરતા તહેરિક-એ-તાલિબાનનું ખૈબર પખ્તુનખ્વામાં જબરૂ વર્ચસ્વ છે. આતંકવાદીઓએ ખૈબર પખ્તુનખ્વામાં સરકારી ઈમારતો, સુરક્ષા એજન્સીઓ, પોલીસ ઉપરાંત અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચરો પર હુમલા કર્યા છે. આ વિસ્તારના અનેક સ્થળો પર આતંકવાદીઓનો કબજો છે. પાકિસ્તાનની સેના પણ આ સ્થળોએ પગ મૂકી શકતી નથી.

ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદી હુમલાઓ રોજની ઘટના છે. આ વર્ષ ૨૦૨૬ની જ વાત કરીએ તો દરરોજ એકથી વધુ હુમલા આતંકવાદીઓએ કર્યા છે. પાકિસ્તાનની સરકાર દ્વારા સત્તાવારી રીતે જાહેર કરાયેલા આંકડા મુજબ આ વર્ષે ખૈબર પખ્તુનખ્વામાં ૨૪૫૬ જેટલા આતંકી હુમલાઓ થયા છે. આતંકી હુમલાઓમાં આ વર્ષે જ એક હજારથી વધુ લોકોના મોત થયા છે. ૧૫૦૦થી વધુ લોકોને ઈજા થઈ છે. પાકિસ્તાન સેનાના જવાનો, રેન્જર્સ અને પોલીસ મળીને ૪૭૨ સુરક્ષા કર્મીઓના મોત થયા છે.

પાકિસ્તાનનો આક્ષેપ છે કે, આતંકવાદીઓને અફઘાનિસ્તાનના તાલિબાનો મદદ કરી રહ્યા છે. પાકિસ્તાનમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપીને આતંકવાદીઓ અફઘાનિસ્તાનની હદમાં ચાલ્યા જાય છે. અફઘાનિસ્તાનના તાલિબાનો આ વાતને નકારતા રહ્યા છે. તેઓ કહે છે કે, પાકિસ્તાન પોતાને ત્યાં આતંકવાદને કંટ્રોલ કરી શકતું નથી એટલે અમારા પર વાહિયાત આક્ષેપો કરે છે. આતંકવાદીઓના ખાત્માના નામે પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં એર સ્ટ્રાઈક કરી એ પછી અફઘાન તાલિબાનોએ પણ લડી લેવાનું નક્કી કર્યું છે. ડુરંડ લાઈન પર બંને વચ્ચે અથડામણો થઈ રહી છે. અફઘાન તાલિબાનોએ ધમકી આપી છે કે, જો આવું જ ચાલ્યું તો અમે ગમે ત્યારે પેશાવર પણ કબજો કરી લેશું.

ખૈબર પખ્તુનખ્વાંના લોકો સાથે પાકિસ્તાનની સરકારનું વલણ પહેલેથી ઓરમાયું રહ્યું છે. આમ તો આખા પાકિસ્તાનના લોકો અત્યારે ગરીબી, મોંઘવારી અને બેકારીના કારણે ત્રસ્ત છે. એમાંયે પીઓકે, બલૂચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વાંના લોકો તો સરકાર સામે લડી લેવા મેદાને પડ્યા છે. ખૈબર પખ્તુનખ્વાંમાં સ્થિતિ હજુ વધારે ખરાબ થવાની છે એ વાત નક્કી છે. નિષ્ણાતો આગાહી કરી રહ્યા છે કે, આ પ્રદેશ વહેલો કે મોડો પાકિસ્તાને ગુમાવવો પડશે.

### કાર્યક્રમ - યુદ્ધની વ્યૂહ, રણનીતિનું કોઈ આયોજન હોતું નથી

# આ સુપ્રીમ કોર્ટ છે, સંસદ ભવન નહી

- હવે શિવ-તાંડવમાં જાનૈયા જોડાયા હતા કે નહીં તેનું જ્ઞાન તો રાહુલને નથી. પણ તાંડવનો ઉલ્લેખ કરે છે ત્યારે ભસ્માસુરની વાત પણ જાણતા જ હશે. શિવજીએ રાહુલજીને ઙ્કભસ્માસુર' જેવું વરદાન આપ્યું હશે - જ્યાં ઙ્કહાથ' બતાવે ત્યાં બધું ભસ્મીભૂત થઈ જાય?

કોક્રોચ પાર્ટીના સ્થાપક નેતા અભિજિત દીપકે અને એમના સાથીદારો કહે છે કે હવે સમગ્ર દેશમાં ઠેર ઠેર જંતરમંતર ભજવાશે અને જ્ઞાનેશકુમારનું રાજીનામું આવે નહીં ત્યાં સુધી લડાઈ ચાલુ રહેશે. બીજી બાજુ રાહુલ ગાંધી પણ કહે છે કે એમની લડાઈ ચાલુ રહેશે. આમ છતાં આ બંને 'સેનાપતિઓ' વચ્ચે કોઈ સમજૂતીની જાહેરાત નથી. હકીકતમાં એક લક્ષ્ય માટે બે પ્રતિસ્પર્ધીઓ - હરીફ હોય એવી છાપ પડે છે. અલબત્ત, રાહુલ ગાંધી સ્પર્ધામાં આગળ છે કારણ કે એમની નાટકીય પદ્ધતિ મનોરંજન પણ પૂરું પાડે છે?

રાહુલ ગાંધી તથા ઈન્ડિ મોરચાના દસ નેતાઓની એસઆઈઆરને પડકારતી અરજીમાં સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીએ દસ્તાવેજો ન હોવા, વકાલતનામાનો અભાવ તથા અયોગ્ય ઓળખપત્રો જેવી ૧૪ ક્ષતિઓ તરફ ધ્યાન ખેંચ્યું છે. નવેસરથી અરજી કરવાની રહેશે.

રાહુલ ગાંધીએ બે મહત્ત્વની વાત કરી છે. એમના કાર્યક્રમ - યુદ્ધની વ્યૂહ, રણનીતિનું કોઈ આયોજન હોતું નથી. 'આશ્ચર્ય' એમનું શસ્ર છે. વડા પ્રધાનના નિવાસસ્થાન બહાર રસ્તા ઉપર સૂઈ ગયા હતા અને આકાશવાણી ભવનની દીવાલ - પાળી ઉપર ચડી બેઠા હોય - અન્ય નેતાઓ અને કાર્યકરોને પણ ખબર - અંદાજ હોતો નથી! રાહુલ ગાંધી આ વ્યૂહને પોતાની સફળતા કહે છે! અને પોતાને શિવજી સાથે સરખાવે છે કહે છે આંદોલન નહીં, આ તો શિવનું તાંડવ નૃત્ય છે! કોઈપણ રાજકીય પક્ષ - ભાજપ સહિતના સભ્યો શિવજીની બારાતમાં જોડાઈ શકે છે! હવે શિવ-તાંડવમાં જાનૈયા જોડાયા હતા કે નહીં તેનું જ્ઞાન તો રાહુલને નથી. પણ તાંડવનો ઉલ્લેખ કરે છે ત્યારે ભસ્માસુરની વાત પણ જાણતા જ હશે. શિવજીએ રાહુલજીને 'ભસ્માસુર' જેવું વરદાન આપ્યું હશે - જ્યાં 'હાથ' બતાવે ત્યાં બધું ભસ્મીભૂત થઈ જાય? રાહુલ ગાંધી એમ પણ કહે છે કે મુખ્ય ચૂંટણી કમિશનરને રાત્રે ઊંઘ પણ આવતી નથી - પણ ડોન્ટ વરી જ્ઞાનેશકુમાર અમારી પાસે આવી જાય - તાજના સાક્ષી બને તો એમને કોઈ સજા નહીં થાય! કારણ કે અમારા નિશાન ઉપર તો એમની પાછળ બેઠેલા મોટાં માથાં છે!

બે દિવસ અગાઉ રાહુલે એવો દાવો કર્યો હતો કે રાષ્ટ્રપતિએ અમારી ફરિયાદ સ્વીકારી છે કે વોટ ચોરી થાય છે? અને હજુ રાષ્ટ્રપતિ ભવન તરફથી કોઈ ખુલાસો રદિયો આવ્યો નથી એટલે રાહુલ ગાંધી કહે છે : રાષ્ટ્રપતિજી પણ માને છે કે વોટ ચોરી થઈ છે!

રાહુલ ગાંધી એટલું પણ જાણતા નથી કે રાષ્ટ્રપતિ મર્યાદા જાળવે છે અને નીચી કક્ષાએ ઉતરતા નથી. વાહિયાત દલીલ આગળ ધરીને કોઈ કહે કે આક્ષેપો સાચા ઠર્યા - તો કોઈ માને ખરું?

રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિના ઉંબરે ઊભા રહીને વોટ ચોરીની ફરિયાદ તો કરી પણ ચીફ જસ્ટિસને મળી શક્યા નહીં. કારણ કે ફરિયાદ કરવી હોય તો અદાલત સમક્ષ ઊભા રહેવું જોઈએ. રાષ્ટ્રપતિ ભવન અને સંસદ ભવન વચ્ચે ફરક છે. દરવાજે ઊભા રહીને દેકારા - પડકારા કરવાથી અને સંખ્યાબળ બતાવી શક્તિ પ્રદર્શન કરવાનો અર્થ નથી. સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોને આ રીતે પ્રભાવિત કરવા - કરાવવાના પ્રયાસની અવળી - ઊંધી અસર પડે.

સર્વોચ્ચ અદાલતના દરવાજે રાહુલ ગાંધી સેના ઊભી હતી ત્યારે કેરળ કૉંગ્રેસે ચીફ જસ્ટિસને 'ધમકી' આપી કે કાયદા - વ્યવસ્થા જાળવવાનું કામ તમારું ન હોય તો રાજીનામું આપીને ચાલતા થાવ. અમે બીજાને બેસાડીશું. કેરળ કૉંગ્રેસના નેતાઓ જાણતા નથી કે સંવિધાનમાં કામ - જવાબદારીની સ્પષ્ટ વહેંચણી છે! પણ ન્યાયમૂર્તિનું અપમાન અવમૂલ્યન થાય તેની નવાઈ નથી. ઈન્દિરા ગાંધીને ઈમર્જન્સીમાં સુપ્રીમ કોર્ટના સિનિયર ન્યાયમૂર્તિઓને બાજુએ રાખીને 'વફાદાર' ગણાતા જસ્ટિસ રાયને 'ચીફ' બનાવ્યા હતા. હવે કેરળ વિધાનસભામાં કૉંગ્રેસે ઠરાવ પસાર કરીને મુખ્ય ચૂંટણી કમિશનરને બરતરફ કરવાની માગણી કરી છે! પણ કૉંગ્રેસી મુખ્ય પ્રધાનને એટલી પણ ખબર નથી કે સંવિધાનમાં ચૂંટણી કમિશનરને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ જેટલી સત્તા આપવામાં આવી છે. સંસદમાં મહાભિયોગનો ઠરાવ પસાર કરવો પડે, જે શક્ય નથી એટલે શેરીઓમાં શક્તિ પ્રદર્શન થાય છે!

### અને મેજર ચંદનાસિંહ ચંડેલે વિંગુર ચોકી પર હલ્લો બોલાવ્યો હતો.

# બીએસએફ અને કચ્છની દોસ્તી

### તેના શૌર્યના ઈતિહાસમાં ૧૯૭૧નું યુદ્ધ સુવર્ણાક્ષરે લખાયેલું છે. આ દળે કચ્છ સીમાએથી કૂચ કરીને સિંધના નગરપારકર પર તિરંગો લહેરાવ્યો હતો

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં ભુજ ખાતે બીએસએફની હીરક જયંતી પરેડ યોજાઈ. કચ્છ જ નહી, ગુજરાતની ધરતી પર પ્રથમ એવો આ ઐતિહાસિક અવસર હતો. બીએસએફ હવે તો ખૂબ સારી સગવડો સાથે મજબૂત દળ બની ગયુંછે. અમિત શાહે વચન આપ્યુંછે કે, પાંચ વર્ષમાં સીમા સુરક્ષા દળને દુનિયાની સૌથી સક્ષમ, મોડર્ન ફોર્સ બની જાય એવા પ્લાનિંગ સાથે સરકાર આગળ વધી રહી છે. બીએસએફનો ખુદનો એક ઈતિહાસ છે. સ્થાપના દિવસની ઉજવણી એક સપ્તાહ પહેલાં થઈ. હકીકતમાં બીએસએફ પહેલી ડિસેમ્બરે અસ્તિત્વમાં આવ્યુંછે. કચ્છના જનજીવન સાથે સીમા સુરક્ષા દળ વણાઈ ચૂક્યું છે. સરહદે તો ખાખી વર્દીધારી આ ફોજીની હાજરી જોવા મળે... વાહનોની કતાર જતી હોય ભુજ કે ગાંધીધામ જેવાં શહેરોમાં પણ બીએસએફની મોટી હાજરી. એક નજર આ જાંબાઝ, રાષ્ટ્રભક્ત, ફરજપરસ્તી સુરક્ષા દળ ઉપર... ૧૯૬૫માં સ્થપાયેલું આ દળ પાકિસ્તાન અને બાંગલાદેશ સીમાએ રખોપું કરતી પાંચ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ ફોર્સ પૈકીનું એક છે. તેના ૧૮૬ બટાલિયનમાં અઢી લાખથી વધુ જવાન ફરજ બજાવી રહ્યા છે. ભારતીય સીમા પર સુરક્ષાની પ્રથમ હરોળ લેખાતું બીએસએફ સરહદે સુરક્ષા સંભાળતું દુનિયાનું સૌથી મોટું દળ છે. ૧૯૬૫માં એપ્રિલમાં પાકિસ્તાને કચ્છના રણમાં ઘૂસણખોરી કરી એ ઘટનાને પગલે વર્ષાંતે બીએસએફની રચના થઈ હતી. એ સમયે માત્ર ૨૫ બટાલિયન હતી. કચ્છ સહિતની સરહદે કુદરતની તમામ પ્રતિકૂળતાઓ સહન કરીને જવાનો ફરજ બજાવી રહ્યા છે. ભારતની સરહદો સાચવવી એ કોઈ ખાવાના ખેલ નથી. આપણી સમુદ્રી સીમાની લંબાઈ ૭૦૦૦ કિલોમીટર છે અને પાકિસ્તાન, ચીન, નેપાળ, ભૂતાન, બાંગલાદેશ તથા બર્માને અડતી જમીન-સરહદની લંબાઈ ૧૪ હજાર કિલોમીટર છે. કચ્છ-ગુજરાતમાં રણ અને ક્રીક સીમા છે. સીમાપાર પાકિસ્તાન જેવા શત્રુ દેશની મોજૂદગીને લીધે જવાનોએ સતત સતર્ક રહેવું પડે છે. ઘૂસણખોરી (ક્રોસિંગ), કેફી દ્રવ્યો, (ભૂતકાળમાં) શસ્ત્રોની હેરાફેરી, સીમાવર્તી ક્ષેત્રમાં ગુનાખોરી રોકવા, દેશવિરોધી પ્રવૃત્તિ ડામી દેવા જેવી કામગીરી બીએસએફ બજાવે છે. ખેદની વાત છે કે, આવાં ફરજપરસ્ત દળને રાજકારણના છાંટા ઉડાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે એક મહત્ત્વના નિર્ણયમાં પાકિસ્તાન અને બાંગલાદેશ સાથે સરહદ ધરાવતાં રાજ્યો પંજાબ, આસામ અને પશ્ચિમ બંગાળમાં બીએસએફ અધિકાર ક્ષેત્ર ૧૫ કિ.મી.થી વધારીને ૫૦ કિ.મી. કરવાની જાહેરાત કરી છે. પંજાબ, આસામ, બંગાળ સીમાએ આતંકી તત્ત્વોની ઘૂસણખોરી, ડ્રોનના ઉપયોગ જેવી બાબતોને ધ્યાને લઈને આ નિર્ણય લીધો છે, પરંતુ પ. બંગાળ, પંજાબ સરકારોને એ પસંદ નથી પડયું અને નિર્ણય પાછો ખેંચવાની માગણી થઈ રહી છે. સીમા સુરક્ષા દળનો જન્મ પાકિસ્તાન સાથેનાં યુદ્ધમાંથી થયો છે એમ કહી શકાય. ૧૯૬૫ના એપ્રિલ માસમાં પાકિસ્તાને કચ્છનાં રણમાં ઘૂસણખોરી કરી એ ઘટના પછી સજાગ બનેલી ભારત સરકારે સીમા સુરક્ષા

દળની રચના કરવાનો નિર્ણય લીધો. પહેલી ડિસેમ્બર-૧૯૬૫ના બીએસએફની સ્થાપના થઈ. કચ્છ માટે ગૌરવ લેવા જેવી વાત એ છે કે, તેમાં પૂર્વ સાંસદ મહારાવ કુંવર હિંમતાસિંહજીએ ભૂમિકા ભજવી હતી. ૧૯૬૫નાં યુદ્ધ વખતે હિંમતાસિંહજી સ્વતંત્ર પક્ષના સંસદસભ્ય તરીકે લોકસભામાં ચૂંટાયા હતા. તેમણે કચ્છની સરહદ પર નાપાક ખતરા અંગે જોરદાર રજૂઆત કરી હતી. એટલું જ નહી, સંસદમાં નિવેદન કરતાં બીએસએફને પણ ફોજની જેમ અસરકારક દળ બનાવવાની હિમાયત કરી હતી. આવું સીમાદળ રચવાની જરૂરિયાત કેમ ઊભી થઈ એ જાણીએ. ૧૯૬૫ સુધી પાકિસ્તાન સાથેની ભારતની સરહદો પણ રાજ્ય સશસ્ત્ર પોલીસ બટાલિયનને હવાલે હતી. પાકિસ્તાને કચ્છ સરહદે સરદાર ચોકી, છાડબેટ અને બિયારબેટ પર નવમી એપ્રિલ-૧૯૬૫ના આક્રમણ કર્યું હતું. આ હુમલા વખતે રાજ્ય-કેન્દ્રીય પોલીસ દળના જવાનોએ બહાદૂરીથી આક્રમણ ઝેલ્યું, પણ મર્યાદા છતી થઈ ગઈ. આમ, કેન્દ્ર સરકારે પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદે શસ્ત્રસજ્જ અને તાલીમબદ્ધ ખાસ દળની જરૂરત અનુભવી અને થોડાં મંથન પછી આમ પહેલી ડિસેમ્બર-૧૯૬૫ના સીમા સુરક્ષા દળ અસ્તિત્વમાં આવ્યું. કે.એમ. રુસ્તમજી તેના પ્રથમ વડા અને સ્થાપક બન્યા હતા. મ.કુ. હિંમતસિંહજી આ માટે પહેલેથી સજાગ હતા. એપ્રિલ-૧૯૬૫માં ભારત ઊંઘતું રહ્યું અને પાકિસ્તાની દળો આપણો મુલક પચાવતાં આગળ વધતાં રહ્યાં હતાં, ત્યારે તેમણે સંસદ ઉપરાંત ગૃહપ્રધાનથી માંડીને વિદેશમંત્રી સુધી આક્રમક રજૂઆત કરી હતી કે, નાપાક પાડોશીના મનસૂબા સારા નથી. તેને પાઠ નહી ભણાવીએ તો કચ્છને અને દેશને બેહદ નુકસાન થશે. આ રજૂઆતનું જોઈએ તેવું પરિણામ આવ્યું નહી. કચ્છ-સિંધને જોડતો છાડબેટ-કંજરકોટ સહિતનો વિશાળ વિસ્તાર ભારતનું અભિન્ન એ અંગ હોવા છતાં પાકિસ્તાને વિધિવત રીતે પડાવી લીધો. આપણી મુત્સદ્દીગીરી કે રાજકીય વ્યૂહરચના સદંતર નિષ્ફળ નીવડી એનો હિંમતાસિંહજીને જીવનના આખરી શ્વાસ સુધી રંજ હતો. એપ્રિલ-૨૦૦૬માં આ લખનારા સાથે લંબાણભરી વાતચીતમાં રાજવી પરિવારના મોવડીએ વસવસો વ્યક્ત કર્યો હતો કે, કચ્છનાં રણમાં પેશકદમી કરનારાં પાકિસ્તાની દળોને જડબાંતોડ જવાબ આપવામાં તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીને કંઈ નડયું હોય તો તે વિશ્વ સમુદાયમાં 'શાંતિપ્રિય રાષ્ટ્ર' તરીકેની આપણી ઈમેજ. અલબત્ત, ભારતે ૧૯૬૫નું યુદ્ધ જીત્યું, પણ મોટો વિસ્તાર ગુમાવી દીધો હતો. એટલું જ નહી, ૧૯૭૧નાં યુદ્ધમાં આપણી ફોજે બહાદૂરીપૂર્વક એ વિસ્તાર કબજે કર્યો, છતાં તાશ્કંદ વાટાઘાટમાં ભારતે પાડોશીને એ તાસક પર ભેટ ધરી દીધો હતો. બીએસએફએ સ્થાપના થયા પછી તુરંત રણ સરહદ સંભાળી લીધી હતી. એક નંબરની બટાલિયનને સરદાર ચોકી, વિઘાકોટ, કરીમશાહી, બિયારબેટ, પોઈન્ટ ૮૪, ભેડિયાબેટ, મોટા બેટ અને ખાવડાનો હવાલો સોંપાયો. બીજા નંબરની બટાલિયન ખડીર અને બનાસકાંઠા સરહદે ગોઠવવામાં આવી હતી. ધીરે-ધીરે કચ્છ-ગુજરાત અને દેશમાં આ દળ સરહદે રખોપાં કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતું થઈ ગયું. બીએસએફ આજે કચ્છનાં જનજીવન સાથે વણાઈ ગયેલું દળ છે. ધરતીકંપ અને અતિવૃષ્ટિ જેવી કુદરતી આફત વખતે જવાનો ખડેપગે રહે છે. એટલું જ નહી, ગ્રામ્ય પંથકમાં આરોગ્ય કેમ્પ જેવી સમાજસેવાની કામગીરી પણ બજાવતા રહે છે અને આમ પણ 'જીવતપર્યંત કર્તવ્ય' એ બીએસએફનો મુદ્રાલેખ છે. શાંતિ સમયમાં સીમા દળ સરહદી વિસ્તારના લોકોમાં સુરક્ષાની સમજ વધારવાની ફરજ બજાવે છે. કચ્છ જેવા સંવેદનશીલ વિસ્તારમાં સરહદની પેલે પારથી થતા ગુના રોકવા માટે સજાગ રહે છે. સીમાદળની ખૂબી એ છે કે, તે એર વિંગ, મરિન વિંગ, આર્ટિલરી રેજિમેન્ટ અને કમાન્ડો યુનિટ ધરાવનારું એકમાત્ર અર્ધલશ્કરી દળ છે.





# જે લોકોને ક્યારેય સંતોષ થવાનો જ નથી એને ખુશ કરવાની કોશિશ કેમ કરું? : રાધિકા મદાન

બોલિવૂડ અભિનેત્રી રાધિકા મદાને મહિલાઓ પર સુંદરતાના અવાસ્તવિક ધોરણોને અનુરૂપ દેખાવા માટે ઊભા થતા દબાણ અંગે ખુલીને વાત કરી છે. કેટરિના કૈફના પ્રસૂતિ બાદ વધેલા વજનને લઈને થયેલી ટીકાના સંદર્ભમાં રાધિકાએ મહિલાઓના દેખાવ પર થતી સતત ટિપ્પણીઓ સામે પોતાની વાત કરી હતી. તેનાં મતે, મહિલાઓનું વજન વધે કે ઘટે, બંને સ્થિતિમાં તેમને ટીકાનો સામનો કરવો પડે છે.

એક વાતચીતમાં રાધિકાએ ફિલ્મો માટે પોતાનાં શરીરમાં કરેલા ફેરફારો અને તેનાં કારણે થયેલી બૉડી શેમિંગની ઘટનાઓ યાદ કરી હતી. અભિનેત્રીએ જણાવ્યું કે ફિલ્મ પટાખા માટે તેણે ૧૫ કિલો વજન વધાર્યું હતું. ત્યારબાદ શિદ્દત અને અંગ્રેઝી મીડિયમનાં શૂટિંગ દરમિયાન તે વજન ઘટાડવા લાગી હતી.

રાધિકાએ કહ્યું કે શરૂઆતમાં તેને 'ખૂબ જાડી' કહીને હિરોઇન બનવા અંગે સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. સતત વજન ઘટાડવા અને એક પછી એક ફિલ્મોના શૂટિંગને કારણે તેનું શરીર અત્યંત પાતળું થઈ ગયું હતું. આની અસર તેના સ્વાસ્થ્ય પર પડતાં તેણે થોડો વિરામ લીધો હતો.

અભિનેત્રીએ જણાવ્યું કે વજન ઘટાડ્યા પછી પણ ટીકા અટકી નહોતી. પહેલાં તેને જાડી કહેવામાં આવતી હતી, જ્યારે પછી ખૂબ પાતળી હોવાની ટિપ્પણીઓ થવા લાગી. આ અનુભવ બાદ તેણે બીજાઓને ખુશ કરવા કરતાં સ્વસ્થ રહેવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું.

રાધિકાએ નાની ઉંમરથી જ છોકરીઓ પર લાદવામાં આવતા સૌંદર્યના માપદંડો અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. શાળાના દિવસોમાં તેની બે ભ્રમરો જોડાયેલી હતી અને ચહેરા પર વાળ પણ હતા. જોકે, તેનાં ઉછેરને કારણે તે પોતાનાં દેખાવને સ્વીકારી શકી અને બીજાનાં વિચારો પર આધાર રાખ્યા વિના આત્મવિશ્વાસ કેળવી શકી.

તેણે કહ્યું કે સંપૂર્ણ દેખાવાની સામાજિક અપેક્ષાઓથી પ્રભાવિત થવાને બદલે દરેક વ્યક્તિએ પોતાની વિશિષ્ટતાઓને સ્વીકારવી જોઈએ. જોકે, સોશિયલ મીડિયા પર થતી ટીકાને અવગણવી હંમેશાં સરળ નથી, તેમ છતાં પોતાની જાતને સ્વીકારવાની પ્રક્રિયામાં સમય અને ધીરજ જરૂરી છે.

# ગાયક શિવાયના ગીત 'ઇઅરિંગ' રીવાબાની ઉપસ્થિતિમાં લોન્ચ



ગુજરાતના ઉભરતા ગાયક કલાકાર શિવાયના નવા ગીત ઈયરિંગનું સોમવારે ગાંધીનગરની એક હોટલ ખાતે લોન્ચ થયું હતું. આ લોન્ચ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજા ઉપસ્થિત રહ્યાં હતાં. સંગીતના મધુર સૂર અને નવીન રજૂઆત સાથે સંગીતપ્રેમીઓને એક નવી ભેટ આપવાના ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગીત 'ઈયરિંગ'ની સમગ્ર ટીમ હાજર રહી હતી, જેમાં ગાયક શિવાય ઉપરાંત, ગીતની એક્ટ્રેસ રીવા અરોરા, ગીતના ડાયરેક્ટર રામજી ગુલાંટી, મ્યુઝિક ડાયરેક્ટર સની ઈન્દર તેમજ ગીતના લિરિસિસ્ટ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન આર.જે. લવ દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજ્ય મંત્રી રીવાબા જાડેજાએ પોતાના ભાઈના આ બીજા ગીતના લોન્ચ પ્રસંગે જણાવ્યું કે, "શિવાયે ૬ વર્ષની ઉંમરથી સંગીતની તાલીમ લેવાનું શરૂ કર્યું હતું. તેણે સંગીતની તાલીમ લીધી અને આજે તેનું બીજું ગીત લોન્ચ થઈ રહ્યું છે. ગીતનું મ્યુઝિક બહુ સુંદર છે અને આ ગીતથી યુથને કનેક્ટ કરવાની કોશિશ કરવામાં આવી છે. શિવાયનો સુંદર અવાજ યુથને આકર્ષિત કરશે તેવી અપેક્ષા છે." કાર્યક્રમમાં 'ઈયરિંગ' ગીતનો વીડિયો ઓડિયન્સ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, ઓડિયન્સની ફરમાઇશ પર શિવાયે પોતાના નવા ગીતને લોકો સમક્ષ લાઈવ ગાઈને પ્રસ્તુત કર્યું હતું.

# 'રામાયણ'નો પ્રથમ ભાગ ૫ નવેમ્બરે વિશ્વભરમાં રિલીઝ થશે, દશેરાથી બુકિંગ



નવરાત્રિના પ્રથમ દિવસે ફિલ્મ 'રામાયણ'ના નિર્માતાઓએ દર્શકોને ખાસ ભેટ આપતાં ફિલ્મનાં પ્રથમ ભાગની રિલીઝ ડેટ જાહેર કરી છે. નિતેશ તિવારીના દિગ્દર્શનમાં બની રહેલી આ બે ભાગની મહાકાવ્ય ફિલ્મનો પ્રથમ ભાગ ૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે. નિર્માતાઓએ નવા પોસ્ટર સાથે જાહેરાત કરતાં જણાવ્યું છે કે દશેરાના પાવન અવસરથી ફિલ્મનું એડવાન્સ બૂકિંગ શરૂ થશે.

નવા પોસ્ટરમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી માતા સીતા અને રવિ દુબે લક્ષ્મણના પાત્રમાં જોવા મળે છે, જ્યારે યશ રાવણના સ્વરૂપમાં તેમની પાછળ ઊભેલો દેખાય છે. પોસ્ટરમાં પાત્રોની રજૂઆત દ્વારા રામાયણની કથાના મુખ્ય પાત્રો વચ્ચેનો દૃશ્યાત્મક વિરોધાભાસ દર્શાવવામાં આવ્યો છે.

નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર જાહેરાત કરતાં લખ્યું હતું કે, "આ નવરાત્રિના શુભ અવસરે આપણે નવા યુગની શરૂઆતની ઉજવણી કરીએ છીએ. આ રામના યુગનો આરંભ છે." ફિલ્મમાં સની દેઓલ પણ હનુમાનની ભૂમિકામાં જોવા મળશે.

નમિત મલ્હોત્રાના પ્રાઇમ ફોકસ સ્ટુડિયોઝ દ્વારા આઠ વખત ઓસ્કાર જીતેલી કંપની ડી.એન.ઈ.જી. અને યશની મોન્સ્ટર માઇન્ડ ક્રિએશન્સના સહયોગથી ફિલ્મનું નિર્માણ થઈ રહ્યું છે. 'રામાયણ' હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ ભાષાઓમાં રજૂ થશે. ફિલ્મ આઈમેક્સ સહિતનાં પ્રીમિયમ ફોર્મેટમાં પણ રિલીઝ થશે.

# અલ્લુ અર્જુન અને લોકેશ કનગરાજની 'એએ૨૩'બંધ થવાની અફવા પર પૂર્ણવિરામ



સાઉથ સિનેમાનાં સુપરસ્ટાર અલ્લુ અર્જુન અને જાણીતા દિગ્દર્શક લોકેશ કનગરાજની આગામી ફિલ્મ 'એએ૨૩'ને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ફિલ્મ બંધ થઈ ગઈ હોવાની અફવાઓ વહેતી થઈ હતી. જોકે, લોકેશ કનગરાજે અલ્લુ અર્જુન સાથેની એક તસવીર સોશિયલ મીડિયા પર શેર કરીને ફિલ્મનું કામ આગળ વધી રહ્યું હોવાના સંકેત આપ્યા છે. તસવીર સાથે તેણે લખ્યું હતું, 'રસપ્રદ અપડેટ્સ ટૂંક સમયમાં આવશે.'

'AA23' એક એક્શન એન્ટરટેઈનર ફિલ્મ છે, જેનાં દ્વારા લોકેશ કનગરાજ તેલુગુ સિનેમામાં દિગ્દર્શક તરીકે પ્રવેશ કરશે. અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. અહેવાલો અનુસાર, ફિલ્મનું પ્રી-પ્રોડક્શન કાર્ય શરૂ થઈ ગયું છે અને તેની સંપૂર્ણ વાર્તાનું નરેશન પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. ફિલ્મનું શૂટિંગ ડિસેમ્બર ૨૦૨૬માં શરૂ થવાની શક્યતા છે, જ્યારે નિર્માતાઓ ક્રિસમસ ૨૦૨૭માં તેને રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા હોવાનું કહેવાય છે. જોકે, આ તારીખોની સત્તાવાર જાહેરાત થવાની બાકી છે.

ફિલ્મના જાહેર કરાયેલા ટીઝરમાં અલ્લુ અર્જુનના હાથમાં જોવા મળતું વિશિષ્ટ સિલ્વર કડું અને તેની સ્ટાઈલિશ રજૂઆત ચર્ચાનો વિષય બન્યાં હતાં. ફિલ્મનું સંગીત અને બેકગ્રાઉન્ડ સ્કોર અનિરુદ્ધ રવિચંદર તૈયાર કરી રહ્યા છે. અહેવાલોમાં પૂજા હેગડેનું નામ પણ મુખ્ય અભિનેત્રી તરીકે ચર્ચાઈ રહ્યું છે, પરંતુ આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

'પુષ્પા ૨: ધ રૂલ' બાદ અલ્લુ અર્જુન દિગ્દર્શક અટલીની ફિલ્મ 'રાકા'માં જોવા મળશે. ફિલ્મના ફર્સ્ટ લૂકમાં તેનો વિશિષ્ટ અને પશુસમાન દેખાવ ચર્ચામાં રહ્યો છે. આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળશે. હાલ તો 'એએ૨૩' અંગે લોકેશ કનગરાજની પોસ્ટે ફિલ્મ બંધ થવાની અટકળો પર વિરામ મુક્યો છે. હવે ચાહકોની નજર ફિલ્મની આગામી સત્તાવાર જાહેરાત પર છે.



નવરાત્રિનો માહોલ જામી રહ્યો છે ત્યારે ગરબાના તાલે ઝૂમવાની સાથે પરંપરાગત પોશાકમાં આકર્ષક દેખાવાની પણ ખેલૈયાઓમાં ઉત્સુકતા છે. જે લોકો પરંપરાગત ચણિયાચોળી ન પહેરવા માગતાં હોય અને કશુંક કમ્ફર્ટેબલ પણ સ્ટાઈલિશ પહેરવા માગતા હોય તો ચણિયાચોળીથી લઈને હેવી એમ્બ્રોઇડરીવાળા કુર્તા-સ્કર્ટ સુધી, બોલિવૂડ અભિનેત્રીઓના લૂક્સ આ નવરાત્રિમાં ફેશન માટે પ્રેરણા આપી શકે છે. ભૂમિ પેડનેકરથી લઈને જાન્હવી કપૂર સુધીની અભિનેત્રીઓના અંદાજ પર નજર કરીએ.

# ત્રણ બાળ ફિલ્મમાં વિશિષ્ટ સામ્ય

બાળકોના નિર્ભેળ મનોરંજન માટે બનેલી ફિલ્મોની સંખ્યા ઝાઝી નથી. અલબત્ત, મોટેરા અને બાળકોના સંબંધોના તાણાવાણા દર્શાવતી કેટલીક મજેદાર ફિલ્મો અનેક ભાષામાં બની છે. બાળકની માનસિકતા પર ફોક્સ કરતી સમાન કથાવસ્તુ ધરાવતી ત્રણ ફિલ્મોની વાત આજે માંડી છે. અંગ્રેજી ફિલ્મ The Sound of Musicની રિલીઝના ૬૦ વર્ષ પૂરા થયા એ નિમિત્તે ઉજવણીનો દોર ચાલી રહ્યો છે. આ ફિલ્મ પર આધારિત હિન્દીમાં 'પરિચય' અને બંગાળીમાં 'જય જયંતી' ફિલ્મ બની હતી.

## ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક:

૧૯૬૫માં રિલીઝ થયેલી બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનારી વિશ્વવિખ્યાત ફિલ્મ 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક' (બજેટ ૮૨ લાખ ડૉલર, કલેક્શન ૨૮ કરોડ ડોલર)ને પાંચ ઓસ્કર એવોર્ડ (બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ એડિટિંગ, બેસ્ટ મ્યુઝિક અને બેસ્ટ સાઉન્ડ) મળ્યા હતા.

રસપ્રદ વાત એ છે કે બેસ્ટ એક્ટ્રેસ માટે નોમિનેશન મેળવનારી જુલી એન્ડ્રુઝને આગલા વર્ષે એટલે કે ૧૯૬૪માં 'મેરી પોપિન્સ' માટે બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો હતો. ૧૯૩૯ની 'ગોન વિથ ધ વિન્ડ' ફિલ્મના સૌથી વધુ કલેક્શનનો રેકોર્ડ 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક'એ તોડી નાખ્યો હતો અને પાંચ વર્ષ સુધી એ વિક્રમ એના નામે રહ્યો. વિશ્વભરમાં ફિલ્મના ડંકા વાગ્યા અને ૨૯ દેશમાં અગાઉના બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખવામાં સફળતા મેળવી હતી.

કથા ૧૯૩૦ના દાયકામાં આકાર લે છે. મારિયા (જુલી એન્ડ્રુઝ) ખ્રિસ્તી સાધ્વી (નન) બનવાની ઈચ્છા ધરાવે છે, પણ શિસ્તના અભાવે તેને ભૂતપૂર્વ નેવી ઓફિસર વિધુર કેપ્ટન જ્યોર્જ વોન ટ્રેપ (ક્રિસ્ટોફર પ્લમર)નાં સાત બાળકોની ગવર્નેસ તરીકે કામ કરવા મોકલી આપે છે. કેપ્ટન બાળકોને લશ્કરી શિસ્તથી રાખે છે અને મારિયા પાસે પણ એવો જ આગ્રહ રાખે છે. અગાઉ કેટલીક ગવર્નેસને બાળકોએ સતામણી કરી ભગાડી મૂકી હોય છે અને મારિયા સાથે પણ એવું જ કરવા ધારે છે.

જોકે, મારિયાનો લાગણીશીલ સ્વભાવ, એની હૂંફને કારણે બાળકોને એને માટે મમત્વ જાગે છે. મારિયા બાળકોમાં સંગીત માટે રુચિ પેદા કરે છે. સંતાનોમાં આવેલા બદલાવથી કેપ્ટન રાજી રાજી થાય છે અને એને મારિયા માટે લગાવ થઈ જાય છે. કથામાં ઉતાર ચઢાવ પછી મારિયાના મેરેજ કેપ્ટન સાથે થાય છે. સંજોગો એવા ઊભા થાય છે કે ટ્રેપ પરિવારને







ઓસ્ટ્રિયાથી નાસી છૂટવું પડે છે અને મારિયાની મદદથી બધા સરહદ ઓળંગી સ્વિટ્ઝર્લેન્ડ પહોંચી જાય છે.

ફિલ્મની સાથે સાથે એના સંગીતે પણ ધૂમ મચાવી હતી. એલપી રેકોર્ડની બે સાઈડ પર કુલ ૧૬ ગીત હતાં અને ફિલ્મ રિલીઝના પહેલા બે જ અઠવાડિયામાં એકલા યુએસએમાં પાંચ લાખ રેકોર્ડનું વેચાણ થયું હતું. ફિલ્મનું ડૉ — ઈઈ — રૈં ગીત બહુ પસંદ કરવામાં આવ્યું હતું. આ ગીતથી મારિયા અને બાળકો વચ્ચે સ્નેહનો સેતુ બંધાય છે અને એકબીજા માટે મમત્વ બંધાય છે .

## જય જયંતી

બંગાળી ફિલ્મ 'પરિચય' કરતાં એક વર્ષ પહેલા એટલે કે ૧૯૭૧માં રિલીઝ થઈ હતી. 'પરિચય'માં જે રોલ જીતેન્દ્રએ કર્યો છે એ રોલમાં 'જય જયંતી'માં અપર્ણા સેન છે અને પ્રાણનો રોલ ઉત્તમ કુમારએ નિભાવ્યો છે. પાંચ બાળકના કાકા સંજોય રોય (ઉત્તમ કુમાર) ઘમંડી અને ઉદ્ધત સ્વભાવની વ્યક્તિ છે અને જયંતી (અપર્ણા સેન) રોય પરિવારમાં બાળકોની દેખભાળ કરતી ગવર્નેસની ભૂમિકામાં નજરે પડે છે.

## વાર્તા આગળ વધે છે એમ બાળકો

જયંતીના હેવાયા થઈ જાય છે અને પોતાના ઘરે પાછી ફરેલી જયંતીને સંજોયા રોય પોતાના ઘરે આવવા આમંત્રણ આપે છે અને પિક્ચર પૂરું થાય છે. 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક'ની બંગાળી રિમેક ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ્સી સફળ થઈ હતી અને એ સમયે ઉત્તમ કુમાર અને અપર્ણા સેનની બંગાળી ચિત્રપટ સૃષ્ટિમાં બોલબાલા હતી એટલે દર્શકો એમના પર ઓવારી ગયા એ સ્વાભાવિક હતું.

ફિલ્મમાં કુલ આઠ ગીત હતાં જેમાંથી સંધ્યા મુખોપાધ્યાયના ૪ એકલ ગીત (સોલો સોંગ) અને એક યુગલ ગીત (ડ્યુએટ સોંગ) મળી કુલ પાંચ ગીત હતાં. 'અમાદેર છુટ્ટી છુટ્ટી' માટે ગાયિકાને શ્રેષ્ઠ પાર્શ્વગાયનનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ ગીતના શબ્દો જાણ્યા પછી એ 'પરિચય'ના સા રે કે સા રે ગા મા કો લેકર ગાતે ચલે'ની સમકક્ષ હોય એવું પ્રતીત થાય છે. 'પરિચય'માં યુગલ ગીત છે જ્યારે 'જય જયંતી'માં એકલ ગીત છે.

## પરિચય

ગુલઝાર 'મેરે અપને થી દિગ્દર્શક બન્યા બાદ બીજી ફિલ્મ બનાવી 'પરિચય'. જીતેન્દ્ર, જયા ભાદુડી, સંજીવ કુમાર અને પ્રાણ મુખ્ય રોલમાં હતા. 'પરિચય'માં 'ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક' ઉપરાંત રાખીએ સજેસ્ટ કરેલી બંગાળી નવલકથા 'રંગીન ઉત્તરન'નો આધાર લેવામાં આવ્યો હતો. એકબીજા પર અભાવ ધરાવતા પરિવારના સભ્યો પર બહારથી આવેલી વ્યક્તિ પ્રભાવ પાડી જીવનમાં એકસૂત્રતા લાવી દે છે એના પર ગુલઝારે ફોકસ કર્યું છે.મૂળ કથાનું હાર્દ જાળવી રાખી ગુલઝારે એમાં સ્વદેશી ફ્લેવર ઉમેરી છે. મારિયાના રોલમાં શિક્ષક રવિ (જીતેન્દ્ર) છે અને કેપ્ટન જ્યોર્જ વોન ટ્રેપના સ્થાને બાળકોના દાદા તરીકે રાયબહાદુર (પ્રાણ) છે અને રોમેન્ટિક ટ્રેક માટે રાયબહાદુરની મોટી પૌત્રી રમા (જયા ભાદુડી) છે. ગુલઝારને સલામ મારવી પડે કે ઉછળકૂદ એક્ટરની ઈમેજ ધરાવતા જીતુભાઈને એક સાદગીપૂર્ણ શિક્ષકના રોલમાં પેશ કરી પ્રભાવી સાબિત કર્યા.ફિલ્મની છેલ્લી પાંચ મિનિટ જોયા પછી તમને આદિત્ય ચોપડાની 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'નો ક્લાઈમેક્સ યાદ આવી જશે. ફિલ્મના ગીત-સંગીત (ગુલઝાર-આર. ડી. બર્મન) ટોપ ક્લાસ છે. ફિલ્મમાં ચાર ગીત છે, પણ ચારેચાર અવિસ્મરણીય. 'મુસાફિર હૂં યારો' (કિશોર કુમાર), 'બીતી ના બિતાઈ રૈના' (લતા-ભુપિન્દર), 'મીઠે બોલ બોલે' (ભુપિન્દર ને કોરસ) અને 'સા રે કે સા રે ગા મા કો લેકર ગાતે ચલે' (કિશોર કુમાર અને આશા ભોસલે) આજે પણ સાંભળવાની મજા આવે છે. 'સા રે કે સા રે ગા મા કો લેકર ગાતે

# ભારતીય કેપ્ટન શુભમન ગિલ રેકોર્ડ પાંચમી વખત ICC 'પ્લેયર ઓફ ધ મંથ'



ભારતીય કેપ્ટન શુભમન ગિલને મંગળવારે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા રેકોર્ડ પાંચમી વખત 'પ્લેયર ઓફ ધ મંથ' ચૂંટવામાં આવ્યાં છે, જ્યારે શેફાલી વર્માને એશિયા કપ અને એશિયન ગેમ્સમાં શાનદાર પ્રદર્શન માટે મહિલા વર્ગમાં આ સન્માન મળ્યું છે.ગિલે વેસ્ટ ઈન્ડિઝની કેપ્ટન હેલી મેથ્યુઝની બરાબરી કરી લીધી છે, જે પાંચ વખત આ સન્માન મેળવી ચૂક્યા છે. ગિલને આ પહેલાં જાન્યુઆરી તથા સપ્ટેમ્બર ૨૦૨૩ અને ફેબ્રુઆરી તથા જુલાઈ ૨૦૨૫માં પસંદ કરવામાં આવ્યાં હતાં.

ગિલે જણાવ્યું હતું કે, "પાંચમી વખત ICC પ્લેયર ઓફ ધ મંથ ચૂંટાવું શ્રેષ્ઠ અનુભવ છે. હું આ સન્માન માટે પેનલનો આભાર માનું છું." બીજી તરફ શેફાલીએ કહ્યું, "આ પુરસ્કાર ફરી પ્રાપ્ત કરવો એ સન્માનની વાત છે.

એશિયા કપ અને એશિયન ગેમ્સમાં જીતમાં યોગદાન આપવું સારું રહ્યું, જેનાથી આ જીત વધુ ખાસ બની ગઈ." એક જ દેશમાંથી મહિલા અને પુરુષ બંને ક્રિકેટરોની પસંદગી થવાનો આ પાંચમો પ્રસંગ છે.

ભારતની કેપ્ટન સ્મૃતિ મંધાના ICC વનડે મહિલા બેટ્સમેનોની યાદીમાં શિખર પર કાયમ છે. તાજેતરમાં જ હરમનપ્રીત કૌરના સ્થાને કેપ્ટન બનાવાયેલા મંધાના ૭૯૦ પોઈન્ટ્સ સાથે બેટ્સમેનોની યાદીમાં ટોચ પર છે.

હરમનપ્રીત નવમા સ્થાને છે. વનડે બોલરોની રેન્કિંગમાં દીપ્તિ શર્મા એક સ્થાન નીચે આવીને નવમાં ક્રમે પહોંચી ગઈ છે. મહિલા ટી-૨૦ બેટિંગ રેન્કિંગમાં શેફાલી વર્મા ચોથા ક્રમે છે.ICCએ જણાવ્યું છે કે ૧૨ દિવસ પહેલાં ૨૦૨૭ વનડે વર્લ્ડ કપની ટિકિટો માટે અરજી પ્રક્રિયા શરૂ થયા બાદથી અત્યાર સુધી ૧૪૨ દેશોમાંથી દોઢ કરોડથી વધુ અરજીઓ મળી છે, જે આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વૈશ્વિક રસ દર્શાવે છે. ICCની આ ૫૦ ઓવરની ટોચની ટૂર્નામેન્ટનું આયોજન દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા સંયુક્ત રીતે કરશે અને તેનું આયોજન ૨ ઓક્ટોબરથી ૨૧ નવેમ્બર સુધી કરવામાં આવશે.ICCએ નિવેદનમાં જણાવ્યું હતું કે, "અત્યાર સુધી ટિકિટો માટે ૧ કરોડ ૫૦ લાખ ૮૩ હજાર ૭૫૨ અરજીઓ મળી છે, જેના માટે ૧૪૨ દેશોના પ્રશંસકોએ ૪૪ લાખ ૨૩ હજાર ૪૧૭ નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવી છે."

# યુવરાજ દિલ્હી કેપિટલ્સના બેટિંગ કોચ બન્યો



ભારતીય ક્રિકેટનાં પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહને દિલ્હી કેપિટલ્સના સહાયક અને બેટિંગ કોચ તરીકે નિમણૂક કરવામાં આવ્યાં છે. સૌરવ ગાંગુલી મુખ્ય કોચ બન્યાના એક સપ્તાહ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

યુવરાજ પ્રથમવાર વિધિવત રીતે કોઈ ટીમ સ્ટાફના કોચિંગ ગ્રુપ સાથે જોડાશે. યુવરાજે જણાવ્યું હતું કે, "કેપિટલ્સ સાથે જીવનનાં નવા અધ્યાયની શરૂઆત કરવા માટે હું ખૂબ જ ઉત્સાહિત છું. હું દાદા (સૌરવ ગાંગુલી) સાથે ફરી કામ કરવાની રાહ જોઉં છું."

આઈપીએલ ૨૦૧૫માં દિલ્હી ડેરડેવિલ્સે તેમને ૧૬ કરોડ રૂપિયામાં ખરીદ્યાં હતાં. તેઓ શુભમન ગિલ, અભિષેક શર્મા અને પ્રભસિમરન સિંહના મેન્ટર (માર્ગદર્શક)ની ભૂમિકા ભજવી ચૂક્યા છે. દિલ્હીને પોતાનાં પ્રથમ આઈપીએલ ટ્રોફી/ખિતાબની રાહ છે.

# ૩૭ વર્ષની વયે કોહલીનું Linkedin પર ડેબ્યુ : પ્રથમ પોસ્ટ વાયરલ

## ભારતીય ખેલાડીએ વ્યવસાય અને ભારતીય રમતગમતનાં ભવિષ્ય અંગે રજૂ કર્યો પોતાનો દ્રષ્ટિકોણ




ભારતીય ક્રિકેટ ટીમના અગ્રણી બેટ્સમેન વિરાટ કોહલીએ રમતગમતનાં મેદાનની સાથે હવે વ્યવસાયિક નેટવર્કિંગ પ્લેટફોર્મ linkedin પર પણ પોતાની નવી સફર શરૂ કરી દીધી છે. આ પ્લેટફોર્મ પર તેમણે પોતાની પ્રથમ પોસ્ટ શેર કરી છે, જેને સોશિયલ મીડિયા પર યુઝર્સ તરફથી અદ્ભુત પ્રતિસાદ મળી રહ્યો છે અને તે ખૂબ જ વાયરલ થઈ રહી છે.

પોતાની linkedin પ્રોફાઈલમાં વિરાટ કોહલીએ પોતાને માત્ર એક વ્યાવસાયિક ક્રિકેટર તરીકે જ નહીં, પરંતુ એક બિઝનેસમેન તરીકે પણ રજૂ કર્યા છે. તેમણે પોતાની પ્રોફાઈલમાં 'એગિલિટાસ સ્પોર્ટ્સ'માં રોકાણકાર અને 'વન૮વર્લ્ડ' ના સહ-સંસ્થાપક તરીકેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.પોતાની પ્રથમ પોસ્ટમાં કોહલીએ ભારતીય રમતગમતના ભવિષ્ય માટે પોતાનો સ્પષ્ટ દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે. તેમણે જણાવ્યું કે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય એક એવું સંકલિત સ્પોર્ટ્સ પ્લેટફોર્મ તૈયાર કરવાનો છે, જેમાં ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ), ગ્રાહક બ્રાન્ડ્સ અને રમતનાં સાધનોનું વિતરણ સમાવિષ્ટ હોય, જેથી ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધાં પછી પણ આ વ્યવસાય સતત આગળ વધતો રહે.

કોહલીએ પોતાનાં સંદેશમાં ભારતમાં વિશ્વસ્તરીય રમતગમત પ્રતિભાઓને વિકસાવવાની અપાર સંભાવનાઓ વિશે વાત કરી છે. તેમણે લખ્યું કે, ભારત માત્ર વૈશ્વિક રમતોમાં ભાગ જ નહીં લે, પરંતુ તેના ભવિષ્યને આકાર આપવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે. આ જ કારણ છે કે તેઓ આ ક્ષેત્રમાં એક રોકાણકાર તરીકે જોડાયા છે.

એક તરફ વ્યવસાયિક ક્ષેત્રે નવી શરૂઆત થઈ છે, તો બીજી તરફ ક્રિકેટનાં મેદાન પર પણ વિરાટ કોહલીનું શાનદાર પ્રદર્શન યથાવત્ છે. તેઓ આગામી સમયમાં યોજનાર એકદિવસીય (ઓડીઆઈ) વિશ્વકપ માટે પોતાની જગ્યા નિશ્ચિત કરવા સતત ઉત્કૃષ્ટ રમત દાખવી રહ્યાં છે.

# અફઘાનિસ્તાને બાંગ્લાદેશ સામેની હારેલી ટેસ્ટ ડ્રો કરાવી

અફઘાનિસ્તાને બાંગ્લાદેશ સામે હારેલી ટેસ્ટ મેચ ડ્રો કરાવી. અબુ ધાબીમાં અફઘાનિસ્તાને બીજી ઈનિંગ્સમાં ૧૪૨ ઓવર બેટિંગ કરી અને ૮ વિકેટે ૩૪૬ રન બનાવ્યા. બાંગ્લાદેશે પ્રથમ ઈનિંગ્સમાં ૧૦૬ રનની લીડ લીધા બાદ બીજી ઈનિંગ્સ ૭ વિકેટે ૩૭૨ રન બનાવીને ડિક્લેર કરી હતી અને અફઘાનિસ્તાન સામે ૪૭૯ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો.સેદીકુલ્લાહ અટલે મંગળવારે સદી ફટકારી. તેણે ૧૧૧ રનની ઈનિંગ્સ રમી. કૈસ અહમદે દિવસના છેલ્લા બોલ પર સિક્સ ફટકારી. તે ૪૯ રન બનાવીને નોટઆઉટ રહ્યો.સેદિકુલ્લાહે ૮ કલાક ૩૪ મિનિટ સુધી બેટિંગ કરી. તેણે સદીની ઈનિંગ્સમાં ૯ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા. આ ટેસ્ટ મેચની ચોથી ઈનિંગ્સમાં અફઘાનિસ્તાનના કોઈ બેટરની પ્રથમ સદી હતી.અટલે શરૂઆતમાં સમય પસાર કરવા અને વિકેટ બચાવવા પર ધ્યાન આપ્યું. બાંગ્લાદેશના બોલરો સતત દબાણ બનાવી રહ્યા હતા,



પરંતુ તેણે લાંબી ઈનિંગ્સ રમી.અટલને કેપ્ટન રહમત શાહનો સાથ મળ્યો. રહમતે બીજી ઈનિંગ્સમાં ૧૨૪ બોલમાં ૫૧ રન બનાવ્યા. બંનેએ ત્રીજી વિકેટ માટે ૮૨ રનની ભાગીદારી કરી. ત્યારબાદ હશમતુલ્લાહ શાહિદીએ ૩૬ અને વિકેટકીપર ઇકરામ અલીકિલે ૩૩ રન બનાવીને અફઘાનિસ્તાનની આશાઓ જીવંત રાખી.અટલ આઉટ થયા બાદ પણ અફઘાનિસ્તાને હાર માની નહીં. યામિન અહમદઝઈએ ૮૫ બોલમાં ૧૯ રન બનાવ્યા અને કાઈસ અહમદે ૮૦ બોલમાં અણનમ ૪૯ રન બનાવીને મેચ ડ્રો કરાવી દીધી.બાંગ્લાદેશના કેપ્ટન નઝમુલ હુસૈન શાંતો એ સ્વીકાર્યું કે તેની ટીમ નિરાશ છે, કારણ કે બોલરોએ તકો ઊભી કરી હતી, પરંતુ તેને વિકેટમાં ફેરવી શક્યો નહીં. તેણે કહ્યું કે અફઘાનિસ્તાને શાનદાર બેટિંગ કરી અને તેની ટીમે આ મેચમાંથી શીખવાની જરૂર છે.અફઘાનિસ્તાનના કેપ્ટન રહમત શાહે આ ડ્રોને જીત સમાન ગણાવ્યો. તેણે કહ્યું કે ટીમે પાંચ દિવસ સુધી બેટિંગ અને બોલિંગમાં પોતાની યોજનાને અમલમાં મૂકી.

# વૈભવ સૂર્યવંશી ભારતમાં પહેલીવાર ઇન્ટરનેશનલ મેચ રમી શકે

## આજે હૈદરાબાદમાં વેસ્ટ ઇન્ડીઝ સામે ચોથી T20; ઈન્ડિયાએ ૨૦૨૪માં આ જ મેદાન પર ૨૯૭ રન બનાવ્યા હતા

ભારત વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે ૫ મેચની T20 સિરીઝની ચોથી મેચ આજે હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. સિરીઝમાં ભારતીય ટીમ ૨-૧થી આગળ છે. આ સ્થિતિમાં શ્રેયસ અય્યરની ટીમ આ મેચ જીતીને સિરીઝ પોતાના નામે કરવા ઈચ્છશે. વળી, વેસ્ટ ઈન્ડીઝની ટીમ પણ જોરદાર ટક્કર આપવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. આ મેચ સાંજે ૭ વાગ્યે શરૂ થશે.




ટીમ ઈન્ડિયાએ હૈદરાબાદમાં રમેલા અત્યાર સુધીના ત્રણેય T20 મુકાબલા જીત્યા છે. ટીમે આ જ મેદાન પર ૨૦૨૪માં બાંગ્લાદેશ સામે ૨૯૭ રન બનાવ્યા હતા. આ T20 ઈન્ટરનેશનલમાં ભારતનો સૌથી મોટો સ્કોર છે.

પાછલા મુકાબલામાં મળેલી શાનદાર જીત છતાં ભારતીય ટીમ પોતાની પ્લેઈંગ-૧૧માં એક બદલાવ કરી શકે છે. ટીમ સંજુ સેમસનના સ્થાને વૈભવ સૂર્યવંશીને તક આપી શકે છે. જો વૈભવને આજે પ્લેઈંગ-૧૧માં મોકો મળે છે, તો તે ભારતમાં પહેલીવાર ઈન્ટરનેશનલ મેચ રમશે.

શ્રેયસ અય્યરે સિરીઝમાં ભારત માટે સૌથી વધુ રન બનાવ્યા છે. તેણે ૩ મેચમાં ૨૨૬.૯૮ના સ્ટ્રાઈક રેટથી ૧૪૩ રન બનાવ્યા છે. તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર અણનમ ૧૦૨ રન રહ્યો.બોલિંગમાં નમન ધીરે ૩ મેચમાં ૫ વિકેટ લીધી છે. તેનું બેસ્ટ પ્રદર્શન ૩૧ રન આપીને ૩ વિકેટ રહ્યું. નમને પોતાની બધી વિકેટ છગ્ગો લાગ્યા પછીના બોલે જ લીધી છેવેસ્ટ ઈન્ડીઝ તરફથી શેરફેન રધરફોર્ડે ૩ મેચમાં ૧૮૯.૦૧ની સ્ટ્રાઈક રેટથી ૧૭૨ રન બનાવ્યા છે. તે સિરીઝનો ટૉપ રન સ્કોરર છે. તેની ઈનિંગ્સમાં બેસ્ટ સ્કોર ૮૪ રન રહ્યો. બોલિંગમાં રોસ્ટન ચેઝે ૩ મેચોમાં ૬ વિકેટ લીધી છે. તે પણ સિરીઝનો ટૉપ વિકેટ ટેકર છે.

હૈદરાબાદની પીચ તાજેતરમાં ફરીથી તૈયાર કરવામાં આવી છે. છતાં અહીં મોટા સ્કોર બનવાની અપેક્ષા છે. છેલ્લા બે વર્ષમાં આ મેદાન પર ૩૧૦, ૨૯૭, ૨૮૬ અને ૨૭૭ રનના સ્કોર બન્યા છે. ભારતમાં T20 ક્રિકેટના ટોચના-૮ સ્કોરમાંથી ૪ આ જ મેદાન પર આવ્યા છે. ઝાકળ પડવા પર બેટર્સને વધુ મદદ મળી શકે છે.

# બાવુમાની કેપ્ટનશીપમાં પહેલીવાર ટેસ્ટ હાર્યું સાઉથ આફ્રિકા

## ડરબનમાં ઓસ્ટ્રેલિયાએ ૨૧૪ રનથી હરાવ્યું, મેચમાં હેઝલવુડે કુલ ૮ વિકેટ ઝડપી

ટેમ્બા બાવુમાની કેપ્ટનશીપ પ્રથમ વખત સાઉથ આફ્રિકા કોઈ ટેસ્ટ મેચ હારી ગયું છે. ટીમને ડરબનમાં રમાયેલી પહેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૨૧૪ રનથી હરાવ્યું. આ સાથે જ ઓસ્ટ્રેલિયાએ ત્રણ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી.

ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ પહેલી ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા હતા. જવાબમાં સાઉથ આફ્રિકાની ટીમ ૨૮૪ રન પર ઓલઆઉટ થઈ ગઈ. ઓસ્ટ્રેલિયાને પ્રથમ દાવમાં ૧૦૬ રનની લીડ મળી. ત્યારબાદ ટીમે બીજી ઈનિંગ્સ ૬ વિકેટે ૩૧૪ રન બનાવીને ડિક્લેર કરી અને ૪૨૧ રનનો ટાર્ગેટ આપ્યો.

પાંચમા દિવસે સાઉથ આફ્રિકાની બીજી ઈનિંગ્સ ૨૦૬ રનમાં સમેટાઈ ગઈ. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે મેચમાં ૮ વિકેટ ઝડપી. સિરીઝની બીજી ટેસ્ટ ૧૮ ઓક્ટોબરથી ગકેબેરામાં રમાશે.

ટેમ્બા બાવુમાની કેપ્ટનશીપ હેઠળ સાઉથ આફ્રિકાએ ૧૨ ટેસ્ટ રમ્યા. આ દરમિયાન ટીમે ૧૧ મેચ જીતી. કેપ્ટન તરીકે પ્રથમ હાર પહેલાં સૌથી વધુ ટેસ્ટ જીતવાના મામલે બાવુમાએ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઈક બ્રિયરલીને પણ પાછળ છોડી દીધા. બ્રિયરલીએ ઈંગ્લેન્ડની કેપ્ટનશીપ કરતા પોતાના શરૂઆતના ૧૫ ટેસ્ટમાં ૧૦ જીત નોંધાવી હતી.

સાઉથ આફ્રિકાને ઘરઆંગણે નવેમ્બર ૨૦૨૪ બાદ પ્રથમ વખત ટેસ્ટમાં હાર મળી છે. આ પહેલાં ટીમે પોતાના ઘરઆંગણે સતત ચાર ટેસ્ટ જીત્યા હતા.



સાઉથ આફ્રિકાએ પાંચમા દિવસની શરૂઆત ૧૦૨/૪ના સ્કોરથી કરી હતી. એડન માર્કરમ ૪૫ અને વિયાન મુલ્ડર ૫ રન સાથે ઈનિંગ્સને આગળ વધારી રહ્યા હતા. મુલ્ડર ૨૯ રન બનાવીને આઉટ થયો. છઠ્ઠી વિકેટ કાઈલ વેરેનેની પડી. તેણે ૧ રન બનાવ્યો.

ત્યારબાદ માર્કો યાન્સેન ૩૫, સિમોન હાર્મર ૨૦, માર્કરમ ૭૫ અને એનરિક નોર્કિયાએ ૪ રન બનાવ્યા. કેશવ મહારાજ ૧ રન બનાવીને અણનમ પરત ફર્યો. ઓસ્ટ્રેલિયા માટે બીજી ઈનિંગ્સમાં જોશ હેઝલવુડે ૬ વિકેટ ઝડપી. તેણે પહેલી ઈનિંગ્સમાં ૨ વિકેટ લીધી હતી.

ઓસ્ટ્રેલિયાએ ડરબનના કિંગ્સમીડ સ્ટેડિયમમાં સતત ચોથી ટેસ્ટ જીતી છે. ટીમે આ મેદાન પર ૨૦૦૬ પછીથી પોતાની જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે. કેપ્ટન પેટ કમિન્સે જીત બાદ રેનશોની પ્રથમ ઈનિંગ્સની પ્રશંસા કરી. તેણે કહ્યું કે રેનશોની ઈનિંગ્સે ટીમને શરૂઆતની મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર આવવામાં અને મેચમાં લીડ જાળવી રાખવામાં મદદ કરી.

ઓસ્ટ્રેલિયા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)માં ૮૧.૮૨% પોઈન્ટ્સ પર્સેન્ટેજ (PCT) સાથે ટોચ પર છે. ભારત ૫૧.૫૨% સાથે પાંચમા અને સાઉથ આફ્રિકા ૬૦% સાથે ત્રીજા સ્થાને છે.

# ગુજરાતના વેદાંત ત્રિવેદીએ રણજી ડેબ્યૂમાં જ સદી ફટકારી

## ઉર્વિલ પટેલે ૭ છગ્ગા ફટકાર્યા; ઈજામાંથી કમબેક કરી રહેલા આયુષ મ્હાત્રેને જમણી હેમસ્ટ્રિંગમાં ગંભીર ઈજા થઈ

ઉત્તરપ્રદેશે રણજી ટ્રોફીમાં બિહારને ઈનિંગ્સ અને ૨૬૭ રનથી હરાવ્યું. મંગળવારે મુંબઈએ ચંડીગઢ અને હૈદરાબાદે ત્રિપુરા સામે ઈનિંગ્સથી જીત નોંધાવી.

કર્ણાટકના કરુણ નાયરે આંધ્ર સામે અણનમ ૮૧ રન બનાવીને ટીમને સંભાળી. ગુજરાતના ઉર્વિલ પટેલે સાત છગ્ગાની મદદથી ૮૫ રન બનાવ્યા. કેરળના અભિષેક પી. નાયર અને પંજાબના વિહાન મલ્હોત્રાએ પોતાના પ્રથમ ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી.

દરમિયાન, મુંબઈના વાઈસ કેપ્ટન આયુષ મ્હાત્રેને જમણી હેમસ્ટ્રિંગમાં ગંભીર ઈજા થઈ છે. તેને ૪થી ૬ અઠવાડિયા સુધી ક્રિકેટથી દૂર રહેવું પડી શકે છે.



કર્ણાટકની બીજી ઈનિંગ્સમાં કરુણ નાયરે ત્યારે જવાબદારી સંભાળી, જ્યારે ટીમના ઓપનર મયંક અગ્રવાલ અને કેએલ રાહુલ ઝડપથી આઉટ થયા. દિવસની રમત પૂરી થઈ ત્યાં સુધી નાયર ૧૩૦ બોલમાં ૮૧ રન બનાવીને અણનમ રહ્યો હતો. તેની ઈનિંગ્સના કારણે કર્ણાટકે આંધ્ર સામે બીજી ઈનિંગ્સમાં ૩૨ રનની લીડ મેળવી લીધી.

પ્રથમ ઈનિંગમાં કર્ણાટકની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. ટીમ માટે સ્મરણ રવિચંદ્રને ૧૨૬ રન બનાવીને ઈનિંગ સંભાળી હતી. તેણે કૃષ્ણન શ્રીજીત સાથે પાંચમી વિકેટ માટે ૧૧૧ રનની ભાગીદારી કરી હતી.

ગુજરાતના બેટર ઉર્વિલ પટેલે ઓડિશા સામે ૬૭ બોલમાં ૮૫ રન બનાવ્યા. તેની ઈનિંગ્સમાં ૭ છગ્ગાનો સમાવેશ રહ્યો. હર્ષલ પટેલે પણ ૬૦ રનનું યોગદાન આપ્યું. આ પહેલાં ડેબ્યૂ કરી રહેલા વેદાંત ત્રિવેદીએ સદી ફટકારી હતી. આ ઈનિંગ્સની મદદથી ગુજરાતે ઓડિશા સામે પ્રથમ ઈનિંગ્સમાં ૧૧૫ રનની સરસાઈ મેળવી.

કેરળ તરફથી અભિષેક પી. નાયરે ઝારખંડ સામે પોતાની પ્રથમ ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી. તેણે ૧૨૬ રન બનાવ્યા અને રોહન કુન્નુમલ તથા સચિન બેબી સાથે ઉપયોગી ભાગીદારીઓ કરી. જોકે, કેરળની ટીમ ઝારખંડના પ્રથમ ઈનિંગ્સના સ્કોરથી હજુ પણ ૩૧૮ રન પાછળ હતી અને તેની પાસે માત્ર ચાર વિકેટ બાકી હતી.

પંજાબના ઓપનર વિહાન મલ્હોત્રાએ પણ પોતાની પ્રથમ ફર્સ્ટ ક્લાસ સદી ફટકારી. તેની ઈનિંગ્સના કારણે આસામ સામે પંજાબ પ્રથમ ઈનિંગ્સમાં સરસાઈ મેળવવાની સ્થિતિમાં પહોંચી ગયું.

ઉત્તરાખંડના વિકેટકીપર બેટર સૌરભ રાવતે રેલવે સામે ૧૦૭ રન બનાવ્યા. તેની ઈનિંગ્સથી ઉત્તરાખંડની લીડ ૧૯૨ રન સુધી પહોંચી ગઈ. મયંક મિશ્રાએ ૧૫૫ બોલમાં ૫૧ રન બનાવીને તેને સારો સાથ આપ્યો.

તમિલનાડુના આન્દ્રે સિદ્ધાર્થે રાજસ્થાન સામે ૮૧ રન બનાવ્યા. પરંતુ તેના આઉટ થતાં જ ટીમની ઈનિંગ્સ વેરવિખેર થઈ ગઈ. તમિલનાડુએ માત્ર ૧૦ રનની અંદર પાંચ વિકેટ ગુમાવી દીધી. રાજસ્થાનના બોલર અજય સિંહે ત્રણ વિકેટ લઈને ટીમની પ્રથમ ઈનિંગ્સની લીડ મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આકાશ સિંહે પણ બે વિકેટ લીધી.

હરિયાણાના યશવર્ધન દલાલે ૭૨ રનની ઈનિંગ્સ રમીને ટીમને ૨૫૩ રન સુધી પહોંચાડી. ત્યારબાદ હરિયાણાના બોલરોએ હિમાચલ પ્રદેશની બીજી ઈનિંગ્સને ૧૧૩ રનમાં સમેટી દીધી.પુડુચેરીના રિતેશ ગુડગે સદીથી ચૂકી ગયો. તેના ઉપરાંત નિખિલ ગંગટા અને મોહિત કાલેએ ફિફ્ટી ફટકારી. જોકે, આ ઈનિંગ્સ છતાં વિદર્ભે નાગપુરમાં મોટી લીડ મેળવી.મેઘાલયના જસકીરત સિંહે સિક્કિમ સામે ૧૨૭ રન બનાવીને ટીમને પ્રથમ દાવમાં ૧૫૦ રનની લીડ અપાવી. તો, મિઝોરમના વિકેટકીપર જેહુ એન્ડરસને નવમા ક્રમે બેટિંગ કરતાં ૯૧ બોલમાં ૭૧ રન બનાવ્યા. તેની ઈનિંગ્સની મદદથી મિઝોરમે મણિપુરને ૨૨૮ રનનો ટાર્ગેટ આપ્યો.ઉત્તર પ્રદેશના સ્પિનર કાર્તિક યાદવ અને કર્ણ શર્માએ બિહારના બેટર્સને પરેશાન કર્યા. બંનેએ પહેલી ઈનિંગ્સમાં મળીને ૮ વિકેટ લીધી. બીજી ઈનિંગ્સમાં પણ બંનેએ પાંચ વિકેટની ભાગીદારી કરી, જ્યારે લેગ સ્પિનર ઝીશાન અંસારીએ ૪ વિકેટ ઝડપી. બિહાર સામે એક જ દિવસમાં કુલ ૧૮ વિકેટ પડી અને ઉત્તર પ્રદેશે ઈનિંગ્સથી જીત નોંધાવી.

# પાકિસ્તાન ટેસ્ટ સિરીઝ માટે શ્રીલંકાની ટીમની જાહેરાત

શ્રીલંકાએ નવેમ્બરમાં પાકિસ્તાન સામે રમાનારી બે ટેસ્ટ મેચની સિરીઝ માટે ટીમ જાહેર કરી છે. ઝડપી બોલર ઈશાન મલિંગા અને વિકેટકીપર અંજલા બંડારાને ટીમમાં સ્થાન મળ્યું છે.

લેફ્ટ આર્મ પેસર દિલશાન મધુશંકાની પણ ટીમમાં વાપસી થઈ છે. જોકે, નિરોશન ડિકવેલાને ટીમમાંથી બહાર કર્યો છે. કુશલ મેન્ડિસ પ્રથમ વખત ટેસ્ટ કેપ્ટન તરીકે ટીમનું નેતૃત્વ કરશે. બંને ટેસ્ટ રાવલપિંડી અને લાહોરમાં રમાશે.

અંજલાને પહેલીવાર આંતરરાષ્ટ્રીય ટીમમાં સ્થાન મળ્યું છે. તેણે ડિકવેલાનું સ્થાન લીધું છે. ડિકવેલાને ઑગસ્ટમાં ભારત સામેની ઘરઆંગણે રમાયેલી ટેસ્ટ સિરીઝ માટે પરત બોલાવ્યો હતો, પરંતુ હવે તેની ટીમમાં પસંદગી કરવામાં આવી નથી.

ધનંજય ડી સિલ્વાએ કેપ્ટનપદ છોડ્યા બાદ કુશલ મેન્ડિસને ટેસ્ટ કેપ્ટન બનાવ્યો છે. પાકિસ્તાન પ્રવાસ પર કેપ્ટન તરીકેની આ તેની પ્રથમ ટેસ્ટ સિરીઝ હશે.

ઈશાન મલિંગા નાના ફોર્મેટમાં સતત રમતો રહ્યો છે. આ તેનું પ્રથમ ટેસ્ટ ટીમ કૉલ-અપ છે. તેણે ૧૯ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૪૪ વિકેટ ઝડપી છે. તેની બોલિંગ સરેરાશ ૩૧.૧૫ રહી છે.

લાહિરુ ઉદારા અને કામિલ મિશારાને પણ ટીમમાંથી બહાર કર્યો છે. બંનેએ કોલંબોમાં ભારત સામેની બીજી ટેસ્ટ રમી હતી.

ઓલરાઉન્ડર સહાન અરાચિગેને પણ ટીમમાં સ્થાન મળ્યું નથી. ભારત સામેની તે ટેસ્ટ માટે તેને ટીમમાં સામેલ કર્યો હતો. દિનેશ ચાંદીમલનું ટીમમાં પુનરાગમન થયું છે. ગૉલમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં કન્કશનને કારણે તેને મેચમાંથી બહાર થવું પડ્યું હતું.કુશલ મેન્ડિસ (કેપ્ટન), પાથુમ નિસાંકા, પસિન્દુ સૂરિયાબંડારા, દિનેશ ચાંદીમલ, કામિન્દુ મેન્ડિસ, સોનલ દિનુષા, ધનંજય ડી સિલ્વા, અંજલા બંડારા, કેશરા નુવાંથા, પ્રભાત જયસૂર્યા, મિલાન રત્નાયકે, લાહિરુ કુમારા, અસિતા ફર્નાન્ડો, દિલશાન મધુશંકા, ઈશાન મલિંગા.નવેમ્બર ૨૦૨૫માં ઈસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ અને સુરક્ષા ચિંતાઓને કારણે શ્રીલંકન ક્રિકેટ ટીમના કેટલાક ખેલાડીઓએ પાકિસ્તાન પ્રવાસ અધવચ્ચે છોડીને સ્વદેશ પરત ફરવાનો નિર્ણય કર્યો હતો. જોકે, બાદમાં શ્રીલંકા ક્રિકેટ બોર્ડના નિર્દેશ પર બાકીની ટીમ પાકિસ્તાનમાં રોકાઈ અને તેણે આગળની મેચ રમી હતી.૧૭ વર્ષ પહેલાં શ્રીલંકન ક્રિકેટરોની ટીમ બસ પર હુમલો થયો હતો. માર્ચ ૨૦૦૯માં TTPના આતંકવાદીઓએ ગદ્દાફી સ્ટેડિયમ પાસે ટીમની બસ પર ગોળીબાર કર્યો હતો. તેમાં કોઈનું મૃત્યુ થયું નહોતું, પરંતુ કેટલાક ખેલાડીઓ ઘાયલ થયા હતા.



સુરતના વેસુ ખાતે આવેલા ગ્લોબલ વિલેજ ગરબા ગ્રાઉન્ડ પર ગરબા ઉત્સવની રંગત માણતા ખેલૈયાઓની આ વિવિધ તસ્વીરો છે.


સુરતમાં નવરાત્રી મહોત્સવે ભારે ધૂમ મચાવી છે. સગરામપુર ખાતે આવેલી ફિમેલ ફસ્ટ૪ હોસ્પિટલના ગાયનેક ડો.શ્વેતા પટેલ ગરબા ઉત્સવની રંગત માણતા તસ્વીરમાં નજરે પડે છે.

# દહેજ અંગે ત્રાસ આપી પરિણીતાના ઘરેણા પણ સાસરિયાએ વેચી માર્યા

## વહુને લગ્નના ત્રણ મહિના બાદથી મેણાંટોણાં મારી મારપીટ અને ધાકધમકી અપાતી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરતના અમરોલી વિસ્તારમાં પરિણીતાને પતિ સહિત પાંચ સાસરિયાઓ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. લગ્નના ત્રણેક મહિના બાદથી જ સાસરિયાઓ નાની-નાની બાબતોમાં મેણાંટોણાં મારી ઝઘડા કરતા, મારપીટ કરતા અને અભદ્ર ગાળો આપી ધાકધમકી આપતા હોવાનો પરિણીતાએ આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત દહેજની માંગણી કરી પરિણીતાના તમામ દાગીના વેચી નાખ્યા હોવાની પણ ફરિયાદમાં વિગતો સામે આવી છે.

ફરિયાદ મુજબ, અમરોલીના છાપરા ભાઠા રોડ પર આવેલી સિદ્ધિવિનાયક સોસાયટીના મકાન નંબર ૪૭માં રહેતા પતિ રાહુલભાઈ દિનેશભાઈ સાવલિયા, સાસુ મંજુબેન દિનેશભાઈ સાવલિયા, સસરા દિનેશભાઈ કાનજીભાઈ સાવલિયા, જેઠ મનિષભાઈ દિનેશભાઈ સાવલિયા અને જેઠાણી ક્રિષ્નાબેન મનિષભાઈ સાવલિયા સામે આક્ષેપ કરવામાં આવ્યો છે. લગ્નના ત્રણેક મહિના બાદથી આજદિન સુધી પાંચેય સાસરિયાઓએ એકબીજાની મદદગારીથી પરિણીતાને નાની-નાની બાબતોમાં હેરાન કરી શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. દહેજની માંગણી સાથે અપશબ્દો બોલી ધમકીઓ આપવામાં આવતી હોવાનો પણ આક્ષેપ છે. આ મામલે ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહુવાના ખેતરમાં સાંપ કરડતા વૃદ્ધ મહિલાનું મોત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

મહુવા તાલુકાના ઓંડચ ગામે ખેતરમાં કામ કરી રહેલી ૬૪ વર્ષીય મહિલાને સાપે ડાબા પગે ડંખ મારતાં તેમનું મોત નીપજ્યું હતું. સાપ કરડતાં મહિલાને તાત્કાલિક મહુવા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. જોકે, તેમની સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે નવસારીના ખારેલ ખાતે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મહુવા તાલુકાના ઓંડચ ગામના આહીર ફળિયામાં રહેતાં ભાણીબહેન ડાહ્યાભાઈ આહીર (ઉં.વ.૬૪) તા.૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં ગામની સીમમાં આવેલા ખેતરમાં કામ કરી રહ્યાં હતાં. આ દરમિયાન અચાનક સાપે તેમના ડાબા પગે ડંખ માર્યો હતો. સાપ કરડતાં તેમની તબિયત લથડતાં પરિવારજનો અને સ્થાનિક લોકો તેમને તાત્કાલિક સારવાર માટે મહુવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયાં હતાં. મહુવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવારની જરૂર જણાતાં તેમને નવસારીના ખારેલ ખાતે આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ત્યાં ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી હતી. જોકે, સારવાર દરમિયાન તા.૧૩ ઓક્ટોબરના રોજ બપોરે ૧૨.૪૫ વાગ્યે ફરજ પરના તબીબે તપાસી તેમને મૃત જાહેર કર્યાં હતાં.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા કરતી કોર્ટ

## એડવોકેટ મયુર પટેલની દલીલો ગ્રાહ્ય રાખતી અદાલત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

સુરતની ૧૧મી એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ (સ્પેશિયલ એન.આઈ. એક્ટ કોર્ટ) શ્રી એચ. એ. બારડ સાહેબની અદાલતે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના કેસમાં ફરિયાદી પક્ષે ઉપસ્થિત એડવોકેટ શ્રી મયુર આર. પટેલની અંત સુધીની મજબૂત કાનૂની લડત તથા ધારદાર દલીલોને માન્ય રાખી આરોપી વેપારીને દોષિત ઠેરવી ૧ વર્ષની સાદી કેદ તેમજ ચેકની રકમ ૬% વ્યાજ સહિત વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. વળતરની રકમ ન ચૂકવે તો આરોપીને વધુ ૩ માસની સાદી કેદ ભોગવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. બમરોલી, સુરત ખાતે આવેલ 'માં ચામુંડા ટેક્ષટાઈલ'ના પ્રોપરાઈટર શ્રી અશ્વિનભાઈ ગણેશભાઈ પટેલ પાસેથી શ્રીકુબેરજી ટેક્ષટાઈલ વર્લ્ડ, સારોલી ખાતે 'ધ્રુવી ફેશન'ના નામે વેપાર કરતા આરોપી વિપુલભાઈ રમણીકભાઈ તેજાણીએ ઉધારમાં કાપડ ખરીદ્યું હતું. આ બાકી નીકળતી રકમ પેટે આરોપીએ યસ બેંકનો રૂ. ૩,૮૮,૬૯૫/- નો ચેક નં. ૬૦૪૮૩૮ લખી આપ્યો હતો. ફરિયાદીએ આ ચેક પોતાની પ્રાઈમ કો-ઓપરેટિવ બેંકની પાંડેસરા શાખાના ખાતામાં વટાવવા મૂકતા તે 'ફંડ ઈન્સફિશિયન્ટ' (ખાતામાં અપૂરતું ભંડોળ) ના શેરા સાથે પરત ફર્યો હતો. ત્યારબાદ એડવોકેટ શ્રી મયુર આર. પટેલ દ્વારા કાયદેસરની ડિમાન્ડ નોટિસ આપવા છતાં નાણાં ન ચૂકવાતા ફરિયાદી દ્વારા સુરત કોર્ટમાં ફોજદારી કેસ નં. ૫૭૧૧૩/૨૦૨૩ દાખલ કરવામાં આવ્યો હતો. નામદાર સુપ્રીમ કોર્ટના સીમાચિહ્નરૂપ ચુકાદાઓ સાથે સચોટ દલીલો રજૂ કરી હતી. નામદાર કોર્ટે વકીલ મયુર પટેલની તમામ કાનૂની દલીલોને માન્ય રાખીને આરોપીને ૧ વર્ષની કેદ અને ૬% વ્યાજ સાથે વળતર ચૂકવવાનો દાખલારૂપ હુકમ કર્યો છે, જે વેપારી આલમ માટે રાહતરૂપ છે અને ન્યાયતંત્ર પરનો વિશ્વાસ વધુ મજબૂત બનાવે છે."

### પહેલા પાનાનું ચાલુ

### વિશ્વની સૌથી

સાઉદી ગઠબંધન સેનાએ જણાવ્યું છે કે ધહરાન ઉપર હુમલા માટે છોડવામાં આવેલી મિસાઈલના કેટલાક ટુકડા એક રેસિડેન્શિયલ વિસ્તારમાં પણ પડ્યા છે. આ ઉપરાંત, સત્તાવાળાઓએ રાજધાની રિયાદ અને દેશના દક્ષિણી ભાગોમાં પણ હુથીઓની અનેક મિસાઈલો અને ડ્રોનને હવામાં જ રોકીને નષ્ટ કરવાનો દાવો કર્યો છે.

આ અગાઉ શનિવારે રિયાદ એરપોર્ટ પર થયેલા બેલિસ્ટિક મિસાઈલ હુમલામાં ૧૩ લોકોનાં મોત થયા હતા, જેને છેલ્લા એક દશકથી વધુ સમયમાં સાઉદી અરેબિયાની ધરતી પર થયેલો સૌથી ઘાતક હુમલો માનવામાં આવે છે.

### ૭ વર્ષમાં

લેનારાઓનો હિસ્સો ૩૯ ટકા હતો.

જે ૨૦૧૯ની સરખામણીમાં ૧૯ ટકા ઓછો છે. ટ્રાન્સયુનિયન સિબિલના એમડી અને સીઈઓ ભાવેશ જૈને જણાવ્યું હતું કે, "કાર ખરીદવાનો નિર્ણય હવે લોકોની ઈચ્છા અને તેમની ખરીદશક્તિ બંને દ્વારા નક્કી થઈ રહ્યો છે."

### બ્રિટનમાં

ચૂપચાપ સહન કરવાનું વધુ પસંદ કરે છે. તેઓ પોલીસમાં ફરિયાદ એટલા માટે નથી નોંધાવતા કારણ કે તેમને લાગે છે કે અધિકારીઓ આના પર કોઈ કાર્યવાહી નહીં કરે.

તેમણે વધુમાં જણાવ્યું કે સુરક્ષા માટે હિન્દુ મંદિરો સરકારી ભંડોળ માટે અરજી તો કરી શકે છે, પરંતુ ઐતિહાસિક રીતે તેમને અત્યાર સુધી કોઈ રકમ ફાળવવામાં આવી નથી.

બ્રિટિશ હિન્દુઓ માટે કામ કરનાર એડવોકેસી ગ્રૂપ 'ઈનસાઈટ યુકે' ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'યહૂદીઓના પૂજા સ્થાનો (સિનાગોગ) અને મસ્જિદો માટે વિશેષ સુરક્ષા યોજનાઓ છે, જ્યારે હિન્દુ મંદિરો માટે આવી કોઈ અલગ વ્યવસ્થા નથી અને તેમને સામાન્ય ભંડોળના ખૂબ જ નાના હિસ્સા માટે પણ સ્પર્ધા કરવી પડે છે.'

### દિવાળી પહેલાં

એક નિર્ણયથી અનેક હતુ પણ 'સર' થાય છે. મુખ્ય વાત મોદી સરકારમાં ફેરફારની છે. હાલ દિલ્હી અને દેશભરમાં જે રીતે વિપક્ષોની આંદોલનની સ્થિતિ હાવી થઈ છે તે કેમ બદલવી તે સરકારની અને ભાજપની સૌથી મોટી કસોટી છે .

તેમાં મંત્રીમંડળમાં ફેરફારની નવી હેડલાઈન બે-ત્રણ દિવસ બનાવીને પછી બીજા પણ એકશન આવી શકે છે. મંત્રીમંડળમાં અનેક સ્થાનો ખાલી છે અને ખાલી થવા જઈ રહ્યા છે. અગાઉ બે કેન્દ્રીય મંત્રી જયોર્જ કુરીયન, રવનીત સિંઘ બિટ્ટુએ રાજીનામા આપ્યા છે.

તેઓની રાજયસભા ટર્મ પુરી થયા બાદ ફરી ટિકીટ અપાઈ ન હતી તો બે મંત્રીઓ હરદીપ પુરી અને બી.એલ.વર્માની મુદત પુરી થઈ રહી છે. હાલની રાજયસભા ચુંટણીમાં તેઓને ફરી પસંદ કરાયા નથી તો ઉતરપ્રદેશમાંથી રાજયસભામાં આઠ નવા ચહેરા આવ્યા છે. ધરમેન્દ્ર પ્રધાનના રાજીનામાથી તેમનું સ્થાન ખાલી થયું છે. બે મંત્રીઓ પંકજ ચૌધરી, હર્ષ મલ્હોત્રાને અનુક્રમે ઉતરપ્રદેશ અને દિલ્હી પ્રદેશ પ્રમુખની જવાબદારી સોપાઈ છે.

તેથી તેઓ મંત્રીમંડળ છોડશે તેવા સંકેત છે. આમ ડઝનેક સ્થાન ખાલી છે. ભાજપે સંગઠનમાં નવા ચહેરા લાવ્યા બાદ હવે સરકારમાં પણ તેવું જ કરશે. હવે ચર્ચા છે કે દિવાળી પુર્વે જ કેબીનેટમાં ફેરફાર થશે.

છેલ્લા અઢી વર્ષમાં સરકારના મંત્રી ગયા છે પણ નવા આવ્યા નથી. આગામી વર્ષે જ ઉતરપ્રદેશ જેવા મોટા રાજયની ધારાસભા ચુંટણી આવી રહી છે તેથી સરકાર માટે તે પુર્વ દિપાવલીના મુર્હુતો સારા છે તેવા સંકેત છે.

### યુરોપના

જોકે તેનું તાત્કાલિક કારણ અલગ છે. ફ્રેન્ચ ભાષી બેલ્જિયમમાં વિદ્યાર્થીઓ એજયુકેશન રિફોર્મ્સ (શિક્ષણ સુધારાઓ) અને કાપ સામે વિરોધ કરી રહ્યા છે, જે ત્યાંની પ્રાદેશિક સરકારે પોતાની નાણાકીય સ્થિતિ સુધારવા માટે લાગુ કર્યા છે.

આયર્લેન્ડના વિદ્યાર્થી આંદોલનો આ સમસ્યાના આર્થિક પાસાને સ્પષ્ટપણે રજૂ કરે છે. ૧ ઓક્ટોબરે ડબલિનમાં હજારો કોલેજ વિદ્યાર્થીઓએ માર્ચ કાઢીને ઉચ્ચ શિક્ષણ અંગે પગલાં લેવાની માંગ કરી હતી, જેમાં રવાના ખર્ચ અને ટ્રાન્સપોર્ટ પણ તેમની મુખ્ય ચિંતાઓમાં સામેલ હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે માત્ર રહેઠાણનો ખર્ચ જ વર્ષે ૧૦,૦૦૦ (યુરો) સુધી પહોંચી શકે છે.

સ્પેનના પ્રદર્શનો મુખ્યત્વે વિદ્યાર્થીઓના પ્રદર્શનો નથી. સંસદે હાઉસિંગના ઉપાયો ફગાવી દીધા બાદ ૩ ઓક્ટોબરે લગભગ ૫૦ શહેરોમાં દસ-હજારો લોકોએ પ્રદર્શન કર્યું હતું,

આ પ્રદર્શનો એવી સરકારો પ્રત્યેનો અસંતોષ દર્શાવે છે કે જેમના વિશે યુવાનો માને છે કે તેઓ વર્ષોથી આ સમસ્યાઓ જાણતા હોવા છતાં તેનો ઉકેલ લાવ્યા નથી. એનો અર્થ એ નથી કે દરેક પ્રદર્શનકારીનો રાજકીય દ્રષ્ટિકોણ એક સરખો છે. કે પછી આ કોઈ સંગઠિત યુરોપીયન વિચારધારા છે.

વાસ્તવમાં, સરકારો પણ અસલી મર્યાદાઓનો સામનો કરી રહી છે. ફ્રાન્સ પાસે તેની ખાધ (ઢ્ઢીકૈ ષ્ઠૈં) અને દેવાને કારણે નાણાકીય છૂટછાટ આપવાની ઓછી જગ્યા છે. બેલ્જિયમ નાણાકીય દબાણોનો સામનો કરતી વખતે ખર્ચમાં કાપ મૂકી રહ્યું છે.

આયર્લેન્ડ પાસે અસાધારણ રીતે મજબૂત સરકારી નાણાકીય સ્થિતિ છે પરંતુ તેમ છતાં તે આવાસ અને મોંઘવારીની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે. સ્પેને પૂરતા પ્રમાણમાં ઘરો બનાવવામાં સંઘર્ષ કરવો પડયો છે, જ્યારે તેની લઘુમતી સરકારને સંસદમાં કાયદા પસાર કરાવવામાં મુશ્કેલી પડે છે.

# ઓક્ટોબરમાં કાળઝાળ ગરમી લઘુત્તમ તાપમાન ૨૫.૧ ડિગ્રી

## આજે પણ તાપમાનનો પારો વધુ ઉપર ચઢશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

ઓક્ટોબર મહિનામાં કાળઝાળ ગરમી પડતાં સુરતના લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. સામાન્ય રીતે ચોમાસા બાદ ગરમીમાંથી રાહત મળવાની શરૂઆત થતી હોય છે, પરંતુ આ વખતે ઓક્ટોબરમાં પણ ઉનાળા જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગઈકાલે સુરતનું મહત્તમ તાપમાન ૩૮.૧ ડિગ્રી નોંધાયું હતું, જે બાદ આજે બુધવારે ગરમીનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ, વહેલી સવારથી જ ગરમીની અસર વર્તાતાં શહેરીજનો પરેશાન થયા છે. હવામાનના આંકડા મુજબ, ગઈકાલે સુરતનું લઘુત્તમ તાપમાન ૨૩.૮ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે આજે બુધવારે સવારે લઘુત્તમ તાપમાન વધીને ૨૫.૧ ડિગ્રી નોંધાયું હતું. આમ, એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં આશરે ૧.૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. રાત્રિના તાપમાનમાં વધારો થતાં વહેલી સવારે પણ ઠંડકનો અહેસાસ ઓછો થયો છે. દિવસ દરમિયાન સૂર્યનાં આકરાં કિરણો અને બફારાને કારણે લોકોની મુશ્કેલી વધી રહી છે. બપોરના સમયે રસ્તાઓ પર અવરજવર કરતા લોકો ગરમીથી બચવા છાંયડો શોધતા જોવા મળી રહ્યા છે. એક તરફ સુરત સહિત ગુજરાતમાં ગરમીનો પ્રકોપ યથાવત્ છે, ત્યારે બીજી તરફ હવામાન વિભાગ દ્વારા નવી હવામાન પ્રણાલી સક્રિય થવાની શક્યતાને પગલે દશેરા બાદ ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોવાના અહેવાલો છે. જો આ હવામાન પ્રણાલીની અસર ગુજરાત સુધી પહોંચશે તો આગામી દિવસોમાં વરસાદી માહોલ સર્જાઈ શકે છે. જોકે, હાલ સુરતવાસીઓ ઓક્ટોબરમાં પણ ઉનાળા જેવી ગરમીનો સામનો કરી રહ્યા છે.

### વ્યારા નગર પાલિકામાં

### પેજ-૨ પાનાનું ચાલુ

સહી ન કરવા બદલ નોકરીમાંથી કાઢી મૂકવાની, સસ્પેન્ડ કરાવવાની તેમજ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આવા કથિત માનસિક દબાણને કારણે નાછૂટકે પગારપત્રક પર સહી કરવી પડી હોવાનું કર્મચારીએ પોતાના ખુલાસામાં જણાવ્યું હોવાનું જાણવા મળે છે.

જો આ આક્ષેપો તપાસમાં સાચા સાબિત થાય, તો આ માત્ર એક પગારપત્રાકની અનિયમિતતાનો મુદ્દો નહીં રહે, પરંતુ સરકારી નાણાંના વહીવટમાં જવાબદારી, કર્મચારીની સ્વતંત્રતા અને સત્તાના કથિત દુરુપયોગનો પણ ગંભીર પ્રશ્ન બનશે.

મામલો ચર્ચામાં આવ્યા બાદ ગેરહાજરી છતાં ચૂકવાયેલા વધારાના પગારની રકમ પરત મેળવી નગરપાલિકાના સ્વભંડોળમાં જમા કરાવવાની કાર્યવાહી હાથ ધરાઈ હોવાની વિગતો સામે આવી છે. જો પગારપત્રાકમાં ખરેખર નિયમવિરુદ્ધ ચૂકવણી થઈ હોય, તો તે કેવી રીતે થઈ, કોણે મંજૂરી આપી અને જવાબદારી કોની બને છે, તેની નિષ્પક્ષ તપાસ થવી જરૂરી છે.

### નિઝર વિધાનસભા

### પેજ-૨ પાનાનું ચાલુ

ધોરણો અનુસાર અને સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

ત્યારબાદ નારણપુર પમ્પિંગ સ્ટેશનની મુલાકાત લઈ તેની સંચાલન વ્યવસ્થા અને ટેક્નિકલ કામગીરી અંગે અધિકારીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી.

સ્થળ નિરીક્ષણ બાદ તાલુકા સેવાસદન, ઉચ્છલના સભાખંડમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસકાર્યોની ભૌતિક અને નાણાકીય પ્રગતિની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. પ્રજાલક્ષી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે વિભાગો વચ્ચે સંકલન જાળવવા, કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને જવાબદારી સુનિશ્ચિત કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### નવરાત્રિમાં

### પેજ-૨ પાનાનું ચાલુ

પરિવારજનોને પોતાના સ્થળ અને આવવા-જવાના સમયની જાણ કરવા, મોબાઈલ ફોન ચાર્જ રાખવા તથા શક્ય હોય ત્યાં સુધી સુરક્ષિત અને પ્રકાશિત માર્ગનો ઉપયોગ કરવા સમજાવવામાં આવે છે. કોઈ વ્યક્તિ પીછો કરતી હોય અથવા અસુરક્ષિત અનુભવ થાય તો એકાંત સ્થળે જવાને બદલે લોકોની અવરજવરવાળા સુરક્ષિત સ્થળે પહોંચીને તાત્કાલિક મદદ મેળવવા અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવે છે.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમ મહિલાઓને હેલ્પલાઈનની સેવાઓ વિશે માહિતગાર કરે છે. ઘરેલું હિંસા, માનસિક કે શારીરિક હેરાનગતિ, છેડતી, ધમકી અથવા અન્ય મુશ્કેલ પરિસ્થિતિમાં માર્ગદર્શન અને સહાય મેળવવા માટે ૧૮૧નો સંપર્ક કરી શકાય છે તે અંગે સમજ આપવામાં આવે છે. જરૂરિયાત મુજબ મહિલાઓની પરિસ્થિતિ સાંભળી યોગ્ય માર્ગદર્શન આપવું અને પરિસ્થિતિ અનુસાર સંબંધિત તંત્રાની મદદ મેળવવા માટે માર્ગદર્શન આપવું પણ હેલ્પલાઈનની કામગીરીનો મહત્વપૂર્ણ ભાગ છે.

### છેલ્લા પાનાનું ચાલુ

### અબ્રામા રોડ

ઘી'ના નામે બજારમાં વેચવા માટે પેકિંગ કરવામાં આવતું હોવાનો આક્ષેપ છે. આ રીતે સામાન્ય ગ્રાહકોને અસલી ઘીના નામે ભેળસેળયુક્ત ઉત્પાદન વેચીને તેમના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવતા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

ઉત્રાણ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.ડી. રાઠોડે આ મામલે ફરિયાદ નોંધાવી છે. પોલીસના જણાવ્યા મુજબ, ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૪૫થી મધરાત સુધીના સમયગાળામાં ગોડાઉન ખાતે કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગે અગાઉ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ૧૨ ઓક્ટોબરે જાણવા જોગ નોંધ કરવામાં આવી હતી અને ત્યારબાદ ૧૩ ઓક્ટોબરે ગુનો નોંધાયો હતો.

# ટાઈફોડની બીમારીમાં વિમા ક્લેઇમ નકારનાર કંપનીને કોર્ટની લપડાક

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૪

હોસ્પિટલમાં દાખલ થવા અંગે ટ્રીટિંગ ડૉક્ટરનો નિર્ણય જ આખરી ગણાય છે. વિમા કંપની પોતાની મરજીથી તેને નકારી શકે નહી તેવું ગ્રાહક કોર્ટે ટાઈફોડના તાવના દર્દીને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી તેવું જણાવીને ક્લેઈમ રદ કરનાર વીમા કંપનીને જણાવ્યું હતું. ગ્રાહક કોર્ટે વીમા કંપનીને કલેમની રકમ ચૂકવવા પણ આદેશ કર્યો હતો. ફરિયાદી તરફે વકીલ વંદના ગોહિલ અને જીગ્નેશ હરીયાણીની દલીલો સફળ રહી હતી. સુરતના રહેવાસી હિતેશ વિઠલ ચોવટીયાએ આદિત્ય બિરલા હેલ્થ ઈન્શ્યોરન્સ કંપની પાસેથી હેલ્થ પૉલિસી લીધી હતી. પૉલિસીના સમયગાળા દરમિયાન તેમના પત્નીને ટાઈફોડનો તાવ થતા મામતા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. સારવાર બાદ વીમા કંપનીમાં ક્લેઈમ રજૂ કરતા, કંપનીએ દર્દીને દાખલ થવાની જરૂર નહોવાનું કારણ ધરીને ક્લેઈમ નામંજૂર કર્યો હતો. આથી ફરિયાદીએ એડવોકેટ વંદનાબેન ગોહિલ અને જિગ્નેશ હરિયાણી મારફત સુરત ગ્રાહક (એડિશનલ) કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. કોર્ટમાં ડૉક્ટરનું સર્ટિફિકેટ અને સારવારના તમામ દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. દસ્તાવેજો અને વકીલોની દલીલોને ધ્યાને રાખીને કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવા કે કેમ તે અંગેનો 'અટેન્ડિંગ ડૉક્ટર'નો નિર્ણય જ આખરી ગણાય છે અને વીમા કંપની પોતાની મરજીથી ડૉક્ટરના નિર્ણયને ખોટો ઠેરાવી શકે નહીં. ગ્રાહક કોર્ટ ફરિયાદીની અરજી મંજૂર કરી વીમા કંપનીને સારવાર ખર્ચના રૂા. ૫૪,૦૭૩ પરત કરવા તથા શારીરિક-માનસિક ત્રાસ પેટે અલગથી રૂા. ૫,૦૦૦ વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

### ગોડાઉનમાંથી

ડબ્બા, ઢાંકણાં, સેલો ટેપ અને પેકિંગ માટેનાં કાગળનાં પૂંઠાં પણ જપ્ત કરવામાં આવ્યાં હતાં.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, તૈયાર ઘીનો શંકાસ્પદ જથ્થો માનવ વપરાશ માટેજોખમી અને નુકસાનકારક હોવાની આશંકા હતી. આથી અલગ-અલગ કદનાં પેકિંગમાં ભરેલા કુલ ૯૭.૨ કિલોગ્રામ જેટલા ઘીનો જથ્થો, જેની કિંમત રૂ. ૭૪,૭૫૫ આંકવામાં આવી હતી, તેનો નાશ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓએ જાણીજોઈને ભેળસેળયુક્ત ઘી તૈયાર કરી તેનું વેચાણ કરવા માટે પેકિંગ કર્યું હોવાનો આક્ષેપ છે. આવા ઘીના સેવનથી નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થઈ શકે છે. સમગ્ર પ્રકરણમાં ઘી બનાવવા માટે વપરાયેલા કાચા માલ, તૈયાર જથ્થા અને મશીનરી સહિત કુલ રૂ. ૧૮,૨૧,૧૬૩નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. હવે આ ભેળસેળયુક્ત ઘીનો કેટલો જથ્થો બજારમાં વેચાયો હતો અને આ કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે.

### ગુસી

આ બાતમીના આધારે સર્વેલન્સ પીએસઆઈ એન.આર. પટેલ અને તેમની ટીમે બાતમીવાળા સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન આરોપી સંદીપ જાદવભાઈ બેલડીયા (ઉં.વ. ૩૬, રહે. કતારગામ, સુરત) ગેરકાયદેસર રીતે નકલી પરફ્યુમ વેચતા ઝડપાઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી 'GUCCI FLORA'ના વિવિધ સ્ટીકરો, સ્ટીકર વગરની ૨૧૪ પરફ્યુમ બોટલો તેમજ માર્કો લગાવેલી બોટલો મળી કુલ રૂ. ૪૫,૯૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આરોપી પોતાના આર્થિક ફાયદા માટે નકલી પરફ્યુમનું વેચાણ કરતો હોવાનું બહાર આવ્યું છે. લસકાણા પોલીસે કોપીરાઈટ એક્ટ ૧૯૫૭ની કલમ-૫૧ અને ૬૩ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નિષ્ણાતોના મતે, બજારમાં વેચાતા નકલી અને સસ્તી ગુણવત્તાવાળા પર્ફ્યુમ્સ ત્વચા પર એલર્જી, ખંજવાળ, ફોલ્લીઓ અને ડર્મેટાઈટિસ જેવી ગંભીર સમસ્યાઓ સર્જી શકે છે. તેમાં વપરાતા હાનિકારક કેમિકલ્સ અને સિન્થેટિક સુગંધ શ્વાસની નળીને નુકસાન પહોંચાડીને અસ્થમા કે શ્વાસ લેવામાં તકલીફ ઊભી કરી શકે છે. લાંબા ગાળે આ ઝેરી તત્વો હોર્મોનલ અસંતુલન અને ગંભીર સ્વાસ્થ્ય જોખમો પેદા કરી શકે છે.

### ૩.૬૦ લાખના

હતા. આ રકમ લીધા બાદ ગીરોખત બનાવી આપવામાં આવ્યું હતું, પરંતુ વાયદા મુજબ મકાનનો કબજો સોંપવામાં આવ્યો નહોતો. પરિણામે મહિલાએ પોતાની કાયદેસરની લેણી રકમ પરત માગતાં આરોપીઓએ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે.

### માતા-માસીની

ખોટું પેઢીનામું, પંચકયાસ અને જવાબોના દસ્તાવેજો તૈયાર કર્યા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. ધનુબેન અને ભાવનાબેને સહીઓ કરી ન હોવા છતાં તેમના નામે ખોટી સહીઓ દર્શાવી આ દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની ફરિયાદ છે.

આ રીતે જમીનના રેકોર્ડમાં નોંધ નંબર ૧૮૬૨ દાખલ કરાવી માતા અને માસીના સંયુક્ત માલિકીના જમીનહકને નુકસાન પહોંચાડવા ગુનાહિત કાવતરું રચવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. આ મામલે ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઈકોસેલના પોલીસ સબ ઈન્સ્પેક્ટર યુ.બી. સોલંકીને તપાસ સોંપવામાં આવી છે. પોલીસ હવે વર્ષો જૂના જમીનના દસ્તાવેજો, સહીઓ અને મહેસૂલી નોંધોની તપાસ કરશે.

### રૂા.૬૨.૭૮

છે. ફરિયાદ મુજબ, આરોપીઓએ આર્થિક ફાયદો મેળવવાના ઈરાદે કાવતરું રચી તેમની પાસેથી ૧૪ એપ્રિલથી ૧૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન કુલ ૬૦ વખત ગ્રે કાપડનો જથ્થો ખરીદ્યો હતો. આ કાપડની કિંમત રૂ. ૪૯,૮૭,૩૦૦ થતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ઉપરાંત અંબાબા ટેક્ષટાઈલ્સ પાસેથી રૂ. ૭,૦૪,૧૮૫ અને શ્રીશુભ વિવ્સ પાસેથી રૂ. ૫,૮૭,૪૩૦નો કાપડનો જથ્થો પણ ખરીદવામાં આવ્યો હતો. આમ, ફરિયાદ મુજબ ત્રણેય વ્યવહારોની કુલ રકમ રૂ. ૬૨,૭૮,૯૧૫ થાય છે. કાપડનો જથ્થો ખરીદ્યા બાદ તેના વેચાણના નાણાં ફરિયાદી અને અન્ય વેપારીઓને ચૂકવવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર નરેશ બચુભાઈ કાતરીયા, વહીવટદાર તરીકે જણાવાયેલા મુકેશભાઈ કાળુભાઈ વાણીયા અને દલાલ ભુપતભાઈ બચુભાઈ કથીરિયાનાં નામ ફરિયાદમાં સામે આવ્યાં છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

**સાજિદ મુલ્લાના જોખમી કારોબારનો પર્દાફાશ**

# પશુ માટેની દવાથી બાળકોની સારવાર

## હિમાલય કંપનીની પશુ માટેની લીવ-પર પ્રોડેક્ટ દવા નાની બોટલમાં ભરી નકલી લેબલ લગાવી મેડીકલ સ્ટોરમાં વેચાણ કરાતું હતું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરત શહેરમાં માનવ આરોગ્ય સાથે ચેડાં કરવાના ગંભીર કિસ્સાનો પર્દાફાશ થયો છે. એસઓજી પોલીસે ગોપીપુરા વિસ્તારમાં પશુઓ માટેની દવાને બાળકોની દવા તરીકે રજૂ કરી વેચાણ કરવામાં આવતું હોવાના મામલે કાર્યવાહી કરી છે. પોલીસ ફરિયાદ મુજબ, આરોપી વેપારી પશુઓ માટેની હિમાલય કંપનીની 'લિવ-પર પ્રોટેક લિક્વિડ એનિમલ ફીડ સપ્લિમેન્ટ' દવાને નાની બોટલોમાં ભરી તેના પર બાળકોની સારવાર માટે વપરાતી હિમાલય કંપનીની 'લિવ-પર ડ્રોપ્સ ૬૦ એમએલ'નાં સ્ટીકર લગાવી વેચાણ કરતો હોવાનો આક્ષેપ છે.

આ મામલે સુરત શહેર એસઓજીના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એસ. ભાટિયાએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં બેગમપુરા, પાજની ગરવાડ વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય વેપારી મોહમ્મદ સાજીદ ઈબ્રાહિમ મુલ્લાનું નામ આરોપી તરીકે સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી પશુઓ માટેની દવા હોવાની જાણ હોવા છતાં તેને માનવ ઉપયોગની દવા તરીકે રજૂ કરતો હતો. પશુઓ માટેની દવાને નાની બોટલોમાં રીફિલ કરીને તેના પર હિમાલય કંપનીની બાળકો માટેની દવાનાં સ્ટીકર લગાવી ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં આવતા હોવાનો આક્ષેપ છે.

ફરિયાદ અનુસાર, આરોપીએ હિમાલય કંપનીનો અધિકૃત પ્રતિનિધિ ન હોવા છતાં કંપનીના નામનાં સ્ટીકર લગાવી ખોટું લેબલિંગ કર્યું હતું. આ રીતે પશુઓની દવાને માનવ દવા તરીકે વેચીને લોકોના આરોગ્ય અને શારીરિક સલામતીને જોખમમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. સાથે જ કંપનીના નામનો દુરુપયોગ કરી તેની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા અને ઠગાઈ કરવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે.

આ બનાવ અંગે ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૩૦થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ગોપીપુરા, મોમનાવાડ રોડ પર આવેલા બડેખા ચકલા વિસ્તારની શ્રી શાંતિનાથ મેડિકલ' સાથે સંકળાયેલા સ્થળે ગુનો બન્યો હોવાનું ફરિયાદમાં દર્શાવાયું છે. આ અંગે રાત્રે ૧૦ વાગ્યે પોલીસ મથકે માહિતી નોંધાયા બાદ એસઓજી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આરોપી દ્વારા આ રીતે કેટલા પ્રમાણમાં દવાનું વેચાણ કરવામાં આવ્યું હતું અને અન્ય કોઈ વ્યક્તિઓ સંડોવાયેલી છે કે કેમ તે તપાસનો વિષય છે.



**તહેવારો દરમિયાન છેતરપિંડી, લૂંટ અને ચોરી જેવા ગુનાઓનું પ્રમાણ વધી જતું હોય છે તેથી સુરત પોલીસ દ્વારા પોલીસ મથકોમાં ઓટો રિક્ષા રજીસ્ટર કરવાની નવી સિસ્ટમ અપનાવવામાં આવી છે. મુસાફરોની સુરક્ષા માટે સુરત શહેર પોલીસ દ્વારા રિક્ષાઓ પર સ્ટીકર ચોટાડી જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. (તસવીર : પ્રદીપ ગોહિલ)**

# સગીર વિદ્યાર્થિની પર રાંદેરના એપાર્ટમેન્ટના ફ્લેટમાં બળાત્કાર

## કોલેજના ગેટ પાસેથી કિશોરીને બળજબરીપૂર્વક ઉઠાવી સવારથી મોડી બપોર સુધી ચાર વખત દુષ્કૃત્ય આચરાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરતમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સગીરા વિદ્યાર્થિની સાથે મિત્રતા કેળવી તેને લલચાવી-ફોસલાવી દુષ્કર્મ આચર્યાની ગંભીર ઘટના સામે આવી છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, મિત પરમાર નામના યુવકે ઈન્સ્ટાગ્રામ પર ફરિયાદીની ૧૭ વર્ષ અને છ માસની દીકરી સાથે મિત્રતા કરી હતી. ત્યારબાદ ગત ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે નવ વાગ્યાથી બપોરે સાડા ત્રણ વાગ્યાની વચ્ચે યુવકે સગીરાને લલચાવી-ફોસલાવી તેના કાયદેસરના વાલીપણામાંથી દૂર કરી હતી. આરોપી સગીરાને કોલેજના ગેટ પાસેના મુખ્ય માર્ગ પરથી રાંદેર વિસ્તારની એક સોસાયટીમાં આવેલા એપાર્ટમેન્ટમાં લઈ ગયો હોવાનો આક્ષેપ છે. ત્યાં સગીરાની ઉંમર અને અણસમજણનો લાભ લઈ તેની મરજી વિરુદ્ધ ચાર વખત શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ મામલે ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ફરિયાદમાં મિત પરમારનું નામ સામે આવ્યું છે, જોકે તેનું સરનામું જાણી શકાયું નથી. પોલીસે ફરિયાદના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અબ્રામા રોડ માધવ કેમ્પસમાંથી નકલી ઘીનું કારખાનું ઝડપાયું

## વનસ્પતી ઘી અને સોયાબીનમાં ફ્લેવર ભેળવી સારસ પ્રીમિયમ ગાયનું ઘીનું મોટાપાયે ઉત્પાદન કરવામાં આવતું હતું.

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરત શહેરમાં ભેળસેળયુક્ત ઘી બનાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. ઉત્રાણ પોલીસ અને સંબંધિત તંત્રની તપાસમાં ઉમરા-અબ્રામા રોડ પર માધવ કેમ્પસમાં આવેલા ગોડાઉન નંબર ૧૮માં કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી, લાઈસન્સ કે શુદ્ધતાના ધોરણો વિના નકલી ઘી તૈયાર કરવામાં આવતું હોવાનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ પ્રકરણમાં સન્ની કલ્પેશભાઈ મોદી, કિશન મનોજભાઈ મોદી, કલ્પેશ સુંદરલાલ મોદી અને જીમિત શામળભાઈ પઢિયાર સામે ગુનો નોંધ્યો છે. સ્થળેથી વનસ્પતિ, રિફાઈન્ડ સોયાબીન તેલ, તૈયાર ઘી, પેકિંગના ડબ્બા, લેબલ અને ઘી બનાવવાની મશીનરી સહિત કુલ રૂ. ૧૮,૨૧,૧૬૩ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ આર્થિક ફાયદો મેળવવાના હેતુથી વનસ્પતિ તેલ, સોયાબીન તેલ અને એસેન્સનો ઉપયોગ કરીને ભેળસેળયુક્ત ઘી તૈયાર કર્યું હતું. ત્યારબાદ તેને 'સાહસ પ્રીમિયમ ગાય કા

અનુસંધાન પાના ૭ પર

### ગોડાઉનમાંથી ૫૨૩ કિલો ડાલડા ઘી મળી આવ્યું

પોલીસે કરેલી તપાસ દરમિયાન ૧૫ કિલોના ડાલડા વનસ્પતિના ૩૫ ડબ્બામાંથી ૫૨૩.૪ કિલોગ્રામ જથ્થો, રિફાઈન્ડ સોયાબીન તેલના ૩૨ ડબ્બામાંથી ૪૭૮.૪ કિલોગ્રામ જથ્થો અને સ્ટીલની મોટી ટાંકીમાંથી આશરે ૭૯૪.૨ કિલોગ્રામ છૂટું ઘી મળી આવ્યું હતું. આ ઉપરાંત 'સાહસ પ્રીમિયમ ગાય કા ઘી'ના ૧૫ કિલોના ૬૦ ડબ્બા, ૩૦૦ પાઉચ, ૧૦૦ ગ્રામથી લઈને ૧૫ કિલો સુધીનાં વિવિધ પેકિંગનાં ડબ્બા તથા લેબલનો જથ્થો પણ મળી આવ્યો હતો.

ગોડાઉનમાં ઘી તૈયાર કરવા અને પેકિંગ માટે ઉપયોગમાં લેવાતી ૧૨૦૦ લીટરની સ્ટીલની ટાંકી, સ્ટોરેજ ટાંકી, શ્રિંક મશીન, ફિલિંગ મશીન, વજન મશીન, પેક-ટેક મશીન, ગેસ સિલિન્ડર અને અન્ય સાધનો પણ મળી આવ્યાં હતાં. આ ઉપરાંત મોટી સંખ્યામાં ખાલી

અનુસંધાન પાના ૭ પર

# GUCCIના નામે વેચાતુ નકલી પરફ્યુમ પોલીસે ઝબ્બે કર્યુ

## લસકાણાની દુકાનમાં બ્રાન્ડેડના નામે નકલીનું વેચાણ થતું હતું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**

આજના આધુનિક યુગમાં યુવાનોની બદલાતી લાઈફસ્ટાઈલમાં બ્રાન્ડેડ પરફ્યુમ્સનો ક્રેઝ ખૂબ જ વધી રહ્યો છે, પરંતુ આજના સમયમાં ઊંચી અને નામાંકિત બ્રાન્ડ્સના નામે બજારમાં નકલી પરફ્યુમ વેચીને લોકોને છેતરવાના કૌભાંડો ફૂલ્યાફાલ્યા છે. આવા નકલી ઉત્પાદનો ત્વચા અને સ્વાસ્થ્ય માટે પણ જોખમી સાબિત થઈ શકે છે. આવા જ એક કૌભાંડનો પર્દાફાશ થયો છે.

લસકાણા વિસ્તારમાં પોલીસે દરોડો પાડી GUCCI FLORA કંપનીના નામે નકલી પરફ્યુમ વેચવાના કૌભાંડનો પર્દાફાશ કરી એક યુવકની ધરપકડ કરી રૂ. ૪૫,૯૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

લસકાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભેળસેળયુક્ત કોસ્મેટિક વસ્તુઓનું ગેરકાયદે ઉત્પાદન તથા વેચાણ શોધવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન GUCCI FLORA કંપનીની લીગલ ટીમ 'RNA, IP ATTORNEYS'ના ઈન્વેસ્ટિગેશન ઓફિસર ક્રિષ્નપાલસિંગ સિંગ દ્વારા લસકાણા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.બી. ઝાલાને માહિતી આપવામાં આવી હતી કે સ્કાઈવ્યુ બિઝનેસ હોરાઈઝનની ઓફિસ નં-૧૦૧માં બ્રાન્ડેડ પરફ્યુમનું નકલી વેચાણ ચાલી રહ્યું છે.

અનુસંધાન પાના ૭ પર

# દહેજ નહીં લાવે તો ઘરમાં નોકર તરીકે રાખવા ધમકી

## ભાઠેનાની પરિણીતા દ્વારા પતિ સહિત આઠ સામે ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરતના ભાઠેના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં દહેજની માંગણી મુદ્દે પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. પરિણીતાએ પોતાના પતિ, સાસુ-સસરા સહિત આઠ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં પતિ દ્વારા બે લાખ રૂપિયાની માંગણી કરી, આ રકમ નહીં આપે તો નોકરાણીની જેમ રાખવાની ધમકી આપીને મારપીટ કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સાસરિયાઓ દ્વારા દહેજ બાબતે વારંવાર મેણાંટોણાં મારી અપમાનિત કરવામાં આવતી હોવાની પણ ફરિયાદમાં વિગતો છે.

ફરિયાદ મુજબ, પરિણીતા અને આઝમ મુજાવર શેખના મુસ્લિમ રીતરિવાજ મુજબ ૧૧ મે, ૨૦૨૫ના રોજ નિકાહ થયા હતા. લગ્નના આશરે બે મહિના બાદથી જ પતિએ બે લાખ રૂપિયાની માંગણી શરૂ કરી હતી. આ રકમ નહીં આપે તો સારી રીતે નહીં રાખે અને નોકરાણીની જેમ રાખશે તેમ કહી હેરાન કરવામાં આવતી હોવાનો આક્ષેપ છે. સસરા આઝમ મુજાવર હસન શેખ અને સાસુ મુમતાઝ આઝમ મુજાવર પણ દહેજમાં કંઈ આપ્યું નથી તેમ કહી માનસિક ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો છે. પરિણીતા આ બાબતે વિરોધ કરે ત્યારે પતિ ઢીકમુક્કીનો માર મારતો અને જાનથી મારી નાખવાની ધમકી આપતો હોવાનો પણ આક્ષેપ છે.

વધુમાં, જેઠ હુસેન આઝમ મુજાવર અને જેઠાણી સાનીયા હુસેન શેખ સાસુ-સસરાની વાતોમાં આવી પતિને ઘરકામ બાબતે ચઢામણી કરતા અને છૂટાછેડા અપાવવાની વાતો કરતા હોવાનો આક્ષેપ છે. બંને નણંદ નાઝમીન યુનુસ ખાન અને નરગીશ રિઝવાન પણ ઘરે આવી ઘરકામ તથા જમવાનું બનાવવા બાબતે મેણાંટોણાં મારી, દહેજમાં કંઈ લાવી નથી તેમ કહી પતિના બીજા લગ્ન કરાવી દેવાની ધમકી આપતી હોવાની ફરિયાદ છે. જ્યારે નાઝિયા ઈરફાન પઠાણ પણ દહેજની સરખામણી કરી અપમાનજનક શબ્દો બોલતી અને ઝઘડા કરાવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

# ૩.૬૦ લાખના મકાન ગીરો મૂકી કબજો અપાયો નહીં

## રૂપિયા પરત માંગનાર મહિલાને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરતના ડીંડોલી વિસ્તારમાં મકાન ગીરો મૂકવાના બહાને એક મહિલા સાથે રૂ. ૩.૬૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. મકાન ગીરો પેટે રૂ. ૩.૫૦ લાખ અને દલાલી પેટે રૂ. ૧૦ હજાર લીધા બાદ ગીરોખત બનાવી આપવામાં આવ્યું હતું, પરંતુ મહિલાને મકાનનો કબજો સોંપવામાં આવ્યો નહોતો. બાદમાં પોતાની રકમ પરત માગતાં ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, ગોડાદરા વિસ્તારમાં આવેલી શિવકૃપા સોસાયટીમાં રહેતાં ૪૪ વર્ષીય કલ્પના સંજય સૂર્યવંશીને ડીંડોલીમાં મકાન ગીરો મૂકવાની વાત કરી આરોપીઓએ વિશ્વાસમાં લીધાં હતાં. આ મામલે ડીંડોલીની વેદાંત સ્કૂલ પાસે વેદાંત વિલાના પ્લોટ નંબર ૭માં રહેતા વિજયકુમાર અંબાલાલ પટેલ અને ડીંડોલીમાં સાંઈદર્શન સોસાયટી સામે, સનરાઇઝ સ્કૂલ પાસે રામી પાર્કની દુકાન નંબર ૬૬૮માં ઓફિસ ધરાવતા સતીષ જાધવ નામના દલાલ સામે આક્ષેપ કરવામાં આવ્યો છે. બંનેએ એકસંપ થઈ ગુનાહિત કાવતરું રચી મકાન ગીરો આપવાની લોભામણી વાતો કરીને મહિલાને વિશ્વાસમાં લીધી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓએ મકાન ગીરો પેટે રૂ. ૩.૫૦ લાખ અને દલાલી પેટે રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૩.૬૦ લાખ લીધા

અનુસંધાન પાના ૭ પર

# જીમ ટ્રેનર મહિલા સાથે રૂા. ૨.૫ લાખની છેતરપિંડી

## જીમ માટેના અધુરા અને ખામીવાળા મશીનો પધરાવી દેવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરતના પાલ વિસ્તારમાં રહેતી મહિલા જીમ ટ્રેનર સાથે જીમનાં નવાં મશીનો ખરીદવાના નામે છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. જીમ માટે ૧૮ નવાં મશીનો ખરીદવા મહિલાએ એક શખસને અલગ-અલગ તારીખે ઓનલાઈન કુલ રૂ. ૭.૧૪ લાખ ચૂકવ્યા હોવા છતાં તેણે માંગ્યા મુજબનો સંપૂર્ણ માલ નહીં મોકલી અધૂરા અને ખામીયુક્ત મશીનો પધરાવી દીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અંદાજે રૂ. ૨થી ૨.૫ લાખની કિંમતનો માલ આજદિન સુધી નહીં આપતાં અને હવે ફોન પણ નહીં ઉપાડતાં મહિલા ટ્રેનરે પોલીસનો સંપર્ક કર્યો છે.

ફરિયાદ મુજબ, પાલ વિસ્તારમાં ટાઈમ સ્ક્વેરની સામે ગૌરવ પથ રોડ પર આવેલી પ્રેસ્ટિજ મોરાર સોસાયટીમાં રહેતાં ૪૬ વર્ષીય મોનિકા નાયક જીમ ટ્રેનર તરીકે વ્યવસાય કરે છે. તેમણે જીમ માટે નવાં ૧૮ મશીનો ખરીદવાનું નક્કી કર્યું હતું. આ માટે અલ્તાફ ખાન નામના શખસનો સંપર્ક કર્યો હતો. અલ્તાફ ખાને આપેલા અંદાજ મુજબ મોનિકાએ અલગ-અલગ તારીખે ઓનલાઈન કુલ રૂ. ૭,૧૪,૦૦૦ની ચુકવણી કરી હતી.

જોકે, નાણાં ચૂકવ્યા બાદ અલ્તાફ ખાને માંગ્યા મુજબનો સંપૂર્ણ માલ મોકલ્યો નહોતો. તેના બદલે અંદાજે રૂ. પાંચ લાખની કિંમતનાં અધૂરાં અને ખામીયુક્ત મશીનો મોકલ્યાં હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. જ્યારે અંદાજે રૂ. બે લાખથી રૂ. ૨.૫ લાખ સુધીની કિંમતનો માલ બાકી રાખ્યો હતો, જે વારંવાર માંગણી કરવા છતાં આજદિન સુધી આપવામાં આવ્યો નથી. હવે અલ્તાફ ખાન ફોન પણ રિસીવ કરતો ન હોવાથી પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનું મોનિકાએ ફરિયાદમાં જણાવ્યું છે.

# માતા-માસીની ખોટી સહી કરી ખરવાસાની જમીન પડાવી લેવાઈ

## ૨૧ વીઘા વડીલોપાર્જિત જમીન પચાવી પાડવા ખોટા દસ્તાવેજો બનાવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરતના ખરવાસા ગામે આવેલી આશરે ૨૧ વીઘા વડીલોપાર્જિત જમીનના હકને લઈને વર્ષો જૂનો વિવાદ પોલીસ મથકે પહોંચ્યો છે. ફરિયાદીના માતા અને માસીની સંયુક્ત માલિકીની જમીન પચાવી પાડવાના ઈરાદે ખોટો વહેંચણી કરાર તૈયાર કરી તેમાં બંનેની બનાવટી સહીઓ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ખોટા દસ્તાવેજોના આધારે જમીનના રેકોર્ડમાં નામ ચઢાવવા માટે અરજી કરી ખોટું પેઢીનામું, પંચકયાસ અને અન્ય સરકારી નોંધો તૈયાર કરાવવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ પ્રકરણમાં જમીનના અન્ય સહવારસદારો સહિત દસ્તાવેજોમાં સાક્ષી તરીકે સહી કરનારાઓ અને તત્કાલીન તલાટી કમ મંત્રી સામે પણ આક્ષેપો કરવામાં આવ્યા છે.

ફરિયાદ મુજબ, હાલ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ઉંટિયાદરા ગામે રહેતા ૪૮ વર્ષીય ગિરીશકુમાર નરેન્દ્રસિંહ સોલંકીની માતા ધનુબેન અને માસી ભાવનાબેનની ખરવાસા ગામે આવેલી સંયુક્ત માલિકીની જમીન હતી. આ જમીનમાં બ્લોક નંબર ૧૭૮, જેને વાસુદેવવાળું તરીકે ઓળખવામાં આવે છે, બ્લોક નંબર ૧૬૮, જે ડોસીવાળું તરીકે ઓળખાય છે અને બ્લોક નંબર ૧૪૪, જેને ગોરાટ કાબો તરીકે ઓળખવામાં આવે છે, એમ કુલ આશરે ૨૧ વીઘા જમીનનો સમાવેશ થતો હતો.

આક્ષેપ મુજબ, જમીનના અન્ય સહવારસદારો પ્રવિણસિંહ ગુમાનસિંહ ધુમ, વિક્રમસિંહ ચંદ્રસિંહ ધુમ, રાજેન્દ્રસિંહ ચંદ્રસિંહ ધુમ (મરણ પામેલા), સુરેન્દ્રસિંહ ચંદ્રસિંહ ધુમ અને જશવંતસિંહ ગણપતસિંહ ગોહિલે ભેગા મળીને પહેલી ઓગસ્ટ, ૧૯૯૬ના રોજનો જમીન વહેંચણીનો કરાર તૈયાર કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, આ કરારમાં ધનુબેન અને ભાવનાબેનની ખોટી સહીઓ કરવામાં આવી હતી. કરાર બનાવટી હોવાનું જાણવા છતાં જમુભાઈ ભાણાભાઈ આહીર, બાબુભાઈ ભીખુભાઈ નાયકા અને દૌલતસિંહ ધીરસિંહ ગોહિલે તેમાં સાક્ષી તરીકે સહીઓ કરી હોવાનો પણ આક્ષેપ છે.

ત્યારબાદ ૨૩ જુલાઈ, ૧૯૯૭ના રોજ આ વહેંચણીના કરારના આધારે જમીનના રેકોર્ડમાં નામ દાખલ કરાવવા માટે ખરવાસાના તત્કાલીન તલાટી કમ મંત્રી સમક્ષ ખોટી સહીઓવાળી અરજી કરવામાં આવી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. તત્કાલીન તલાટી કમ મંત્રીએ અન્ય આરોપીઓ સાથે મળીને

અનુસંધાન પાના ૭ પર



નવરાત્રી તહેવારને લઈ સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ એક્શનમાં આવી છે. મોટા મોટા કોમર્શિયલ ગરબાઓમાં પહેલી વખત આરોગ્ય વિભાગની રેડ પડી હતી. કોમર્શિયલ ગરબાઓમાં વેચવામાં આવતા ફૂડ સ્ટોલ પર આરોગ્યની તપાસ હાથ ધરી હતી.કોમર્શિયલ ગરબાઓમાં ખેલૈયાઓને બહારથી કોઈપણ પ્રકારનું ફૂડ લઈ જવા પરમિશન હોતી નથી. આરોગ્ય વિભાગ દ્વારા સાતથી વધુ મોટા કોમર્શિયલ ગરબાઓમાં તપાસ હાથ ધરાઈ છે. ફૂડ સ્ટોલ ધારકોને નોટીસ પાઠવવામાં આવી હતી. સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન કરવા સૂચના અપાઈ હતી. જુદા જુદા ફૂડ સ્ટોલ પરથી આરોગ્ય વિભાગ દ્વારા ફૂડના નમુના લેવાયા હતા. નમુનાને લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. તમામ ગરબા આયોજકોને સ્વાસ્થ્ય ફૂડ અને સ્વચ્છતા માટે સખત સુચના આપવામાં આવી હતી. (તસવીર : પ્રદીપ ગોહિલ)


## પશ્ચિમ રેલવે

**વિવિધ કામો**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર.નં. | ટેન્ડર નોટીસ નં. & તારીખ | કામ અને સ્થળ | રૂ.માં કામની અંદાજિત કિંમત | બારડી ₹ |
|---|---|---|---|---|
| ૧. | BCT /૨૬-૨૭/૧૮૬ તા. ૧૨/૧૦/૨૦૨૬ | ઝોન નં. ૧૪/B: ઉકાઈ - સોનગઢ - જલગાંવ સેક્શનઃ ઉકાઈ સોનગઢ (સિવાય)થી સિંદખેડે (સહિત) વચ્ચે કિ.મિ. ૭૭.૬૦થી કીમી. ૨૧૨.૪૮૨ વચ્ચે ADEN/ નંદુરબારના અધિકાર ક્ષેત્રમાં બ્રિજો માટે જનરલ રિપેર્સ, પેઈન્ટિંગ વગેરે. | ₹ ૬૦,૦૦,૦૦૦.૦૦ | ₹ ૧૨૦૦૦૦.૦૦ |
| ૨. | BCT /૨૬-૨૭/૧૮૭ તા. ૧૨/૧૦/૨૦૨૬ | ઝોન નં. ૧૫/B:- ઉકાઈ - સોનગઢ - જલગાંવ સેક્શનઃ સિંદખેડે (સિવાય) જલગાંવ (સહિત) વચ્ચે કીમી ૨૧૨.૪૮૨થી કીમી ૩૦૧.૪૭૦ વચ્ચે ADEN/ અમલનેરના અધિકાર ક્ષેત્રમાં બ્રિજો માટે જનરલ રિપેર્સ, પેઈન્ટિંગ વગેરે. | ₹ ૬૦,૦૦,૦૦૦.૦૦ | ₹ ૧૨૦૦૦૦.૦૦ |
| ૩. | BCT /૨૬-૨૭/૧૮૮ તા. ૧૨/૧૦/૨૦૨૬ | ઉકાઈ - સોનગઢ - જલગાંવ સેક્શનઃ Sr. DEN/ પૂર્વના અધિકારક્ષેત્રમાં મંજૂર થયેલ ટ્રેક વર્ક સાથેના સંબંધમાં રોબોટિક વેલ્ડિંગ ટેક્નોલોજી ઉપયોગ કરીને CMS ક્રોસિંગની રિકન્ડિશનિંગ. | ₹ ૧,૩૮,૫૬,૫૩૭.૭૪ | ₹ ૨૭૭૧૦૦.૦૦ |

તમામ ઉપરોક્ત ટેન્ડરો માટે, સુપ્રતિની તારીખ & સમયઃ ૦૫.૧૧.૨૦૨૬, ૧૫.૦૦ ક. સુધી... ખોલવાની તારીખ & સમયઃ ૦૫.૧૧.૨૦૨૬ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0703

અમને લાઈક કરો : facebook.com/WesternRly • અમને ફોલો કરો : X.com/WesternRly


# રૂા.૬૨.૭૮ લાખનો ગ્રે માલ ખરીદી વિવર્સ સાથે છેતરપિંડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

સુરતના કાપડ વેપારી પાસેથી લાખો રૂપિયાનો ગ્રે કાપડનો જથ્થો ખરીદ્યા બાદ તેના નાણાં નહીં ચૂકવી વિશ્વાસઘાત કર્યાની ઘટના સામે આવી છે. માંગરોળ તાલુકાના લીંડીયાદ ગામે આવેલી પૂજા ફેબ્રિક્સની જગ્યા સાથે સંકળાયેલા આ પ્રકરણમાં મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝના સંચાલક સહિત ત્રણ વ્યક્તિઓ સામે રૂ. ૬૨.૭૮ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગે ફરિયાદ નોંધાતાં વેપારી આલમમાં ચર્ચા જાગી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના નાના વરાછા વિસ્તારમાં સવજી કોરાટ બ્રિજ નજીક આવેલી ધર્મિષ્ઠા પાર્ક સોસાયટીમાં રહેતા અને કાપડનો વેપાર કરતા હરજીભાઈ સવજીભાઈ ખાંભડીયાએ આ અંગે ફરિયાદ નોંધાવી

અનુસંધાન પાના ૭ પર


## જાહેર નોટિસ

૧. હું, **કોમલ રાજેશગીરી ગોસ્વામી, રાજેશગીરી હરદેવગીરી ગોસ્વામીની પુત્રી**, રહેવાસીઃ ૨૧, અરિહંત પાર્ક સોસાયટી, ગિરનાર સોસાયટીની સામે, અમરોલી, ચોર્યાસી, સુરત, ગુજરાત – ૩૯૪૧૦૭, આથી જાહેર કરું છું કે મારું હાલનું નામ **કોમલ રાજેશગીરી ગોસ્વામી** અને હાલનું નોંધાયેલ લિંગ સ્ત્રી છે. હું મારું નામ બદલીને **કિશન રાજેશગીરી ગોસ્વામી** અને લિંગ બદલીને પુરુષ કરવા ઈચ્છું છું.

૨. હું, **કોમલ રાજેશગીરી ગોસ્વામી**, હવેથી **કિશન રાજેશગીરી ગોસ્વામી, રાજેશગીરી હરદેવગીરી ગોસ્વામીના પુત્ર** તરીકે ઓળખાઈશ.

૩. ઉપરોક્ત નિવેદન મારી જાણ અને માન્યતા મુજબ સાચું અને ખરું છે. આ બાબતમાં કોઈપણ તબક્કે કોઈ કાનૂની પ્રશ્ન ઊભો થાય તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે અને તેમાંથી ઉદ્ભવતા કોઈપણ પરિણામો માટે ભારત સરકારનો પ્રકાશન વિભાગ જવાબદાર રહેશે નહીં.

લિ. કોમલ રાજેશગીરી ગોસ્વામી

**૨૧, અરિહંત પાર્ક સોસાયટી, ગિરનાર સોસાયટીની સામે, અમરોલી, ચોર્યાસી, સુરત, ૩૯૪૧૦૭**